# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર
## ઝડપથી વાંચવા માટે
## આજે જ ડાઉનલોડ કરો
## સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર ‘સાંજ સમાચાર’ ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ ‘‘Hi’’ મેસેજ કરો )

શ્રી કાલાવડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ, શ્રી જય ધર્મ કલ્યાણ નિધિ ટ્રસ્ટ સંચાલિત

# અવધ ખાતે ભવ્ય જયાનંદ ધામ - નવ ગ્રહ જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો


**પૂજ્ય આ.ભ.શ્રી જયશેખરસુરીરજી મહારાજ સાહેબની નિશ્રામાં નવ નવ શિખરોથી શોભિત, નવનિર્મિત ભવ્ય દેરાસરનું નિર્માણ, અંજનશલાકા પ્રતિષ્ઠા કરવામાં આવ્યું**

**'સાંજ સમાચાર'ના તંત્રી શ્રી પ્રદીપભાઈ શાહ, શ્રીમતી પૂર્વીબેન પ્રદીપભાઈ શાહ, અંકુરભાઈ – કરણભાઈની સતત ઉપસ્થિતિ, ધાર્મિક વિધિઓમાં જોડાયા : અવધ વિસ્તારમાં ભૂમિ દાતા પરિવાર શ્રી વેજાભાઈ – કેતનભાઈ તથા સમગ્ર રાવલિયા પરિવારનું જિનાલય નિર્માણ માટે પ્રેરક યોગદાન**

**પૂજ્ય શતાવધની શાસનપ્રભાવક આ.ભ.શ્રી જયાનંદસુરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણા અને શુભાશિષથી સમગ્ર નવગ્રહ જિનાલય સાકાર બન્યું**


શ્રી આદિનાથ દાદાની પ્રતિમા પર અભિષેક કરતા "સાંજ સમાચાર" ના યુવા એડિટર કરણભાઈ શાહ


અંજનશલાકા – પ્રતિષ્ઠા વખતે વિધિ વિધાન કરતા પૂજ્ય ગુરૂદેવ આ.ભ.જયશેખરસુરીશ્વરજી મહારાજ સાહેબ


પૂજ્ય આ.ભ.શ્રી જયશેખરસુરીશ્વરજી મહારાજ સાહેબ


શ્રી વેજાભાઈ તથા કેતનભાઈ રાવ (હોટલ સિઝન્સ)પરિવારનું સન્માન


પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ, મિલનભાઈ શાહ દિલેશભાઈ શાહ, વિપુલભાઈ દોશી અને મહેશભાઈ મણિયાર


'સાંજ સમાચાર'ના તંત્રી પ્રદીપભાઈ શાહ અને યુવા એડિટર કરણભાઈ શાહ પર આશિર્વાદ વરસાવતા પૂજ્ય ગુરૂદેવ






પ્રતિષ્ઠા મહોત્સવ કાર્યક્રમ



## ૧૦,૦૦૦ વાર જમીન પર નવગ્રહ જિનાલય નિર્માણ પામ્યું, હવે સેનેટોરિયમ શ્રમણી ઉપાશ્રય, ભોજન શાળા, ગુરુ કુટીર, શ્રમણોપોષક આરાધના ભવન, જય તળેટી (પાલીતાણા તિર્થસ્વરૂપ) વગેરે તૈયાર થશે

રાજકોટ ,તા.૧૫

શ્રી કાલાવડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ રાજકોટ, શ્રી જયધર્મ કલ્યાણનિધિ ટ્રસ્ટ સંચાલિત કાલાવડ રોડ પાસે આવેલ અવધ વિસ્તારમાં નવ નવ શિખારોથી શોભિત, નવ નિર્મિત શિખરબદ્ધ શ્રી જયાનંદધામ - નવ ગ્રહ જિનાલયનું ભવ્યાતિભવ્ય અંજનશલાકા - પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. સમગ્ર આયોજન પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી જય શેખરસુરીશ્વરજી મહારાજ સાહેબની પુનિત નિશ્રામાં યોજાયો. ભવ્ય જિનાલયનું હાલ નિર્માણ થયું છે પણ આવનાર સમયમાં સેનીટોરિયમ, શ્રમણી ઉપશ્રાય, ગુરુ કુટીર, ભોજન શાળા, શ્રમણપોષક આરાધના ભવન અને જય તળેટીનું (પાલીતાણા મોડેલ) પણ નિર્માણ થશે. આ સમગ્ર પ્રોજેક્ટની પરિકલ્પના પૂજ્ય ગુરુદેવ જય શેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબે કરી હતી.

૩૦ વર્ષ પૂર્વે માદરે વતન એવી ''જેતપુર'ની પુણ્યભૂમિ ઉપર પ્રથમ ચાતુર્માસ નિમિતે પધારનાર પૂ. શતાવધાની શાસનપ્રભાવક આચાર્ય ભગવંત શ્રી જયાનંદસૂરીશ્વજી મહારાજ સાહેબ સહપરિવારના અમ રાજકોટની ભૂમિ ઉપર પુનિત પગલા પથરાયા અને પથ પૂણ્યભૂમિમાં પલ્ટાયો. શિખરોથી શોભાયમાન જિનાલયની વરસો વરસની તરસ તૃપ્તિના ઓડકાર અને આકારમાં અવતરી.

પૂજયશ્રીની પુનિત પ્રેરણાથી પોતાના પૂણ્યવંતા જીવનનું અંતિમ શિખરબદ્ધ જિનાલય-આરાધના ભવન વગેરે સંકુલનું ભૂમિપૂજન-શિલાસ્થાપન વગેરે અદ્‌ભુતતાથી ભરપુર સ્થાનના પગરવ મંડાયા અને પૂજયશ્રીના પરમમાંગલ્ય શુભાશિષ અને કેવલ્યકારી અવિરત કૃપાથી આત્મકલ્યાણના નિધાનરૂપ સ્થાનો નિર્માણ પામ્યા. જે આલિશાન આવાસોને નિહાળતા- નિહાળતા અંતર આનંદ સહ અનુમોદનાથી છલકાઈ રહ્યુ છે તેવું અદ્‌ભુત જિનાલય તથા સંકુલ આકાર પામ્યું છે.

આવી અદ્‌ભુત અનુમોદનાની એક અનેરી-સોનેરી પળ ભકિત-વાત્સલ્ય અને ઔદાર્યથી તરબતર એવા રાવલીયા પરિવારના પરમપૂણ્યવંતા - સહજાનંદી દેવ- ગુરુ- ધર્મની શ્રદ્ધાથી સભર સ્વ.શ્રી સાકરબેન, આગવી સુઝ-બુઝના સ્વામિ નેક નિષ્ઠાથી નીતરતા એવા શ્રી વેજાભાઈ, ઔદાર્ય ના અવતાર સ્વરૂપ સુપુત્ર શ્રી કેતનભાઈ નમ્રતાની નખશિખ મૂર્તિરૂપ પુત્રવધુ શ્રી નમ્રતાબેન અને પુણ્યભૂમિનું ભાથુ લઈને આવેલા સપુત્રી શ્રી ભૂમિબેન સચીનભાઈ અકલ્પનિય સ્વપનની દુનિયામાં રમતા ભાવીના રખેવાળા કુ. સાનવી, કુ. જસ્વી, કુ. નિહારીકા, ચિ. વિવાન, કુ. આલીશા વગેરેના અંતરમાં અંકીત બની અને પોતાની ભગીરથી રૂપ ભૂમિ ઉપર શુદ્ધિ - સમૃદ્ધિ ની વૃદ્ધિ કરાવી શાશ્વતધામનું સ્થાન અપાવે એવું સ્થાન નિર્માણ પામે એવા ભાવો અંતરમાં ઉછળવા લાગ્યા. પૂજ્યશ્રી ગુરુદેવ તેમજ શ્રી કાલાવડ રોડ શ્વે.મૂર્તિ. તપ. સંઘના શ્રી દેવ-ગુરૂને સંપૂર્ણ સમર્પિત આગેવાનો પાસે પૂણ્યવાન રાવલીયા પરિવારે પોતાના ભાવો પ્રદર્શિત કર્યા અને આનંદ પુર્વક તેમજ ઉછળતા અદ્‌ભુત ભાવો સાથે પોતાની વિરાટ ભૂમિ શ્રી સંઘ-ટ્રસ્ટને સમર્પિત કરી.

એજ આહ્લાદકારી આત્માની અદકેરી આભાને અજવાળનાર ભૂમિ નિહાળતા અનેક આત્માઓના અંતરમાં અદ્‌ભુત ભાવો પ્રગટ થયા કે પૂર્વના પૂણ્યયોગે પ્રાપ્ત થયેલ સંપતિને આજ સ્થાનમાં વાવીએ અને સ્થાયી સુકૃતના સૌભાગ્યશાળી બનીએ, ભાગ્યવાન ભૂમિદાતા પરિવાર તેમજ મહાપૂણ્યવાન ધર્મ શ્રધ્ધાળું એવા જુદા જુદા આઠ પરિવારોએ નવ-નવ શિખરોથી શોભતા જિનાલય માટે લાભ લેવાની અંતરની આરઝુ - ઈચ્છા વ્યકત કરી અને કૈવલ્યકારી પૂણ્ય નિધાન સ્વરૂપ નવ-નવ ઉતુંગ શિખરોથી યુકત મહાજિનાલય માટેના આદેશો અપાયા.

સહદથી શ્રી સંઘના આગેવાનો તેમજ શ્રી સંઘના એક એક ભાવિકોના અંતરમાં અકલ્પનિય ભાવો પ્રગટ થયા, કે આપણા શ્રી સંઘના અનંતાનંત પરમોપકારી પૂજ્યપાદ્ શતાવધાની આચાર્ય ભગવંત શ્રી જયાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબની પુનિત સ્મૃતિ સદાકાળ સૌના અંતરમાં પ્રેરણાથી બને એ જ ભાવો સહુએ વ્યક્ત કર્યા અને ''જયાનંદધામ આરાધના સંકુલના કાર્યો પગરણ મંડાયા, નવ નવ ઇંચ શીખરોથી મંડિત મહાજિનાલયના પરમ પુણ્યવાન લાભાર્થી પરિવાર દ્વારા વિશાલ જન સમુદાયની ઉપસ્થિતિમાં ભૂમિપૂજન શીલાસ્થાપના થઈ અને એ મહાજિનાલયનું વિષય પૂર્ણતાના પગથારે આવી ગયું છે.

પૂ. ગુરુદેવે ચાતુર્માસ માટેની વિનંતિ સ્વીકારી અને પુનઃ શત્રુંજય સ્વરૂપ'' શ્રી આદિનાથ દાના પ્રાંગણમાં શિખરોથી સુશોભિત મંદિરોની હારમાળા રૂપ મંદિરોમાં દાદાના ગણધર શ્રી પુંડરિક સ્વામિ અનંત લબ્ધિ નિધાન શ્રી ગૌતમ સ્વામિ, પૂ. પરમોપકારી ગુરુદેવ તેમજ શાસનના પ્રભાવ સંપન અધિષ્ઠાયક દેવ દેવીના મંદિરોન ભમિપૂજન શીલાસ્થાપના- પ્રતિમાં ભરાવવાના તેમજ શ્રાવક- શ્રાવિકા આરાધના ભવન, ભોજન શાળા, સેનેટોરિયમ, ગુરુકુટીર વગેરેના ભૂમિપૂજન શીલાસ્થાપનાના આદેશો અપાયા એ અવસર પણ અનેરા આનંદ ઉજવાયો હતો.

યુગાવતાર મહાજિનાલયના મુલનાયક શ્રી આદિનાથ દાદા તેમજ અન્ય આઠ શિખરોની વિરાટ આઠ પ્રતિમા નિહાળતા બધાના અંતરમાં એક જ અવાજ- શબ્દો ગુંજવા લાગ્યો છે. સમગ્ર રાજકોટની આન બાન શાન રૂપ ગરિમા વધારનાર પાલીતાણા સ્વરૂપ શ્રી શત્રુંજય તીર્થરૂપ આ સ્થાન થાય તો ભાવિકો ભકિત દ્વારા અક્ષય પુણ્યાનું બંધી પુણ્ય ઉપાર્જન કરી શકે અને અનેકાનેક નિકાચિત કર્મોની નિર્જરા કરી આત્માને નિર્મળ બનાવી શકે, ભાવિકોના ભાવોને સાકાર કરવા પૂજ્ય ગુરુદેવ તેમજ સમાજના આગેવાનોએ પ્રયત્નો થકી સાકાર બન્યું છે. આ ભૂમિ પર શ્રી શત્રુંજય તીર્થસ્વરૂપ શ્રી શત્રુંજય તીર્થની જ વિરાટ શિલાઓ દ્વારા જય તળેટી અને શ્રી શાંતિનાથ દાદાનું જિનાલય પણ નિર્માણ પામશે.

અંજનશલાકા-પ્રતિષ્ઠાના સંપુર્ણ વિધિવિધાનો પંડિતવર્ય ભકિતસંપન્ન શ્રી રાજુભાઈ મુજપુરા તેમજ પરમતારક પરમાત્માના પાંચે-પાંચ કલ્યાણકો, પૂજા-પૂજન વગેરેમા ખ્યાતનામ દેવ-ગુરુ સમર્પિત શ્રધ્ધાવાન સૂર સંગીત સમ્રાટ શ્રી અશોકભાઈ ગેમાવત, શ્રી વિનીતભાઈ ગેમાવત, શ્રી સુમીતભાઈ ગેમાવત પરિવાર પ્રભુભકિતમાં ઓતપ્રોત બનાવી ભકિત કરી હતી.

આ મહોત્સવમાં 'સાંજ સમાચાર' ના તંત્રી શ્રી પ્રદીપભાઈ શાહ, શ્રીમતી પૂર્વીબેન શાહ, અંકુરભાઈ તથા કરણભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા અને સંઘ દ્વારા તેમનું યોગદાન બદલ બહુમાન કરાયું હતું. આ ઉપરાંત સંઘના વિપુલભાઈ દોશી, મહેશભાઈ મણિયાર, નીરમલભાઈ શાહ, દિલેશભાઈ શાહ, મિલનભાઈ શાહ, નીરવભાઈ શાહ સહિત અનેક આગેવાનો - કાર્યકરોની ટીમ દ્વારા આયોજન સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી હતી. મહોત્સવ તારીખ ૧ થી ૧૦ ફેબ્રુઆરીના રોજ યોજાયો હતો.

### યોગદાન આપનાર અગ્રણીઓ :

**પ્રદીપભાઈ તથા પૂર્વીબેન શાહ (સાંજ સમાચાર પરિવાર), વેજાભાઈ – કેતનભાઈ રાવલીયા પરિવાર, હિતેશભાઈ ચંપકલાલ શાહ તથા જૈનમ હિતેશ શાહ પરિવાર, કાશીબેન અમૃતલાલ શાહ – જ્યોતિબેન પ્રદીપભાઈ શાહ, સમીર શાહ તથા પરિવાર, લિલાવંતીબેન વસંતલાલ શાહ (મોટાણી) પ્રદીપભાઈ – જે.વી.શાહ પરિવાર, પ્રીતિબેન જીતેન્દ્રભાઈ ટોલિયા (અમેરિકા) પરિવાર, મંજુલાબેન વિનુભાઈ શાહ તથા બ્રિંદાબેન હિતેશભાઈ શાહ પરિવાર, હર્ષાબેન જયેશભાઈ શાહ પરિવાર, નિર્મલાબેન જટાશંકર પારેખ (ગોંડલ – મુંબઈ), કાંતાબેન કામદાર પરિવાર, સીમાબેન પાટડિયા પરિવાર, મિલનભાઈ શાહ (ઉષા મેટલ વર્કસ) પરિવાર, એડવોકેટ દિલેશભાઈ તથા જે.એમ.શાહ પરિવાર, નીતાબેન અશ્વિનભાઈ શાહ (બનારસવાળા) પરિવાર, પ્રફુલભાઈ ધામી પરિવાર, શીલાબેન વિક્રમભાઈ જસાણી પરિવાર, ગુણવંતીબેન ભગવાનદાસ શાહ પરિવાર (વલ્લભીપુરવાળા), સુશીલાબેન રમણીકલાલ શાહ પરિવાર, અનિલભાઈ – સંદીપભાઈ – તુષારભાઈ જસાણી પરિવાર, કપિલભાઈ જસાણી પરિવાર, સોનાલીબેન પિયુષભાઈ શેઠ પરિવાર સહિતના અગ્રણીઓએ મહત્વનું યોગદાન આપ્યું હતું.**



પૂજ્ય ગુરુદેવ જયશેખરસુરીશ્વરજી મહારાજ સાહેબ સાથેનો આધ્યાત્મિક સંવાદ જુઓ યુટયુબ Karann shah show ચેનલ પર....

# ત્રણ યુવાનને પોલીસ લોકઅપમાં માર મારવાના બનાવમાં પીએસઆઇ વાઢિયા સહિત બે સામે ગુનો નોંધવા હુકમ

## વર્ષ ૨૦૧૯ની ઘટના : રાત્રીના સમયે યુવાનોને પોલીસ મથકે લઈ જઈ લાકડી અને પટ્ટાથી માર માર્યો હોવાની ફરિયાદ જજ સમક્ષ થઈ હતી

રાજકોટ, તા.૧૫

પડધરીમાં રહેતા માવજીભાઈ જેમલભાઈ ગોહિલ, મુકેશભાઈ રણજીતભાઈ ગોહિલ તથા ઉમેદભાઈ રામજીભાઈ ડોડીયાને પડધરી પોલીસના તત્કાલીન પી.એસ.આઈ. જે.વી. વાઢીયા તથા અન્ય પોલીસ કર્મચારીઓએ તા.૯-૧૧-૧૯ ના રોજ રાત્રે લોકઅપમાં લાકડી અને પટ્ટાથી માર મારેલ હતો. જેની ઈન્કવાયરી મંજુર કરી પી.એસ.આઈ. જે.વી.વાઢીયા તથા કોન્સ્ટેબલ પુષ્પરાજસિંહ બલવંતસિંહ રાણા સામે ફરીયાદ રજીસ્ટરે લેવાનો પડધરી કોર્ટે હુકમ કર્યો છે. આ કેસની વિગત એવી છે કે આ ફરીયાદી ગઈ તા.૯-૧૧-૧૯ ના રોજ રાત્રે તેઓને કોઈ ગુનામાં પડધરી પોલીસ સ્ટેશને લઈ ગયેલ હતા. જયાં પી.એસ.આઈ. વાઢીયા તથા અન્ય ચાર-પાંચ પોલીસવાળાઓ તેઓને પટ્ટાથી અને પ્લાસ્ટીકની લાકડીથી માર મારેલ હતો. તેવી જ રીતે સાહેદ મુકેશભાઈ રણજીતભાઈ ગોહિલને પણ તે જ દિવસે રાત્રે બારેક વાગ્યે પોલીસ ઘરેથી લઈ ગયેલ હતી. તેઓને પણ પી.એસ.આઈ. વાઢીયા તથા તેની સાથેના પોલીસ કર્મચારીઓએ લાકડી અને પટ્ટાથી માર મારેલ હતો. જેથી તેઓને શરીરના પગના બંને પંજા ઉપર અને હાથના પંજા ઉપર ઈજા થયેલ હતી. અને પોલીસ કોન્સ્ટેબલ પુષ્પરાજસિંહે ધમકી આપેલ કે, તારા હાથપગ ભાંગી નાખવાના છે. તેવી જ રીતે સાહેદ ઉમેદ રામજીભાઈ ડોડીયાને પણ પડધરી પોલીસ ઘરેથી લઈ ગયેલ હતી. તેઓને પણ માર મારેલ હતો. જેની ફરીયાદ તેઓએ કોર્ટ રૂબરૂ આપેલ હતી. ત્યારબાદ આ ઈન્કવાયરીમાં ફરીયાદી તરફે જરૂરી સાહેદો તપાસવામાં આવેલ હતા. જરૂરી દસ્તાવેજો પણ રજુ કરવામાં આવેલ હતા.


ફરીયાદી તરફે દલીલ થયેલ હતી કે, આરોપીઓએ તેઓની કસ્ટડીમાં ગેરકાયદેસર રીતે માર મારેલાનું પ્રાથમીક દષ્ટીએ જણાય આવે છે. અને સાહેદોના પુરાવાથી તેઓને સમર્થન મળે છે. આમ સમગ્ર પુરાવો તથા દલીલ ધ્યાને લઈ પડધરીના મહે.જયુડી.મેજી.ફ.ક. ઈન્કવાયરી મંજુર કરી તાત્કાલીક પી.એસ.આઈ. જે.વી.વાઢીયા, પોલીસ કોન્સ્ટેબલ પુષ્પરાજસિંહ બલવંતસિંહ રાણા સામે ફરીયાદ રજીસ્ટરે લેવાનો હુકમ કરેલ હતો. આ કેસમાં ફરીયાદી તરફે રાજકોટના એડવોકેટ જીતેન્દ્રસિંહ વી. પરમાર, ચિરાગભાઈ મેતા, રાજેન્દ્રસિંહ પરમાર, વિજયભાઈ જોષી, સચીનભાઈ સોલંકી, ઈકબાલભાઈ થૈયમ, એસ.એમ. ડાભી રોકાયેલ હતા.

### જૈન સમાજના દાનવીર, વૈયાવચ્ચરત્ન, ધર્માનુરાગી જૈન અગ્રણી

# જીતેન્દ્રભાઇ દોશી અરિહંતશરણ પામતા સોમવારે ઉઠમણું-પ્રાર્થનાસભા

રાજકોટ, તા. ૧૫

જૈન અગ્રણી દાનવીર, જીતેન્દ્રભાઇ જેઠાલાલ દોશીનું તા. ૧૩મીના ગુરૂવારે અરિહંત શરણ પામતા સમસ્ત જૈન સમાજના ઘેરો શોક છવાયો છે. સદગતનું ઉઠમણું તા. ૧૭ના સોમવારે સવારે ૧૦ વાગે તથા સવારે ૧૦.૩૦ કલાકે પ્રાર્થનાસભા, નુતનનગર સોસાયટી હોલ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.



જીતેન્દ્રભાઇની સમાજમાં જીતુભાઇ તરીકે એક આગવી ઓળખ છે. હંમેશા સાધુ મહારાજ સાધ્વીજીઓની વૈયાવચ્ચ, જીવદયા, સાધર્મિક ભાઇઓની સેવા, જરૂરીયાતમંદ લોકોની સેવા, નવા અને જુના દેરાસરમાં અનેકગણો સહયોગ જેવા અનેક કાર્યો કરવા તે હંમેશા અગ્રેસર રહેતા હતા. કાલાવડ રોડ ઉપર આવેલ પારસધામ દેરાસર-વિમલનાથ દેરાસર, કૃષ્ણનગર દેરાસર જેવા રાજકોટ અને બહારગામના અનેક દેરાસર-ઉપાશ્રયમાં જીતુભાઇ દોશી, તેમના પુત્રો આશિતભાઇ અને કુશાંગભાઇ તથા દોશી પરિવારસહ હંમેશા અગ્રેસર રહ્યા છે.

રાજકોટમાં ફાઉન્ડ્રી ઉદ્યોગ દેશ-વિદેશ ખુબ જ આગળ છે. તેમાં આજથી ૫૪ વર્ષ પહેલા જીતુભાઇએ ફાઉન્ડ્રી ઉદ્યોગને ધ્યાનમાં રાખીને વેસ્ટર્ન મિનરલ્સ નામની પેઢીની સ્થાપના કરી. તેમના સિધ્ધાંતો તેમની દીર્ઘદ્રષ્ટિ અને નવા ઉદ્યોગને હંમેશા પ્રોત્સાહન આપવું અને કોઇપણ ગ્રાહકને કંઇપણ નુકસાન ના થાય તેમજ ઉદ્યોગને પડતી તકલીફને દુર કરવાના સ્વભાવથી આજ વેસ્ટર્ન મિનરલ્સ દેશ અને વિદેશમાં પણ બહુ પ્રખ્યાત થયેલ છે. તેમના આ સ્વાભાવની પ્રેરણા લઇને તેમના બંને દીકરા આશિતભાઇ અને કુશાંગભાઇ પણ સમાજમાં એક આગવું સ્થાન ધરાવે છે. કુશાંગભાઇ હાલ જેએસજી રાજકોટ યુવાના સેક્રેટરી ગ્રેટર ચેમ્બરના કારોબારી તથા રાંકા માકા દોશી પરિવારના ટ્રસ્ટી પણ છે.

સ્વ. જીતુભાઇનો સ્વભાવ એટલો બધો નિખાલસ અને સરળ હતો કે દરેક એ દરેક સગા સંબંધી મિત્રો કે કોઇ પણ જાણીતા વ્યકિતની સાથે તેઓ પર્સનલ ટચ રાખવો તે તેમનો સિધ્ધાંત હતો.

જીતુભાઇ દોશી સ્વ. જેઠાલાલ અંબાવીદાસ દોશીના પુત્ર તથા પારસધામ જૈન દેરાસર, વિમલનાથ જૈન દેરાસર, રાંકા માકા દોશી પરિવાર વગેરેના અત્યંત સહજ અને સરળ સ્વભાવી ટ્રસ્ટી હતા. જીતુભાઇ દોશી પ.પૂ.આચાર્ય ભગવંત જયશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ-આદરણીય ગુરૂણી પૂ. કીર્તિપ્રભાજી મહારાજના અનન્ય ભકત હતા. રાજકોટ અને બહારગામના અનેક જિનાલય-ઉપાશ્રયના દરેક એ દરેક સાધુ સંતોના લાડલા સેવક હતા. જૈન સમાજના મોટા ભાગના સાધુ સંતો હંમેશા જીતુભાઇને યાદ કરતા હતા. તેઓએ તેમનું આખુ જીવન હંમેશા દરેકએ દરેક સાધુ સંતોનો વૈયાવચ્ચમાં અર્પણ કરેલ હતું.

તેઓ તેમના પરિવારના આશિતભાઇ, કુશાંગભાઇ, ડિમ્પલબેન, દર્શનાબેન અલ્પાબેન, અલ્પેશભાઇ તેમજ યશ, દેવાંગ, પ્રીત, જેનીલ, ભ્રુવી, પાર્થ, પલક વગેરેને વિલાપ કરતા છોડી ગયેલ છે.

### નવાગામ બામણબોરના પરિવાર સાથે મારામારી કર્યાના ગુનામાં નિર્દોષ છુટકારો

રાજકોટ, તા.૧૫

નવાગામ બામણબોર ખાતે રહેતા ખેતમજૂર ગોરધનભાઈ તેજાભાઈ બાવળીયા, માતા હેમીબેન તથા તેમના પિતા તેજાભાઈ તેમ બધાએ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે તેમના ભાઈ ભવાનભાઈ વિરુદ્ધ એક અરજી કરેલ હોય તે બાબતે ફરિયાદીના માતા હેમીબેનનું નિવેદન લખાવી એરપોર્ટ પોલીસ ખાતે ગયેલા હતા.

ઘરે પરત ફરતા હતા ત્યારે મોટાભાઈ ભવાનભાઈ તથા તેનો દીકરો રોહિત તથા રસિક તથા ભાભી જયાબેન એમ બધા રસ્તામાં સામા મળ્યા હતા, તેમાં ભવાનભાઈ સહિતના આરોપીઓએ ગોરધનભાઈ તેમજ તેમના માતા પિતા ઉપર ગાળા ગાળી, મારામારી, ઝપાઝપી કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યા અંગે ફરીયાદ હીરાસર એરપોર્ટ પોલીસ સ્ટેશને નોંધાવતા, પોલીસ દ્વારા બંને આરોપીઓ ભવાનભાઈ અને રોહિતની અટક કરવામાં આવેલ હતી. તેઓ વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ હતું. આ કેસ ચાલવા ઉપર આવતા બચાવ પક્ષના વકીલની રજૂઆતો જેવી કે રજૂ થયેલા દસ્તાવેજો જોતા ફરીયાદી તથા સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય તેમજ જાહેર જગ્યા ઉપરનો બનાવ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લેવામાં આવેલા નથી તેવી રજૂઆતો દલીલો ધ્યાને લઈ એડિશનલ સિવિલ જજે પુરાવાના અભાવે આરોપી પિતા પુત્રને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવેલ છે. આ કેસમાં આરોપી વતી એડવોકેટ રણજીતભાઈ એમ. પટગીર, સાહિસ્તાબેન એસ.ખોખર, પ્રહલાદસિંહ બી. ઝાલા તેમજ મીતેશ એચ. ચાનપુરા રોકાયા હતા.

# તે મારું નાક કપાવ્યું, હું તારું કાપીશ, કહીં પત્નીને છરીના ઘા મારી પતિએ હત્યા નિપજાવી



મૃતક મનીષાબેનનો તેના પતિ સાથેનો ફાઈલ ફોટો, તેમજ રાજકોટ હોસ્પિટલ ખાતે દોડી આવેલા મૃતકના સગા સંબંધી, પરિવારજનો, નિવેદન નોંધતી પોલીસ નજરે પડે છે. (તસવીર : પંકજ શીશાંગીયા)

### ગોંડલ સરકારી હોસ્પિટલ સામે માતાજીનો માંડવો ચાલતો હતો ત્યાં ખૂની ખેલ ખેલાયો : મૃતક મનિષાબેનને પંદરેક દિવસ પહેલા પતિ દિનેશ ડાભી સાથે ઝઘડો થતા દૂરના માસીયાઈ ભાઈ સાથે અમદાવાદ જતી રહી હતી

રાજકોટ, તા.૧૫

ગોંડલમાં ગઈકાલે મોડી રાત્રે ખૂની ખેલ ખેલાયો હતો. જેમાં પતિના હાથે પત્નીની હત્યા થઈ છે. તે મારું નાક કપાવ્યું, હું તારું કાપીશ, તેમ કહીં પત્નીને છરીના ઘા મારી પતિએ હત્યા નીપજાવી હતી. ગોંડલ સરકારી હોસ્પિટલ સામે માતાજીનો માંડવો ચાલતો હતો ત્યાં ખૂની ખેલ ખેલાયો હતો. મૃતક મનિષાબેનને પંદરેક દિવસ પહેલા પતિ દિનેશ ડાભી સાથે ઝઘડો થતા દૂરના માસીયાઈ ભાઈ સાથે અમદાવાદ જતી રહી હતી. બે ત્રણ દિવસ પહેલા મનિષાએ જ દિનેશને ફોન કરી તેડી જવા કહેલું. તેની પત્નીએ માસીયાઈ ભાઈ સાથે જઈ સમાજમાં નાક કપાવ્યું તેમ દિનેશ માનતો હતો. જેથી છરીના ઘા મારી ફરાર થઈ ગયો હતો.

### બે ત્રણ દિવસ પહેલા મનિષાએ જ દિનેશને ફોન કરી તેડી જવા કહેલું, તેની પત્નીએ માસીયાઈ ભાઈ સાથે જઈ સમાજમાં નાક કપાવ્યું તેમ દિનેશ માનતો હતો

આ અંગે પોલીસ સૂત્રો અને મૃતકના પરિવારજનો પાસેથી મળેલી વિગત મુજબ, મનિષાબેન દિનેશ ડાભી(ઉં. વ. ૨૪, રહે. વોરા કોટડા રોડ, પંચપીરની દરગાહ પાસે, ગોંડલ)ને ગઈકાલે મોડી રાત્રે લોહી લુહાણ હાલતમાં ગોંડલ સરકારી દવાખાને ખસેડાયા હતા. જ્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરાયા હતા. જ્યાં સારવારમાં મનિષાબેનનું મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતા ગોંડલ સિટી પોલીસ મથકના પીઆઇ ડામોર અને તેમની ટીમ દોડી ગઈ હતી. પુછપરછ કરતા જાણવા મળેલ કે, ખુદ મનિષાબેનના પતિ દિનેશે છરીના ઘા માર્યા હતા અને પછી ફરાર થઈ ગયો હતો. આ તરફ મૃતકના ભાઈ અને અન્ય પરિવારજનો પાસેથી જાણવા મળેલ કે, પાંચેક વર્ષ પહેલા ભંગારની ફેરી કરતા દિનેશ સાથે મનિષાએ પ્રેમ લગ્ન કર્યા હતા. લગ્ન જીવનથી એક દીકરો અને એક દીકરી એમ બે સંતાનની પ્રાપ્તિ થઈ હતી. છેલ્લા કેટલાં દિવસોથી પતિ દિનેશ શંકા કરી પત્ની સાથે ઝઘડો કરતો. એ દરમ્યાન પંદરેક દિવસ પહેલા બંને વચ્ચે મોટા પાસે ઝઘડો થયેલો. જેથી કંટાળી મનિષા તેના દૂરના માસીયાઈ ભાઈ સાથે સંતાનોને લઈ અમદાવાદ જતી રહી હતી. બે - ત્રણ દિવસ બાદ મનિષાએ જ ફોન કરી તેડી જવા દિનેશને કહ્યું હતું. દિનેશ તેની પત્નીને ગોંડલ ઘરે લાવ્યો હતો. દરમ્યાન ગઈકાલે રાત્રે ગોંડલ સરકારી હોસ્પિટલ સામે ખાડા વિસ્તારમાં માતાજીનો માંડવો હતો. જ્યાં દિનેશ અને મનિષા સંતાનો સાથે ગયા હતા. તેમના અન્ય પરિવારજનો પણ ત્યાં હાજર હતા. મનિષા માસીયાઈ ભાઈ સાથે જતી રહી હતી તે વાત ઉખડતા ફરી બંને પતિ પત્ની ઝઘડી પડ્યા હતા. તે સમયે છરી કાઢી દિનેશે કહ્યું કે, તારા માસીયાઈ ભાઈ સાથે જઈ તે સમાજમાં મારું નાક કપાવ્યું છે. હવે હું તારું નાક કાપીશ. છરી જો મનિષા ભાગવા જતા દિનશે મનિષાના વાસામાં છરીના ઉપરાછાપરી પાંચેક ઘા ઝીંકી દીધા હતા અને ત્યાંથી ભાગી ગયો હતો.

### મોડી રાત્રે ૨ વાગ્યે બનાવ બનતા પ્રથમ ગોંડલ બાદ ૨૪ વર્ષીય મનિષાને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા દમ તોડી દીધો : બે સંતાન માતા વિહોણા થયા

પીઆઇ ડામોર અને તેમની ટીમે દિનેશ જીતુ ડાભી સામે હત્યાનો ગુનો દાખલ કરી તેની શોધખોળ હાથ ધરી છે.

# દિવાળીએ ઘરની સાફ સફાઈ માટે આવેલા મજૂરોએ ચોરી કર્યાના ગુનામાં આરોપીઓ જામીન મુક્ત

રાજકોટ, તા.૧૫

સાધુવાસવાણી રોડ ઉપર આવેલ કોપરસ્ટોન એપાર્ટમેન્ટમાં રહેતા ફરિયાદી હર્ષભાઈ પ્રદ્યુમનભાઈ ભીલાના ઘરની દિવાળીની સાફ સફાઈ કરવા માટે પ્રભુલાલ મીણા, બંસીલાલ મીણા, કાનુરામ મીણા અને ગોપાલ મીણા આવ્યા હતા. જે ચારેય રાજસ્થાની શખ્સોએ રૂ.૧૨.૬૩ લાખની ચોરી કર્યાની મકાન માલિક હર્ષભાઈ ભીલાએ યુનિવર્સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે આરોપીઓની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા. આરોપીઓએ જામીન મુક્ત થવા ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીઓના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ ન્યાયાલયના ચુકાદાઓ ધ્યાને લઈ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટે ચારેય આરોપીઓને જામીન પર મુકત કરવા હુકમ ફરમાવ્યો છે. આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ અનિલ આર. પણસારા, તૃપ્તિ અનીલ પણસારા રોકાયા હતા.



અનિલ પરસાણા
એડવોકેટ

# પંકજ દોંગાની નોટરી એડવોકેટ તરીકે નિમણુંક



ભારત સરકાર દ્વારા તાજેતરમાં વકીલોની નોટરી તરીકેની નિમણુંક આપવામાં આવી છે. ત્યારે રાજકોટનાં ખ્યાતનામ યુવા એડવોકેટ અને રાજકોટ બાર એસોસીએશનમાં હાલ ખજાનચી તરીકે બહુમતીથી વિજેતા બનેલા તેમજ ભાજપ લીગલ સેલના વિધાનસભા - ૭૦ માં ઈન્ચાર્જ તરીકે સેવા બજાવતા પંકજ આર. દોંગાની નોટરી એડવોકેટ તરીકે નિમણુંક થયેલ છે. પંકજ દોંગા રેવન્યુ અને ફોજદારી ક્ષેત્રે પ્રેકટીસ કરે છે. આ તકે તેમના મો. ૯૪૨૬૨ ૪૭૪૮૦ ઉપર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.


## પાંચમી વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી



### સ્વ. સાહિલ વિનુભાઈ લાખાણી

સ્વ. તા. ૧૫/૦૨/૨૦૨૦, શનિવાર (ઉ.વ. ૧૫)
મોટાદુધીવદર, તા.જામકંડોરણા

સાગરને શું લાગી તરસ કે છીનવી લીધો અમારા પરમ સ્નેહી તમારા નામની આગળ સ્વ.લખતા પેન ઉપડતી નથી. ઉદય તેનો અસ્ત જરૂર છે. પરંતુ અકાળે અસ્ત થવું તે વસમું છે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિર શાન્તી આપે તેજ પ્રાર્થના.

લી.

❖ રોયલ સાયન્સ સ્કુલ ❖ રોયલ ગર્લ્સ સ્કુલ
❖ રોયલ ઈન્ટરનેશનલ સ્કુલ

- રાજેશભાઈ પેથાણી (મેનેજીંગ ટ્રસ્ટી)
- રસિકભાઈ સખરેલીયા (ટ્રસ્ટી)
- પ્રવિણભાઈ લાખાણી (ટ્રસ્ટી)
- પરેશભાઈ માવાણી (ટ્રસ્ટી)
- રજનીભાઈ રૂપાપરા (ટ્રસ્ટી)
- નિલેશભાઈ અંટાળા (પ્રિન્સીપાલ)
- જે.પી.ભાલાળા (ટ્રસ્ટી)
- ગોપાલભાઈ ચભાડ (પ્રિન્સીપાલ)

ટ્રસ્ટીગણ તથા શિક્ષકગણ તથા સ્ટાફ પરિવાર

સાગર સોલંકી - ધોરાજી - ૯૦૩૩૪ ૫૩૩૦૪


## અવસાન નોંધ

**જામ ખંભાળિયા :** ગં.સ્વ. કુસુમબેન રતિલાલ તન્ના (ઉ.વ. ૮૦) તે રાજુભાઈ (જલારામ જનરલ સ્ટોર્સ), સચિનભાઈ (તન્ના કોમ્પ્યુટર્સ) તેમજ મિતાબેન લીલાધર પોપટ ના માતુશ્રી તથા દર્શિત ના દાદીમા તા. ૧૪ મી ના રોજ અવસાન પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તથા પિયરપક્ષની સાદડી શનિવાર તા. ૧૫ મી ના રોજ સાંજે ૫ થી ૫:૩૦ અત્રે શ્રી જલારામ મંદિર ખાતે રાખવામાં આવેલ છે.

**જામ ખંભાળિયા:** નિવૃત્ત પી.એસ.આઈ. સ્વ. નવલસિંહ જેસંગજી ચૌહાણના ધર્મપત્ની ગં.સ્વ. તખતબા નવલસિંહ ચૌહાણ (ઉ.વ. ૭૫) તે સ્વ. પ્રફુલસિંહ, અશ્વિનસિંહ, ધીરેન્દ્રસિંહ, કૃષ્ણસિંહ અને પૃથ્વીરાજસિંહના માતુશ્રી તેમજ સ્વ. રંજનબા, અંજનાબા, રેખાબા, રાજેશ્રીબા અને રીટાબાના સાસુમાં તારીખ ૧૪ ના રોજ અવસાન પામ્યા છે. તેમનું ઉઠમણું શનિવાર તારીખ ૧૫ ના રોજ સાંજે ૪:૩૦ થી ૫ સુખનાથ મહાદેવ મંદિર, પોરબંદર રોડ, ખંભાળિયા ખાતે રાખવામાં આવેલ છે.

**રાજકોટ:** દેરડીકુંભાજી નિવાસી હાલ રાજકોટ સ્વ. અમૃતલાલ કરશનભાઈ શાહના પુત્ર અનંતરાય અમૃતલાલ શાહ (ઉ.૭૬) તે સ્વ. મીનાબેનના પતિ, સ્વ. ફાલ્ગુની, ચેતન, ધર્મેન્દ્ર, હિતેષના પિતાશ્રી, વિમલ, પલ્લવી, દેવાંગી, કાજલના સસરા, સ્વ. વિનુભાઈ, જયોતિન્દ્રભાઈ, વિજયભાઈના મોટાભાઈ, સ્વ. મોહનલાલ કલ્યાણજીભાઈ દોશીના જમાઈ તા.૧૪ને શુક્રવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

**રાજકોટ:** ઔદિચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ જ્ઞાતિના ગં.સ્વ. રંજનબેન શરદચંદ્ર વ્યાસ (ઉ.૮૩) તે શરદચંદ્ર જી. વ્યાસના ધર્મપત્ની તથા જગદીશભાઈ વ્યાસ, સ્વ. ચંદ્રકાંતભાઈ વ્યાસના ભાભી તેમજ સ્વ. દિપકભાઈ શરદચંદ્ર વ્યાસના માતા તેમજ સ્વ. મહેન્દ્રભાઈ હરીલાલ જોશી તથા સ્વ. પ્રવીણચંદ્ર હરીલાલ જોશી તથા વિનેશભાઈ હરીલાલ જોશીના મોટા બહેન તથા અંજુબેન પ્રજ્ઞેશભાઈ જોશી, આશાબેન અશ્વિનભાઈ પુંજાણી, બીનાબેન હરેશભાઈ ભુટક અને જયશ્રીબેન રાજેશભાઈ જોશીના માતુશ્રી તેમજ કાલબેન દીપકભાઈ વ્યાસના સાસુ તથા દર્પિતના દાદીમાનું તા.૧૪ના અવસાન થયુ છે. બેસણું બન્નેનું તા.૧૭ને સોમવારના સાંજે ૫થી ૬ શ્રી ભીડભંજન મહાદેવ મંદિર દાણાપીઠ પાસે, પરાબજાર રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** દશા મોઢ માંડલિયા વણિક પાલીતાણા નિવાસી હાલ રાજકોટ ગં.સ્વ. પુષ્પાબેન શાંતિલાલ પારેખ (ઉં.વ.૮૫) તે જયેન્દ્રભાઈ, નયનાબેન, જીતેન્દ્રભાઈ, ગીતાબેનના માતૃશ્રી તથા બ્રિજેશભાઈ, રિદ્ધિબેન કશ્યપભાઈ પટેલ, ભાવિકાબેન સાગરભાઇ શાહ, ડો. વૈભવભાઈ તથા પાર્થભાઈના દાદીનું તા.૧૪ના રોજ અવસાન થયું છે. તેમની પ્રાર્થના સભા તા.૧૬ને રવિવારે સવારે ૧૧ થી ૧૨ જાગનાથ મહાદેવ મંદિર, યાજ્ઞિક રોડ રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

**રાજકોટ:** મૂળ લીંબડી નિવાસી હાલ રાજકોટ તુલજાશંકર મયાશંકર દવે (ઉ.૮૪) તે સ્વ. દિપ્તીબેન આર. રાવલ તેમજ પ્રકાશભાઈ, કામિનીબેન સી. ઠાકરના પિતાશ્રીનું તા.૧૪ના અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૭ના રોજ ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર, જનકપુરી મેઈન રોડ, ગંગોત્રી ડેરી વાળી શેરી, સાધુવાસવાણી રોડ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે સાંજે ૪થી ૬ રાખેલ છે.


**રાજકોટ:** કારડીયા રાજપૂત સ્વ.ભારતીબેન યોગેશભાઈ પરમાર (ઉ.વ.૩૮) તે યોગેશભાઈ પરમારના પત્ની તેમજ પૃથ્વીના માતૃશ્રી અને અભેસિંગભાઈ દેવસિંગભાઈ ચૌહાણના પુત્રી (વારસડા વાળા)નું તા.૧૫ના રોજ અવસાન થયેલ છે.તેમનું બેસણું તા.૧૭ સોમવાર ધારેશ્વર મંદિર ભકિતનગર સર્કલ પાસે સાંજે ૪:૦૦ થી ૫:૩૦ વચ્ચે રાખેલ છે.

**ધ્રાંગધ્રા:** સ્વ. ચંદુલાલ ભુદરભાઈ પુજારા, સ્વ.તા.૧૩-૦૨-૨૦૨૫ ને ગુરૂવાર તે સ્વ. ધારશીભાઈ જાદવજીભાઈ તન્નાના જમાઈ તથા સ્વ. રમણીકભાઈ તેમજ કનુભાઈ તન્નાના બનેવી સ્વ. ચંદુલાલ ભુદરભાઈ પુજારા તા.૧૩-૨-૨૦૨૫ના રોજ શ્રીજી ચરણ પામેલ છે.



ઈશ્વર તેમના આત્માને શાંતિ આપે.
સદ્ગતનું બેસણું: તા.૧૫-૨-૨૦૨૫ને શનિવારના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ સ્થળ:- શ્રી લોહાણા મહાજન વાડી, વિભાગ નં.૧, ધ્રાંગધ્રા. સ્વ. રમણીકભાઈ ધારશીભાઈ તન્ના ,કનુભાઈ ધારશીભાઈ તન્ના, મો. ૯૭૨૪૨ ૪૮૮૦૯, મનીષભાઈ રમણીકભાઈ તન્ના, મો. +૯૭૧ ૫૦ ૪૯૮ ૨૨૧૯ ચેતનભાઈ કનુભાઈ તન્ના, મો. ૮૨૦૦૭ ૧૯૫૭૯


## ૨૧મી પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલી



### સ્વ. જગજીવનભાઈ નાનજીભાઈ માનસુરીયા

સ્વ.તા. ૧૫-૨-૨૦૦૪

સત્યતાના રાહ પર જીવન વિતાવ્યું આપે, પવિત્રતાસભર પુરૂષાર્થથી જીવન નિભાવ્યું આપે, સાદગી અને સેવા થકી જીવન સમજાવ્યું આપે, સાર્થક કર્યુ માનવ જીવન જીવી બતાવ્યું આપે..
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

લી.
પત્ની : દયાબેન (યુએસએ)
દિકરી : અલ્પાબેન (કેનેડા) • દિકરી : અલ્કાબેન (યુએસએ)
બહેન : મંગુબેન - રમાબેન - કિર્તીબેન
ભાણેજ : ધરતીબેન
તમારા ભુલકા અનામીબેન - જયનાબેન
તથા ભીખુભાઈ તેમજ આપના પરિવારનાં જય સ્વામિનારાયણ

સાગર સોલંકી - ધોરાજી - ૯૦૩૩૪ ૫૩૩૦૪


# ગાયત્રી સ્ટુડિયોવાળા મહેતા બંધુના પિતાનું અવસાન : સોમવારે બેસણું



ઉપલેટા તા. ૧૫

મૂળ ઢાંક હાલ ઉપલેટા નિવાસી પરસોત્તમભાઈ ગોરધનભાઈ મહેતા ઉંમર વર્ષ ૮૪ તે પુષ્પાબેન ના પતિ, ભાવિનભાઈ, કેતનભાઇ, રશ્મિબેન સુભાષકુમાર દવે (રાજકોટ) ના પિતાશ્રી નું તા.૧૪ને શુક્રવારના રોજ દુખદ અવસાન થયેલ છે તેમના નિવાસ્થાનેથી નીકળેલ અંતિમયાત્રામાં બ્રહ્મ સમાજના આગેવાનો વેપારીઓ સામાજિક સંસ્થાના આગેવાનો રાજકીય આગેવાનો એ જોડાઈને સદગત ને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા સદગતનો બેસણું તા.૧૭ને સોમવારે બપોરે ૪ થી ૬ ત્રિલોકનાથ મહાદેવ મંદિર આદર્શ સોસાયટી બસ સ્ટેન્ડ પાછળ ઉપલેટા ખાતે રાખેલ છે

Published and Printed by PRADEEPBHAI NAROTTAMDAS SHAH on behalf of SANJ PUBLICATIONS. Printed at SANJ MEDIA Sanj Samachar House,Kasturba Road,Rajkot and Published from SANJ SAMACHAR OFFICE, 402, Kuber Avenue, Gurudwara Chowk, Jamnagar. Editor : PRADEEPBHAI NAROTTAMDAS SHAH

# ઇન્કમટેકસ બીલ : જુના અને નવા કાયદાનું સેકશનવાઇઝ મેપીંગ પોર્ટલ પર મુકાયુ

## કરદાતાઓ જુની તથા નવી કલમ નિહાળી શકશે : ટીડીએસ, વેતન વગેરેની જોગવાઇઓ પણ ટેબલ સ્વરૂપમાં મૂકાઇ

નવી દિલ્હી, તા. ૧૫

કેન્દ્ર સરકારે આવકવેરાનો નવો કાયદો પેશ કર્યો છે અને ૨૦૨૬ના નાણાંકીય વર્ષથી તેનો અમલ થવાનો છે. તે પૂર્વે ઇન્કમટેકસ દ્વારા જુના અને નવા કાયદાની કલમોના બદલાવ દર્શાવતી માહિતી પોર્ટલ પર મૂકી દેવામાં આવી છે અને કરદાતાઓ તથા કરવેરા નિષ્ણાંતો તેનો અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આવકવેરા વિભાગ દ્વારા ટ્વીટ કરીને એવું જાહેર કરવામાં આવ્યું છે કે ૧૯૬૧ના ઇન્કમટેકસ કાયદા તથા નવા ઇન્કમટેકસ બીલની કલમોને જોગવાઇઓ વેબસાઇટ પર નિહાળી શકાશે. વિભાગ દ્વારા જુના અને નવા કાયદાની કલમો પણ એકબીજાની સામે અપલોડ કરવામાં આવી છે. નવું ઇન્કમટેકસ બીલ એકદમ સરળ બનાવવામાં આવ્યું છે અને તેમાં કરાયેલા ફેરફારો સાથે પોર્ટલ પર રજૂ કરાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે નાણામંત્રી નિર્મલા સિતારામન દ્વારા ગત ગુરૂવારે લોકસભામાં નવું ઇન્કમટેકસ બીલ રજૂ કરવામાં આવ્યું હતું. આ નવું બીલ લાગુ થયા બાદ ૬૪ વર્ષ જુનો આવકવેરા કાયદો ૧૯૬૧ રદ થશે. છ દાયકા જુનો કાયદો હોવાથી અને તેમાં અનેકવિધ સુધારા કરવામાં આવ્યા હોવાના કારણે તે ઝંઝટભર્યો બની રહ્યો હતો અને તેને કારણે નવો કાયદો ઘડવામાં આવ્યો છે. નવો કાયદો સરળ બનાવાયો હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. નવા કાયદામાં કુલ ૨.૬૦ લાખ શબ્દો છે જે જુના કાયદામાં ૫.૧૨ લાખ હતા. આ સિવાય નવા કાયદામાં ૫૩૬ સેકશન છે જે વર્તમાન કાયદામાં ૮૧૯ છે. આ ઉપરાંત વર્તમાન કાયદામાં ૪૭ ચેપ્ટર સામે નવામાં ૨૩ છે. નવા બીલમાં ૫૭ ટેબલ છે જે વર્તમાન કાયદામાં ૧૮ હતા. કરદાતાઓ કોઇપણની મદદ લીધા વિના આપમેળે જ




ટેકસ જવાબદારી અને ગણતરી કરી શકે તે પ્રકારે કાયદો સરળ કરવામાં આવ્યો છે. વર્તમાન કાયદામાંથી ૧૨૦૦ જોગવાઇઓ રદ્દ કરી દેવામાં આવી છે.

આવકવેરા વિભાગે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એકસ' પર જણાવ્યું છે કે બંને આવકવેરા કાયદાની કલમ અને જોગવાઇઓ નિહાળવા માટે સુવિધા શરૂ કરી દેવામાં આવી છે. કરદાતા આવકવેરા કાયદા ૧૯૬૧ની કોઇપણ કલમ મેનુમાંથી સિલેકટ કરશે. ત્યારે નવા બીલની જોગવાઇ જોવા મળી જશે. આ સિવાય કરદાતાઓની સુવિધા માટે ટેબલ ફોર્મમાં સેકશનવાઇઝ મેપીંગ પણ દર્શાવવામાં આવ્યું છે. નવા બીલને ટેબલના આધારે એકદમ સરળ બનાવવામાં આવી છે. કરદાતાઓ સરળતાથી તેની સમજ મેળવી શકશે. ટીડીએસ, પ્રિઝમટીવ ટેકસ, વેતન અને બેડડેટના ડિડકશન સંબંધી જોગવાઇઓ અંગે પણ ટેબલ દર્શાવવામાં આવ્યા છે.

નવા આવકવેરા કાયદામાં થયેલા અન્ય એક મહત્વપૂર્ણ ફેરફાર અંતર્ગત આકારણી વર્ષ અને નાણાકીય વર્ષની ગડમથલ દુર કરીને ટેકસ યર જાહેર કરવામાં આવી છે. ૧ એપ્રિલથી ૩૧ માર્ચનું ટેકસ યર રહેશે. વર્તમાન કાયદામાં એપ્રિલ-૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ સુધીની આવકને ૨૦૨૫-૨૬ના આકારણી વર્ષ તરીકે ગણવામાં આવતી હોય છે. નવું બીલ ૧ એપ્રિલ ૨૦૨૬થી લાગુ થવાનું છે. લોકસભામાં રજૂ થયા બાદ તે સમિતિને સોંપવામાં આવ્યું છે. નવા બીલમાં ફ્રીન્ઝ બેનીફીટ ટેકસ જેવી જોગવાઇઓ રદ્દ કરી નાંખવામાં આવી જ છે. પ્રોવિઝન અને એકસપ્લેનેશનથી મુકત રાખવામાં આવ્યું હોવાથી સમજણ સરળ રહેનાર છે.

### અમે કોર્ટના આદેશનું પાલન કરશુઃ ટ્રમ્પ

# એલન મસ્કને અમેરિકાની કોર્ટનો ઝટકોઃ ડીઓજીઈની શકિતઓ પર લગામ લગાવી

## કંપનીના અધિકારીઓને અમેરિકાના ટ્રેઝરી વિભાગમાં કામકાજમાં દખલ કરતા રોકી દીધા

વોશિંગ્ટન,(અમેરિકા),તા.૧૫

અમેરિકન ફેડરલ કોર્ટે (US Federal Court) ઈલોન મસ્કની કંપની ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE) વિરુદ્ધ મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે ઈલોન મસ્કની કંપનીના અધિકારીઓને અમેરિકાના ટ્રેઝરી ડિપાર્ટમેન્ટના કામકાજમાં દખલ કરવાથી રોકી દીધા છે, કારણ કે આ વિભાગ પાસે અમેરિકાના લાખો લોકોની અત્યંત સંવેદનશીલ અને વ્યક્તિગત માહિતી છે, જેને એક્સેસ કરવાનો ઈલોન મસ્કની કંપનીને કોઈ કાનૂની અધિકાર નથી.



અમે કોર્ટના આદેશોનું પાલન કરીશું: ટ્રમ્પડેમોક્રેટિક એટર્ની જનરલના એક ગ્રુપે ઈલોન મસ્ક, ડોનાલ્ડ ટ્રમ્પ અને DOGE સામે દાવો દાખલ કર્યો. આ મામલે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, 'અમે કોર્ટના આદેશનું પાલન કરીશું.'આ દરમિયાન મસ્ક-ટ્રમ્પ સાથીઓએ ચુકાદો આપનારા ન્યાયાધીશો સામે મહાભિયોગની માંગ કરી છે. મેનહટનમાં ડિસ્ટ્રિક્ટ જજ જેનેટ વર્ગાસે આ કેસમાં ચુકાદો આપ્યો હતો, જ્યારે બીજી કોર્ટે વિરુદ્ધ દિશામાં ચુકાદો આપ્યો હતો, જેનાથી મસ્કની કંપનીને રેકોર્ડ્સ ઍક્સેસ કરવાની મંજૂરી મળી હતી.

શનિવારે (૧૫મી જાન્યુઆરી) જિલ્લા ન્યાયાધીશ જીનેટ વર્ગાસે અરજીનો નિકાલ કર્યો અને ઈલોન મસ્કની કંપની DOGE પર લાદવામાં આવેલ કામચલાઉ સ્ટે લંબાવ્યો. આનાથી મસ્કની ટીમ અમેરિકાના ટ્રેઝરી સિસ્ટમ સુધી પહોંચી શકશે નહીં, જે ટ્રિલિયન ડોલરની ચુકવણી માટે જવાબદાર છે. DOGEને રેકોર્ડ્સ સુધી પહોંચવા દેવાની ન્યાયાધીશની વિનંતીને ૧૯ ડેમોક્રેટિક રાજ્યોના એટર્ની જનરલોએ મંજૂરી આપી હતી.

આમાંથી એક અરજીની સુનાવણી દરમિયાન આ આદેશ આપવામાં આવ્યો છે. બાકીની અરજીઓ પર નિર્ણય હજુ જાહેર થવાનો બાકી છે. ડેમોક્રેટિક એટર્ની જનરલના એક જૂથે મસ્ક, ટ્રમ્પ અને DOGE પર દાવો માંડ્યો, જેમાં આરોપ લગાવવામાં આવ્યો કે ઈલોન મસ્કની સરકારી નિમણૂક ગેરબંધારણીય હતી અને ફેડરલ ન્યાયાધીશને તેમને સરકારી ડેટા ઍક્સેસ કરવા અને તેનો ઉપયોગ કરવાથી રોકવા માટે કહ્યું.

# મોટા હડમતીયાની સીમમાંથી રૂ.૬.૨૬ લાખનો દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

## રૂરલ એલસીબીની ટીમે ત્રાટકી વાડીની ઓરડીમાં છુપાવેલ દારૂની ૮૪૦ બોટલ અને બિયરના ૧૦૦૮ કબ્જે કર્યા, બુટલેગર મુનો ખાચર નાસી છૂટવામાં સફળ થતાં તેની શોધખોળ આદરીઃ પીઆઈ વિજય ઓડેદરા અને ટીમની કાર્યવાહી

રાજકોટ. તા.૧૫

વિંછીયાના મોટા હડમતીયાની સીમમાંથી રૂ.૬.૨૬ લાખનો દારૂ-બિયરનો જથ્થો રૂરલ એલસીબીની ટીમે પકડી દારૂની ૮૪૦ બોટલ અને બિયરના ૧૦૦૮ કબ્જે કર્યા હતાં. જ્યારે બુટલેગર મુનો ખાચર નાસી છૂટવામાં સફળ થતાં તેની શોધખોળ આદરી હતી.


રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી હિમકર સીંહ દ્વારા દારૂ-જુગારની પ્રવૃતિ શોધી કાઢી ગેર-કાયદેસર પ્રવૃતિ સદંતર નાબુદ કરવાની આપેલ સુચનાથી રૂરલ એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એચ.સી.ગોહીલ ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ જાડેજા, વાઘાભાઈ આલ, અનિલ ગુજરાતી, ધર્મેશ બાવળીયા અને કોન્સ્ટેબલ મહિપાલસિંહ ચુડાસમાને વિંછીયાના મોટા હડમતીયા ગામે રહેતાં મુના જીલુ ખાચરની વાડીના મકાનમાં મોટો દારૂ-બિયરનો જથ્થો હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે મોડી રાતે મુના ખાચરની વાડીમાં દરોડો પાડી મકાનમાંથી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૮૪૦ બોટલ અને બિયરના ૧૦૦૮ ટીન મળી આવતાં કુલ રૂ.૬.૨૬ લાખનો દારૂ-બિયરનો જથ્થો કબ્જે કર્યો હતો.

જો કે, દરોડાની ગંધ આવી જતાં બુટલેગર મુનો ખાચર નાસી છૂટવામાં સફળ થતાં એલસીબીની ટીમે આરોપીનો શોધખોળ આદરી હતી.

# મહિલા ઈન્ફલુએન્સરનો દાવો તેણે ૫ મહિના પહેલાં મસ્કના પુત્રને જન્મ આપ્યો

વોશિંગ્ટન,તા.૧૫

મહિલા ઈન્ફલુએન્સર એશ્લે કલેરે એક્સ પર પોસ્ટ કર્યું અને કહ્યું કે ''૫ મહિના પહેલાં મેં આ દુનિયામાં એક બાળકને જન્મ આપ્યો હતો અને તેનાં પિતા એલોન મસ્ક છે. હું મારા બાળકની ગોપનીયતા અને સુરક્ષા વિશે ચિંતિત હતી તેથી મેં તે પહેલાં જાહેર કર્યું ન હતું. મહિલાના આ દાવા પર સોશિયલ મીડિયા પર ચર્ચા ઉભી કરી હતી. લોકો આ સાંભળીને આશ્ચર્યચકિત થયાં છે.



૩૧ વર્ષીય એશ્લે સેન્ટ કલેરે તેનાં વિવાદાસ્પદ મંતવ્યો માટે જાણીતી છે. અહેવાલ મુજબ, એલોન મસ્કના ૧૨ બાળકો છે. તેમની ત્રણ પત્નીઓ છે. તેની પ્રથમ પત્ની જસ્ટિન સાથે તેને ૬ બાળકો હતાં. સંગીતકાર ગ્રિમ્સ સાથે ૩ બાળકો અને ન્યુરલિંકના ભૂતપૂર્વ ઓપરેટિંગ ડિરેક્ટર શિવોન જિલિસ સાથે પણ ત્રણ બાળકો છે. મીડિયા અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે એલોન મસ્કની ઘણી ગર્લફ્રેન્ડ રહી છે અને મસ્કના લગભગ ૨૦૦૦ સ્ત્રીઓ સાથે સંબંધ છે.

# એપલ ૧૯મીએ અનેક નવી પ્રોડકટસ લોન્ચ કરશે

નવી દિલ્હી તા.૧૫

આઈફોન એસઈ-૪ અને માય બુકની રાહ જોઈ રહેલા એપલ ફેન્સ માટે નવી ખબર બહાર આવી છે.

એપલ ૧૯મીએ ઈવેન્ટ કરનાર છે, તેમાં કંપની તરફથી કોઈ નવી પ્રોડકટસ આવી શકે છે.

ટીમ કુકે એકસ પર જાણકારી આપતા



લખ્યું હતું કે એપલના નવા સભ્યને મળવા માટે તૈયાર થઈ જાઓ.

એપલનું લોન્ચ ૧૯ ફેબ્રુઆરીએ થશે. આ સમાચારથી લાગે છે કે એપલની કોઈ નવી પ્રોડકટ આવી રહી છે.

જાણકારી મુજબ આઈફોન એસઈ ૪ (૨૦૨૫) માર્કેટમાં ઉતારી શકાય છે. આ ફોનને આઈફોન ૧૪ની તરજ પર લોન્ચ કરાશે. આ ફોનની કિંમત ઓછી છે અને તેમાં બહેતરીન ફિચર્સ છે.

# સુરતનાં માંગરોળના સરકારી ગેંગરેપમાં કોર્ટે બે આરોપીઓને દોષીત ઠેરવ્યાઃ સોમવારે સજા જાહેર

## સુરત સ્પે.પોકસો કોર્ટે ૧૩૦ દિવસમાં જ ઝડપી ચુકાદો આપ્યો

સુરત,તા.૧૫

સુરતના માંગરોળના ચકચારી ગેંગરેપ કેસમાં કોર્ટે બે આરોપીને દોષિત જાહેર કર્યા છે. સાડાચાર મહિના પહેલાં, નવરાત્રિ સમયે કોસંબા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સગીરા પર થયેલા ગેંગરેપ કેસમાં કોર્ટે ઝડપી ટ્રાયલ ચલાવી માત્ર ૧૩૦ દિવસમાં જ ચુકાદો આપ્યો છે. ગેંગરેપ મામલ

નોંધનીય છે કે આ કેસમાં સગીરાની અને તેના મિત્રની જુબાની મહત્ત્વની સાબિત થઈ છે. આ ઉપરાંત પોલીસે સાયન્ટિફિક પુરાવા પણ રજૂ કર્યા હતા, જે પણ કોર્ટે માન્ય રાખ્યા. બનાવ સમયે ચંદ્રપ્રકાશ હોવાના કારણે અને આરોપીએ ફ્લેશ લાઈટ કરતાં સગીરાએ આરોપીનો ચહેરો જોયો હતો. કોર્ટમાં પણ પીડિતાએ આરોપીને ઓળખી બતાવ્યો હતો.

આ ગેંગરેપ કેસમાં કુલ ત્રણ આરોપી હતા, જેમાં મુન્ના કરબલી પાસવાન, રામ સજીવન (રાજુ) અને શિવશંકર ઉર્ફે દયાશંકર ચૌરસિયાને પોલીસે ઝડપી લીધા હતા, જોકે ટ્રાયલ દરમિયાન બીમારી સબબ શિવશંકરનું મોત થતાં કોર્ટમાં અન્ય બે આરોપી સામે ટ્રાયલ ચાલી હતી. એમાં સાક્ષીઓની જુબાની અને સાંયોગિક પુરાવાઓને ધ્યાનમાં રાખી કોર્ટે બંનેને કસૂરવાર ઠેરવ્યા છે અને સોમવારે ૧૭ તારીખે સજા સંભળાવાશે.

આ ગેંગરેપ કેસ અંગે વાત કરીએ તો ૮ ઓક્ટોબરની રાત્રે ૧૦:૪૫થી ૧૧:૧૫ વાગ્યાની વચ્ચે કોસંબા પોલીસ સ્ટેશન વિસ્તારના મોટા બોરસરા ગામની સીમમાં ખેતરમાં અવવારૂ જગ્યાએ એક ૧૭ વર્ષ અને ૪ મહિનાની સગીરા તેના મિત્ર સાથે બેઠી હતી, જ્યાં મુન્ના કરબલી પાસવાન અને શિવશંકર ઉર્ફે દયાશંકર ચૌરસિયા અને રાજુ બાઈક પર આવ્યા હતા. પહેલા તો તેમણે આવીને અહીં કેમ ઊભાં છો? એમ કહીને ધમકાવ્યા હતા અને બાદમાં માર મારવાનું શરૂ કર્યું હતું. બંનેના મોબાઇલ પણ લઈ લીધા હતા.બાદ બંન્નેના ન્યુડ ફોટા પાડી સગીરા પર ત્રણેય શખ્સોએ ગેંગ રેપ કર્યો હતો.બાદમાં આ ગુનામાં ફરિયાદ થતા ત્રણેય આરોપી સામે ગુનો નોંધી માત્ર પોલીસે ૧૫ દિવસમાં જ ૩૦૦૦ પાનાનું ચાર્જશીટ કોર્ટમાં રજુ કર્યુ હતું.

# ભૂતપૂર્વ પહેલવાનની રણવીર અલ્લાહબાદિયાને ધમકી

## રેસલર સૌરવ ગુર્જર કહ્યું કે તને સિકયોરિટી પણ નહિ બચાવી શકે

નવી દિલ્હી,તા.૧૫

યુટ્યુબર રણવીર અલ્હાબાડયાની વિવાદિત ટિપ્પણીના કિસ્સામાં દરરોજ નવાં અપડેટ્સ બહાર આવી રહ્યાં છે. હવે આ કિસ્સામાં, ડબ્લ્યુડબ્લ્યુઇ રેસલર સૌરવ ગુર્જર દાખલ થયાં છે. તેણે રણવીર અલ્હાબાદિયાને ખુલ્લી ચેતવણી આપી છે. રેસલર સૌરવ ગુર્જરએ કહ્યું છે કે, 'જો રણવીર મળે તો તેને સિકયોરિટી પણ બચાવી શકશે નહીં. સૌરવએ એક વિડિઓ રજૂ કરી છે અને ચેતવણી આપી છે.



સૌરવ ગુર્ઝરે તેનાં વિડિઓમાં કહ્યું છે, 'આ રણવીર અલ્હાબાદિયા છે, તે ખૂબ પ્રખ્યાત છે.તેમણે શોમાં જે કહ્યું તે માફ કરી શકાય તેમ નથી. જો આપણે આપણી આગામી પેઢીને બચાવવી હોય, તો આવા લોકો પર કાર્યવાહી કરવી પડશે. જો આપણે તેનાં વર્તન માટે પગલાં ન લઈએ, તો વધુ લોકો પણ આવી જ વાતો કરશે.તેમણે કહ્યું છે કે વાણીની સ્વતંત્રતાનો અર્થ એ નથી કે તમે કંઈપણ બકવાસ કરતાં રહો. રેસલરે સરકારને આવાં લોકો સામે કડક કાર્યવાહી કરવાની અપીલ કરી છે, જેથી સમાજમાં આવાં કેસો ન થાય. તેમણે કહ્યું કે જો હું આ વ્યક્તિને મુંબઈમાં ક્યાંય પણ મળ્યો, તો તે તેને વિશ્વની કોઈ તાકાત.બચાવી શકશે નહિ.

# છાવાએ પહેલાં દિવસે જ ઘણાં રેકોર્ડ તોડ્યાં : વર્ષની સૌથી મોટી ઓપનર

## વિક્કી કૌશલની ફિલ્મ છાવાનું પહેલાં દિવસનું બોક્સ ઓફિસ કલેકશન ૩૧ કરોડને પાર

મુંબઈ : વિક્કી કૌશલ અને રશ્મિકા મંદાનાની ફિલ્મ 'છાવા' એ રીલીઝના પહેલાં દિવસે કમાણીના ઘણાં રેકોર્ડ તોડી નાખ્યાં છે. શુક્રવારે આ ફિલ્મે ભારતીય બોક્સ ઓફિસ પર ૩૦ કરોડથી વધુની કમાણી કરી હતી, જે અપેક્ષા કરતાં વધુ સારી શરૂઆત હતી, અને આ સાથે જ આ ફિલ્મે વિક્કી કૌશલની રિલીઝના દિવસે સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. અગાઉ વિક્કીની ફિલ્મ બેડ ન્યૂઝ અને ઉરીએ ઓપનિંગ દિવસે ૮ કરોડ ૨૦ લાખથી વધુની કમાણી કરી હતી. ચાલો આપણે જાણીએ કે ફિલ્મે બોક્સ ઓફિસ પર કયાં રેકોર્ડ્સ તોડ્યાં છે.

**વર્ષની અત્યાર સુધીની સૌથી મોટી ઓપનર :-**

લક્ષ્મણ ઉતેકરના નિર્દેશનમાં બનેલી 'છાવા' આ વર્ષની સૌથી મોટી ઓપનર ફિલ્મ બની ગઇ છે. અગાઉ આ રેકોર્ડ અક્ષય કુમારની ફિલ્મ સ્કાય ફોર્સના નામે હતો, જેને ઓપનિંગ ડે પર ૧૫.૩૦ કરોડનો બિઝનેસ કર્યો હતો. પરંતુ છાવાએ આ રેકોર્ડને ૧૦૦ ટકાથી વધુ માર્જિનથી તોડી નાખ્યો છે. કમાણીના આંકડા અને ક્રિટિક્સના રિવ્યૂઝને જોતાં સ્પષ્ટ છે કે પહેલાં વીકેન્ડમાં જ આ ફિલ્મ ૧૦૦ કરોડ કલબમાં સામેલ થઇ જશે.




ક્રિટિક્સ અને મેકર્સ બંનેએ આ ફિલ્મની પ્રશંસા કરી છે

**વેલેન્ટાઇન વીકની સૌથી મોટી ઓપનર :-**

વેલેન્ટાઇન વીકમાં રિલીઝ થયેલી ફિલ્મોની વાત કરીએ તો આ ફિલ્મ ટોચ પર છે. આ પહેલાં વેલેન્ટાઇન વીકમાં સૌથી મોટી રિલીઝ 'ગલી બોય' હતી, જેણે ઓપનિંગ ડે પર ૧૯.૪૦ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. વિક્કી કૌશલની આ ફિલ્મ તેનાથી લગભગ ૬૦ ટકા માર્જિનથી આગળ છે. છત્રપતિ શિવાજી મહારાજનાં પુત્ર સંભાજી મહારાજનાં જીવન પર આધારિત આ ફિલ્મ રિલીઝ પહેલાં જ થોડી વિવાદમાં હતી, પરંતુ લોકો હવે આ ફિલ્મને ખૂબ પસંદ કરી રહ્યાં છે.

**ભારતમાં છાવાની પ્રથમ દિવસની કમાણી :-**

સકનીલ્કના રીપોર્ટ અનુસાર વિક્કી કૌશલ અને રશ્મિકા મંદાનાની ફિલ્મ છાવાએ ભારતીય બોક્સ ઓફિસ પર પહેલાં દિવસે ૩૧ કરોડનો બિઝનેસ કર્યો છે. આ સાથે જ કોઇમોઇએ પોતાનાં રિપોર્ટમાં જણાવ્યું હતું કે છાવાના પહેલાં દિવસે કમાણીની સંખ્યા ૩૨ થી ૩૪ કરોડની વચ્ચે રહેશે. મેકર્સ ટૂંક સમયમાં જ ફિલ્મની કમાણીના ઓફિશિયલ આંકડા પણ જાહેર કરશે, પરંતુ આ દરમિયાન એ વાત નક્કી છે કે ફિલ્મનું ફર્સ્ટ ડે કલેક્શન ૩૨ કરોડ રૂપિયાથી વધુનું હતું. આ વર્ષે બોક્સ ઓફિસ પર બેડએસ રવિકુમાર, દેવા, લવયાપ્પા, ફતેહ અને સ્કાઈ ફોર્સ જેવી ફિલ્મો રિલીઝ થઈ છે અને છાવાથી દર્શકોને ઘણી અપેક્ષાઓ હતી

## ગેંગ

(છેલ્લા પાનાનું ચાલું)

ચકચાર મચી ગઈ હતી. ફાયરિંગ કરી આરોપીઓ વર્ના કારમા નાસી છૂટ્યા હતાં. બનાવની જાણ થતાં પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી ક્રાઇમ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે અને હોસ્પિટલે દોડી ગયાં હતાં. જ્યારે તાલુકા પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને એસઓજીની ટીમે આરોપીઓનું પગેરૂ દબાવવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

પ્રાપ્ત વિગત મુજબ, ગોંડલ રોડ પર આવેલ પુનીતનગરમાં રહેતાં પરેશ રાજુભાઇ બળદા (ગઢવી),(ઉ.વ.૨૨) આજે વ્હેલી સવારે ૫ વાગ્યે પુનિતનગરના ટાંકા પાસે આવેલ મામા સાહેબના મંદિર પાસે મિત્રો સાથે બેઠો હતો ત્યારે સફેદ કલરની વર્ના કારમાં ઘસી આવેલાં છ જેટલા શખ્સોએ કાર ઉભી રાખી તેમાંથી બહાર નીકળેલ શખ્સોમાંથી એક શખ્સે પોતાની પાસે રહેલ રિવોલ્વરમાંથી ફાયરીંગ કરતાં પરેશને પગના સાથળના ભાગે ગોળી લાગી હતી. આરોપીઓ ફાયરીંગ કરી કારમાં નાસી છૂટ્યા હતાં. બાદમાં ગંભીર રીતે ઘવાયેલા પરેશને મિત્રોએ સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતાં. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે નોંધ કરી બનાવ અંગે તાલુકા પોલીસને જાણ કરી હતી.

બનાવ અંગે વધુમાં સાથે રહેલ ઇજાગ્રસ્ત પરેશનો મિત્ર ઇમરાને જણાવ્યું હતું કે, પરેશ ગઢવી મજૂરીકામ કરે છે અને ત્રણ ભાઈ-બહેનમાં વચ્ચેટ છે. ગઈકાલે પરેશ સહિતના પાંચ મિત્રો કાર લઈ જસદણ રોડ પર આવેલ માતાજીના મંદિરે દર્શન કરવાં ગયાં હતાં. જ્યાંથી મોડી રાત્રીના પરત આવી ઘટનાસ્થળે તમામ મિત્રો બેઠાં હતાં. ત્યારે પ્રથમ સફેદ કલરની વર્ના કાર ત્યાંથી નીકળી હતી અને પરત આવી તેમાંથી ઉતરેલા શખ્સમાંથી એક શખ્સે રિવોલ્વર કાઢી પ્રથમ હવામાં ફાયરિંગ કર્યું અને બાદમાં પરેશ જોવાં જતાં તેના પર બીજો રાઉન્ડ ફાયરિંગ કરતાં તેને પગમાં સાથળના ભાગે ગોળી ઘુસી ગઈ હતી.

ત્યારે તેની સાથે રહેલ એક મિત્ર તમામ શખ્સોને ઓળખી ગયો હતો અને ફાયરીંગ કરનાર સમીર ઉર્ફે મુરઘો હતો તેમજ તેની સાથે તોફિક અહેમદ સમા, મુજડો, સંજય ઉર્ફે સંજો, નવાઝ અને સંજયનો ભાણો સાહિલ સંધી (રહે. તમામ જંગલેશ્વર) હોવાનું જણાવ્યું હતું.

ઉપરાંત ઇમરાને જણાવ્યું હતું કે, તેને રાધીકા નામની યુવતી અગાઉ પ્રેમ સંબંધ હતો. જે યુવતી હાલ સોહિલ સાથે પ્રેમ સંબંધમાં છે અને તે યુવતી પાસે ગઈ થર્ટી ફર્સ્ટના દિવસે પરેશ સહિતના મિત્રો બિયર લેવાં ગયાં હતાં. જેનો ખાર રાખી આરોપીઓ અનેકવાર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે આજે વ્હેલી સવારે ફાયરીંગ કરી હત્યાનો પ્રયાસ કર્યો હતો.

બનાવની જાણ થતાં પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, ડીસીપી સજ્જનસિંહ પરમાર, જગદીશ બાંગરવા એસીપી ક્રાઈમ ભરત બસીયા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પ્રથમ ઘટનાસ્થળે અને બાદમાં સિવિલ હોસ્પિટલ પર દોડી ગયો હતો અને બનાવની ગંભીરતા દાખવી આરોપીઓને પકડવાની સ્ટાફને સૂચના આપી હતી. બનાવની ગંભીરતા દાખવી તાલુકા પોલીસ મથક પીઆઈ હરિપરા, ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી, એસઓજી સહિતની ટીમોએ આરોપીનું પગેરૂ દબાવવા તજવીજ આદરી હતી. જ્યારે બપોરના સમયે એસઓજીની ટીમે આરોપી સોહિલ ઉર્ફે ભાણાને પકડી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે, રાજેક્ટના કુખ્યાત શક્તિ ઉર્ફે પેંડાની ગેંગનો પરેશ સાગરીત હોવાનું પણ સામે આવ્યું છે.

### બે પોલીસ કોન્સ્ટેબલની હાજરીમાં જ ફાયરીંગ થયું

રાજકોટ. તા.૧૫

પુનિતનગર વિસ્તારમાં આજે વ્હેલી સવારમાં ફાયરિંગ કરી હત્યાના પ્રયાસના બનાવમાં ગંભીર રીતે ઘવાયેલા યુવકના મિત્ર ઇમરાને જણાવ્યું હતું કે, તેઓ ઘટનાસ્થળે વ્હેલી સવારે બેઠાં હતાં ત્યારે ત્યાં આજીડેમ પોલીસ મથકના બે કોન્સ્ટેબલ પણ હાજર હતાં. જેઓ કોઈ આરોપીની તપાસ માટે આવ્યાં હતાં. ત્યારે જ સફેદ કલરની કારમાં ઘસી આવેલા શખ્સો ફાયરીંગ કરી નાસી છૂટતાં તે હાજર કોન્સ્ટેબલોએ પણ આરોપીનો પીછો કર્યો હતો. પરંતુ આરોપીઓ નાસી છૂટવામાં સફળ રહ્યાં હતાં.

### ગોકુલધામમાં યુવતી મામલે આરોપી સોહિલ પર છરીથી હુમલો થયો 'તો

રાજકોટ.૧૫

ગોકુલધામ આવાસ યોજના કવાર્ટરમાં રહેતી ૨૪ વર્ષીય યુવતીએ માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી જેમાં જણાવ્યું હતું કે, જંગલેશ્વરમાં રહેતો તેનો મિત્ર સાહિલ કે જેનો ઇન્સ્ટાગ્રામ થકી સંપર્ક થયો હોય અને બાદમાં બંને વચ્ચે મિત્રતા હોય ગઈકાલે યુવતીએ સાહિલને ફોન કર્યો હતો અને પૈસાની જરૂરિયાત હોવાનું કહેતા સાહિલ અહીં આવ્યો હતો.સાહિલે યુવતીને રૂ.૧૦,૦૦૦ આપ્યા હતા બાદમાં આ બંને બેઠા હતા તેવામાં મોટીયો આવ્યો હતો અને યુવતીને બહાર બોલાવી હાથ પકડી બીભત્સ માંગણી કરી હતી યુવતીએ ઇનકાર કરતા ઝપાઝપી કરી તેનું ટીશર્ટ ફાડી નાખ્યું હતું. દરમિયાન યુવતીનો મિત્ર સાહિલ વચ્ચે પડતા તેને ધોકા વડે તથા છરી વડે મારમાર્યો હતો.

### હુમલામાં ભોગ બનનાર પરેશ ગઢવીએ થોડાં સમય પહેલાં પોલીસ પર પણ હુમલો કર્યો હતો

રાજકોટ. તા.૧૫

આજે સવારે ફાયરીંગ કરી હત્યાનો પ્રયાસના બનાવમાં ભોગ બનનાર પરેશ ગઢવી પણ નામચીન હોવાનું સામે આવ્યું છે. મળતી વિગત મુજબ થોડાં સમય પહેલાં માલવીયાનગર પોલીસ મથકની ટીમ મવડી વિસ્તારમાં દારૂનો દરોડો કરવાં ગઈ ત્યારે ડી-સ્ટાફના પીએસઆઇ પર પરેશ ગઢવીએ હુમલો કર્યો હોવાનું સામે આવ્યું હતું. જો કે, તે સમયે પોલીસ અને ગઢવી વચ્ચે કંઈક રંધાઈ ગયું હોવાથી મામલો સામે આવ્યો ન હોવાનું સૂત્રમાંથી જાણવા મળી રહ્યું છે.

### આરોપીઓ હિસ્ટ્રીસીટર, ઘણાતો થોડાં સમય પહેલાં જ જેલમાંથી છૂટ્યા છે

રાજકોટ. તા.૧૫

ફાયરીંગ કરી ગોળી ધરબી હત્યાના પ્રયાસમાં રાજકોટ ક્રાઇમનું હબ બનતું જઈ રહ્યું છે, તેવું સામે આવી રહ્યું છે. કેમ કે, આરોપીઓ સોહિલ, સમીર ઉર્ફે મુરઘો સહિતના થોડા સમય પહેલા જ અલગ અલગ ગુનામાં જેલમાંથી છૂટ્યા હોવાનું તેમજ ઘાયલ થયેલ પરેશ ગઢવી પણ થોડા દિવસ પહેલા જ જેલમાંથી છૂટ્યો હોવાનું સામે આવ્યું છે.

## હિટ એન્ડ

(છેલ્લા પાનાનું ચાલું)

કે, હું છેલ્લા દસેક વર્ષથી શાપર ખાતે અરોમા ફોર્જિંગ કંપનીમાં મજુરી કામ કરું છું. મારી પત્ની બિંદાદેવી કટેસર પટના ખાતે રહે છે. મારે સંતાનમાં ત્રણ દિકરા અને બે દિકરીઓ છે. મારી દિકરી પ્રતિમાદેવીના લગ્ન ઇન્દ્રજીત મદનુ ચૌધરી (રહે.દિહરાગામ થાના નવદપુર જી.પટના, બિહાર) સાથે થયેલ છે. જે હાલ છાપરા ખાતે ડબલ્યુ ટેકનોકાસ્ટ કંપનીમાં એકલો રહી કામ કરતો હતો. હું શાપર ખાતે કામ ઉપર હતો. ત્યારે ફોન આવેલ કે, છાપરા ખાતે ઇન્દ્રજીત ચૌધરીનું કોઇ વાહન સાથે અકસ્માત થયેલ છે. જેથી હું અને મારો મોટો દિકરો બસંત બન્ને લોધીકા સરકારી હોસ્પિટલ ખાતે પહોંચ્યા. જ્યાં જાણવા મળેલ બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં મારો જમાઇ ઇન્દ્રજીત કરીયાણાની ખરીદી કરવા માટે કાલાવડ રાજકોટ રોડ ઉપર દેવગામના પાટીયા પાસે ચાલીને જતો હતો ત્યારે રસ્તા ઉપર કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે, બેફીકરાઈથી મનુષ્યની જીંદગી જોખમાય તે રીતે વાહન ચલાવી મારા જમાઇ ઇન્દ્રજીત સાથે ભટકાડી માથાના ભાગે તથા મોઢા ઉપર ગંભીર ઇજા તથા શરીરે નાની મોટી ઇજા પહોચાડી મોત નીપજાવી અજાણ્યો વાહન ચાલક પોતાનુ વાહન લઈ નાશી ગયેલ હતો. પીએમ અને જરૂરી કાગળ કાર્યવાહી થઈ ગયા પછી અમે મૃતદેહ બિહાર લઈ જવા તજવીજ કરી હતી. મેટોડા પોલીસે ગુનો નોંધી અજાણ્યા વાહન ચાલકની શોધખોળ હાથ ધરી છે.

## ગડકરી

(પહેલા પાનાનું ચાલું)

મંત્રી શ્રી રાજનાથ સિંઘ તથા ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદીત્યનાથસિંહ સહિતના નેતાઓની હાજરીમાં યોજાયેલા એક સમારોહને સંબોધન કરતા શ્રી ગડકરીએ કહેલુ આ વિધાન રાજકીય વર્તુળોમાં જબરૂ ચર્ચાસ્પદ બની ગયુ છે.

તેઓએ ઉત્તરપ્રદેશને દેશના એકસપ્રેસ-વે-સ્ટેટ તરીકે બનાવવાની પણ જાહેરાત કરી હતી. તેઓએ લખનૌમાં ૧૦૨૮ કરોડના વિવિધ માર્ગ પરિવહન યોજનાઓનું લોકાર્પણ કર્યુ હતું. તે સમયે તેઓએ આ વિધાનો કર્યા હતા. તેમણે કહ્યું કે ભારત પાસે ટેકનોલોજી છે ધન પણ છે અને પ્રોજેકટને અમલમાં મુકી શકે તેવી ક્ષમતા છે પણ સૌથી મોટી ચિંતા ભવિષ્યની છે. દેશમાં નાણાની કમી નથી પણ ઈમાનદાર નેતાઓની અછત છે. શ્રી ગડકરી અગાઉ પણ અવારનવાર આ પ્રકારના વિધાનો કરી ચૂકયા છે. ખાસ કરીને ભ્રષ્ટ અમલદાર શાહી સામે તેઓએ જબરો આક્રોશ પણ દર્શાવ્યો છે. તેઓએ કહ્યું કે લખનૌમાં હવાથી ચાલનારી બસ પણ ચલાવીશ અને પ્રયાગરાજમાં ગંગાને સમાંતર તથા નૈનીમાં સિગ્નેચર બ્રિજને સમાંતર પુલ બનાવવાના પરિવહનને પણ મંજુરી અપાઈ છે.

તેઓએ અહી હેલીકોપ્ટર મારફત કાનપુર, લખનૌ એકસપ્રેસ હાઈવેનું નિરીક્ષણ કર્યુ હતું. તેઓએ તેમણે કહ્યું કે ઉત્તરપ્રદેશ હવે બિચારુ રાજસ્થાનથી પણ આર્થિક પ્રગતિમાં અવલ્લ નંબરનું રાજય બની ગયું છે. તેમણે તથા રાજનાથસિંઘે મુખ્યમંત્રી યોગી આદીત્યનાથની ભરપુર પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે દેશમાં ઈમાનદાર નિષ્ઠાવાન નેતાઓની કમી છે. જો કે બીજી જ પળે તેમાંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભારતના વિશ્વગુરૂના સ્વપ્નાને સાકાર કરવા અને ભારતને ત્રીજા નંબરના સૌથી મોટી ઈકોનોમી બનાવવામાં માર્ગ પરિવહનના યોગદાનનું મહત્વ દર્શાવ્યુ હતું. તેઓએ કહ્યું કે મુખ્યમંત્રી યોગીએ ઉત્તરપ્રદેશમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ સુધારી રામ રાજય સ્થાપીત કર્યુ છે.

# દેશમાં ૨૦૨૦ થી ૩૬૦૦૦ થી વધુ બાળકો લાપતા

## કેન્દ્ર સરકારને સુપ્રિમ કોર્ટનો રીપોર્ટઃ સૌથી વધુ બિહારનાં છતાં અનેક રાજયોનાં ડેટા ઉપલબ્ધ નથી

નવી દિલ્હી તા.૧૫

દેશભરમાં છેલ્લા ચાર વર્ષથી ૩૬૦૦૦ કરતા વધુ બાળકો લાપતા છે અને તેમનો કોઈ અતોપતો ન હોવાનો સરકાર દ્વારા સુપ્રિમ કોર્ટમાં જવાબ રજુ કરવામાં આવ્યો હતો. જોકે ગુમ બાળકોને શોધવામાં પોલીસે ઘણી સારી કામગીરીનો પણ દાવો કરાયો હતો જે મુજબ ચાર વર્ષમાં કુલ ૩ લાખ બાળકો ગુમ થયા હતા તેમાંથી મોટાભાગનાને શોધી કાઢવામાં આવ્યા હતા.



ફરીયાદીનાં વકીલ તરફથી સુપ્રિમ કોર્ટમાં એમ કહેવામાં આવ્યું હતું કે રાજયોનાં અનેક કેસોમાં બાળ તસ્કરી કરતી ગેંગના સભ્યોને સ્થાનીક પોલીસ છાવરે છે અને દેશવ્યાપી તપાસ માટે સીપીઆઈ જેવી એજન્સીને જવાબદારી સોંપવી જોઈએ.સરકાર વતી એડીશનલ સોલીસીટર જનરલ ઐશ્વર્યા ભટ્ટીએ અદાલતને કહ્યું કે 'ખોયા-પાયા' પોર્ટલ ઉપરાંત કેન્દ્ર સરકારે બાળકોના ગુમ થવાના કેસો બાળ તસ્કરી યુનિટને ટ્રાન્સફર કરવાની પણ સલાહ આપી છે. પરિવાર દ્વારા બાળક ગુમ થયાની ફરીયાદનાં ચાર ચાર માસ પછી પણ પતો ન લાગે તો આવા કેસ યુનિટનો ટ્રાન્સફર કરવાનું કહેવાયું છે.

બાળકોનાં અપહરણનાં કેસો રોકવા તથા તેઓના રક્ષણ માટે દરેક જીલ્લામાં એન્ટી-હ્યુમન ટ્રાફીકીંગ યુનિટ રચવા તથા તેને અપગ્રેડ કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રાજયો અને કેન્દ્ર શાસીત પ્રદેશોને ૧૦૦ કરોડની આર્થિક સહાય પણ કરવામાં આવી છે.

સુપ્રિમ કોર્ટમાં પેશ સ્ટેટસ રીપોર્ટ પ્રમાણે સેંકડો-હજારો પરિવારો ગુમ થયેલા વ્હાલસોયા સંતાનો પાછા આવવાની વર્ષો સુધી રાહ જોતા હોય છે. વર્ષોથી નહીં મળેલા ૩૬૦૦૦ થી વધુ બાળકોમાંથી ૨૪૦૦૦ માત્ર બિહારના છે. મધ્યપ્રદેશમાં ૫૮૬૬૭ બાળકો ગુમ થયા હતા. તેમાંથી ૪૫૫૮૫ ને ચાર માસમાં જ શોધી લેવાયા હતા. હજુ ૩૯૫૫ નો કોઈ અતોપતો નથી.

બિહારની જેમ ઓડીશામાં વર્ષ ૨૦૨૦ થી ૨૩૨૯૧ બાળકો ગુમ થયા હતા. તેમાંથી હજુ ૪૮૫૨ મળ્યા નથી. મહારાષ્ટ્રમાં ૧૦૫૫૪ બાળકો ગુમ થયા હતા. તેમાંથી ૨૫૯૨ નો કોઈ અતોપતો નથી.

કેન્દ્ર સરકારે કહ્યું કે અનેક યાદી આપવા છતાં દિલ્હી, પંજાબ, નાગાલેન્ડ, ઝારખંડ, તામીલનાડુ, પશ્ચિમ બંગાળ, જમ્મુ-કાશ્મીર તથા આંધ્રપ્રદેશ જેવા રાજયોએ ગુમ બાળકોનાં રીપોર્ટ આપ્યા નથી.

### સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશનના શ્રી નિરંજનભાઈ શાહના ભાભી

# કિતાબઘર પ્રિન્ટરીના નવિનભાઈ શાહના ધર્મપત્ની, ધર્માનુરાગી નીનાબેન અરિહંતશરણ પામ્યા : સોમવારે ઉઠમણું-પ્રાર્થનાસભા

## 'જયહિન્દ'-'સાંજ સમાચાર' પરિવારના શ્રી યશવંતભાઇ, શ્રી પ્રદીપભાઇ તથા શ્રી ભરતભાઇ, શ્રી પંકજભાઇના ભાભી તથા શ્રી પ્રવીણભાઇ શાહના ભત્રીજાવધૂ થતા હતા, તેઓ પ્રોફેસર ચાર્મીબેન બદાણી (સદગુરુ મહિલા કોલેજ) ના માતુશ્રી હતા

રાજકોટ, તા. ૧૫

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશન-બીસીસીઆઇના શ્રી નિરંજનભાઇ રસિકભાઇ શાહના ભાભી તથા કિતાબઘર પ્રિન્ટરીના નવિનભાઇ શાહના પત્ની નીનાબેન શાહ (ઉ.વ.૭૪) તા. ૧૪ના શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. સરળ અને માયાળુ સ્વભાવના તથા ધર્માનુરાગી નીનાબેનના નિધનથી જયહિન્દ-સાંજ સમાચાર પરિવારમાં શોકની છાયા ફરી વળી છે.

આજે સવારે ૮.૩૦ કલાકે સદગતની અંતિમ યાત્રા તેમના નિવાસસ્થાન 'કિતાબઘર' કેન્દ્રાંચલની સામે, શ્રોફ રોડ, રાજકોટ ખાતેથી નીકળી હતી ત્યારે પરિવારના સભ્યો, સગા સ્નેહીઓ, સમાજના અગ્રણીઓ વગેરે જોડાયા હતા અને મુકિતધામ સ્મશાનગૃહે અંતિમ ક્રિયા કરવામાં આવી હતી. સદગતનું ચક્ષુદાન કરવામાં આવેલ છે.



સ્વ. નીનાબેન શાહ તે નવિનભાઇના પત્ની, શ્રીમતી ચાર્મીબેન પારસભાઇ બદાણી (આર.બદાણી જવેલર્સ, રાજકોટ) તથા શ્રીમતી શિવાબેન નિશિતભાઇ રૂપાણી (મુંબઇ)ના માતુશ્રી, ડો. જાન્હવી, વિવાન તથા ધીરના નાની, તે મૂળ ભેંસાણ હાલ રાજકોટના સ્વ. માતુશ્રી કપુરબેન તથા અમૃતલાલ ઋગનાથ ટીંબડીયાના સુપુત્રી, તે શ્રી પ્રવીણભાઇ શાહના ભત્રીજા વધૂ, શ્રી પંકજભાઇ આર. શાહ (એન્ટ્રેક), જયહિન્દ-સાંજ સમાચાર પરિવારના શ્રી યશવંતભાઇ એન. શાહ, શ્રી પ્રદીપભાઇ એન. શાહ તથા શ્રી ભરતભાઇ એન.શાહના ભાભી, તેઓ સ્વ. શ્રીમતી ચંપાબેન (ચંદ્રિકાબેન) અરૂણકાંત શાહ, સ્વ. અમિતાબેન શશીકાંતભાઇ મહેતા (ખામગાવ), સ્વ. શ્રીમતી શારદાબેન તથા શ્રી રતિલાલ જેચંદભાઇ દોશીના ભાણેજ થતા હતા.

### ઉઠમણું-પ્રાર્થનાસભા

સદ્ગત નીનાબેન શાહનું ઉઠમણું તા. ૧૭ના સોમવારે સવારે ૧૦ થી ૧૦.૩૦ તથા પ્રાર્થનાસભા સવારે ૧૦.૩૦ થી ૧૨, બેન્કર એસો. હોલ, કલેકટર કચેરી પાસે, શ્રોફ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

# હવે મહારાષ્ટ્રમાં લવ જેહાદ અને જબરદસ્તી ધર્મ પરિવર્તન સામે કાયદો બનશે

## મુખ્યમંત્રી ફડનવીસે કમીટીની રચના કરીઃ લવજેહાદની એક લાખથી વધુ ફરિયાદો મળ્યા બાદ મહારાષ્ટ્ર સરકારનો નિર્ણયઃ હાલ ગુજરાત સહિત યુપી, ઝારખંડ, એમપી, આસામ વગેરે રાજયોમાં આ કાયદો લાગુ



મુંબઈ તા.૧૫

લવ જેહાદ અને છેતરપિંડી કરીને કે પછી જબરદસ્તીથી ધર્મ પરિવર્તન રોકવા મહારાષ્ટ્રની મહાયુતિ સરકાર કાયદો બનાવવાની તૈયારીમાં છે. આ બારામાં મહારાષ્ટ્રના પોલીસ મહા નિર્દેશકની અધ્યક્ષતામાં ૭ સભ્યોની એક ખાસ સમિતિ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સમીતી અત્યાર સુધી મળેલી ફરિયાદોનું સમાધાન કરવા, અન્ય રાજયોના કાયદાનો અભ્યાસ કરશો.

મહારાષ્ટ્રના પોલીસ મહા નિર્દેશકની અધ્યક્ષતામાં રચાયેલી સમીતીમાં વધારાના મુખ્ય સચિવ, પ્રધાન સચિવ, સચિવ મહિલા અને બાળ વિકાસ વિભાગ, લઘુમતી વિભાગ, સચિવ સામાજીક ન્યાય અને વિશેષ સહાયતા વિભાગ વગેરેને સભ્ય બનાવાયા છે.

કાયદા પર અભ્યાસ કરશે કમીટીઃ ગૃહ વિભાગના સહ સચિવ, ઉપસચિવ સભ્ય સચિવ અને સહ સચિવ, ઉપ સચિવ (કાયદો) સભ્ય બનાવાયા છે.

આ સમિતિ મહારાષ્ટ્રમાં વર્તમાન સ્થિતિનો અભ્યાસ કરીને લવ જેહાદ, છેતરપીંડી અને બળજબરીથી ધર્મ પરિવર્તનના સંબંધમાં મળેલી ફરિયાદોથી સમાધાન કરશે. સાથે સાથે કાનૂની પાસાઓની તપાસ કરીને અને અન્ય રાજયોમાં મોજૂદ કાયદાઓનો અભ્યાસ કરી કાયદા અનુરૂપ ભલામણ કરશે.

ઉતરપ્રદેશમાં લાગુ છે કાયદોઃ લવ જેહાદ મામલે પહેલા ઉતરપ્રદેશમાં કાયદો બનાવાયો હતો. ત્યાં દોષી વ્યક્તિને ૨૦ વર્ષની સજાની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, મધ્યપ્રદેશ, ઉતરાખંડ અને આસામમાં પણ લવ જેહાદ વિરૂદ્ધ કાયદો બની ચૂકયો છે.

લવ જેહાદની એક લાખથી વધુ ફરિયાદોઃ ઓકટોબર ૨૦૨૪માં તત્કાલીન નાયબ મુખ્યમંત્રી અને હાલના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે દાવો કર્યો હતો કે લવ જેહાદની એક લાખથી વધુ ફરિયાદો મળી છે. આ ફરિયાદોમાં હિન્દુ મહિલાઓને ખોટી ઓળખનો ઉપયોગ કરી પુરૂષો દ્વારા લગ્ન માટે ધમકી અપાઈ હતી. આ કોઈ પ્રેમ કૃત્ય નહીં પણ સમજી વિચારીને કરવામાં આવેલી લવ જેહાદ છે. આ આપણા ધર્મની મહિલાઓને દગો દેવા અને તેમને બગાડવાની એક પદ્ધતિ છે.

### ઉતરપ્રદેશના વિકાસમાં યોગીની ભૂમિકા મહત્વનીઃ કેન્દ્રીય મંત્રી

# દેશમાં હવે મલેશિયન ટેકનોલોજીથી એક જ પીલર પર મેટ્રો લાઈન- બે ફલાય ઓવર બનશે





ઉતરપ્રદેશમાં એક કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી નિતીન ગડકરી, રાજનાથસિંઘ તથા મુખ્યમંત્રી યોગી આદીત્યનાથની આ તસવીર ઘણું કહી જાય છે.

## કેન્દ્રીય મંત્રી નિતીન ગડકરીની જાહેરાતઃ ૧૨૦ મીટરના અંતરે બે પીલર પર નિર્માણની જમીનની સમસ્યા ઘટશે

નવી દિલ્હીઃ

દેશમાં માર્ગ-સડકોના આધુનિકરણમાં સતત નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને નવા એકસપ્રેસ હાઈવે-પુલો અને ફલાય ઓવર નિર્માણમાં નવા રેકોર્ડ સ્થાપનાર કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી શ્રી નિતીન ગડકરીએ જણાવ્યું કે હવે મલેશિયન ટેકનોલોજીથી મેટ્રો રેલ સેવાના પીલર તૈયાર કરવામાં આવશે જેના કારણે મેટ્રોના બની રહેલા પીલરની વચ્ચેનું અંતર ૩૦ મીટરના બદલે ૧૨૦ મિટરનું થઈ જશે અને ફકત એક જ પીલર પર બે ફલાયઓવર અને એક મેટ્રો લાઈન હશે. તેઓએ કાનપુરમાં પીજી મહાવિદ્યાલય આયોજીત એક કાર્યક્રમમાં સંબોધન કરતા જણાવ્યું કે મલેશિયન ટેકનોલોજીથી ફકત આ પ્રકારના નિર્માણના ખર્ચમાં જ કમી આવશે તેવું નથી પણ જમીન સહિતના જે પ્રશ્નો છે તેમાં પણ સરળતા રહેશે.

તેઓએ કહ્યું કે મે આ વાત વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાથે કરી હતી અને તેમાં એ જ શહેરી વિકાસ વિભાગના અધિકારીઓને તેમાં આગળ વધવા સૂચના આપી છે. તેઓએ કહ્યું કે મે આજે કાનપુર, લખનૌ એકસપ્રેસ વે નું નિર્માણ કામ જોયુ છે અને તે લગભગ તૈયાર જેવુ ઉદઘાટન આગામી ચાર માસમાં વડાપ્રધાન શ્રી મોદી કરશે.

# મધ્યપ્રદેશમાં અકસ્માતમાં બે વ્યક્તિના મોત બાદ વિફરેલા ટોળાએ ૧૧ વાહનોમાં આગ લગાડી

## પોલીસે ત્વરિત ઘટનાસ્થળે પહોંચી ભીડને શાંત કરી પરીસ્થિતિ કાબુમાં લીધી

મધ્યપ્રદેશના સિંગરૌલી જિલ્લામાં કોલસા ભરેલા ટ્રકની ટક્કરથી મોટરસાઇકલ પર મુસાફરી કરી રહેલા બે વ્યક્તિઓના મોત બાદ ગુસ્સે ભરાયેલા ટોળાએ સાત બસો અને ચાર હાઇવા (કાર્ગો વાહનો) ને આગ ચાંપી દીધી હતી, જેના લીધે વિસ્તારમાં અરાજકતા ફેલાઇ ગઈ હતી.



મૃતકોની ઓળખ રામલાલ યાદવ અને રામસાગર પ્રજાપતિ તરીકે થઈ છે. આ ઘટના માડા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના અમિલિયા ખીણમાં બની હતી. બંને મૃતકો સ્થાનિક રહેવાસી હતા. અમેલિયા ખીણમાં માર્ગ અકસ્માત બાદ થયેલી અંધાધૂંધીની માહિતી મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ભીડને શાંત કરીને પરિસ્થિતિને કાબુમાં લીધી હતી.

પોલીસે અકસ્માતમાં માર્યા ગયેલા બંને લોકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જિલ્લા હોસ્પિટલમાં મોકલી આપ્યા હતા. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, અનેક પોલીસ સ્ટેશનના જવાનોને ઘટનાસ્થળ પર તૈનાત કરવામાં આવ્યા હતા. સિંગરૌલી કલેક્ટર ચંદ્રશેખર શુક્લા અને પોલીસ અધિક્ષક મનોજ ખત્રી પણ ઘટનાસ્થળે પહોંચ્યા અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો.

માહિતી મુજબ, ટોળા દ્વારા જે વાહનોને આગ લગાવવામાં આવી હતી તે એ જ કોલસા ખાણ કંપનીના હતા જેના લોડર ટ્રકે અકસ્માત સર્જ્યો હતો. આ વાહનો કોલસાના પરિવહન અને કોલસાની ખાણોમાં કામ કરતા કર્મચારીઓના પરિવહનમાં ઉપયોગમાં લેવાતા હતા. સિંગરૌલીના પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ મનોજ ખત્રીએ જણાવ્યું હતું કે વાહનોને આગ લગાવ્યા પછી ગુસ્સે ભરાયેલા ટોળા કોલસાની ખાણો તરફ આગળ વધી રહ્યા હતા. પરંતુ પોલીસે ત્વરિત સમજ બતાવી ભીડને વિખેરી નાખી.

# ન્યુઝિલેન્ડે ટ્રાઇ નેશન સિરીઝની ફાઇનલમાં પાકિસ્તાનને પાંચ વિકેટથી હરાવી ખિતાબ જીત્યો

કરાચી,તા.૧૫

ડેરીલ મિશેલ અને ટોમ લેથમની અડધી સદીની મદદથી, ન્યુઝીલેન્ડે શુક્રવારે ટ્રાઇ નેશન સિરીઝની ફાઇનલમાં પાકિસ્તાનને પાંચ વિકેટથી હરાવ્યું હતું. પાકિસ્તાને અગાઉ ન્યુઝીલેન્ડની સામે ૨૪૩ રનનો લક્ષ્યાંક રાખ્યો હતો, જે ન્યુઝિલેન્ડે ૪૫.૨ ઓવરમાં પાંચ વિકેટે હાંસલ કર્યો હતો.



લક્ષ્યનો પીછો કરતી ન્યુઝીલેન્ડે પ્રથમ વિકેટ પાંચ રને ગુમાવી હતી. જો કે ડેવોન કન્વે , કેન વિલિયમસન, ડેરીલ અને લેથમ ઇનિંગ્સની સહાયથી ન્યુઝિલેન્ડ સરળતાથી લક્ષ્ય પ્રાપ્ત કર્યો હતો. તે જ સમયે, પાકિસ્તાનની ઇનિંગ્સ દરમિયાન, બેટર બાબર આઝમે સૌથી ઝડપી ૬૦૦૦ રન બનાવનાર એશિયન પ્લેયર બની ગયો હતો. તેમણે ભારતીય વિરાટ કોહલીને પાછળ છોડી દીધાં હતાં.

# ટ્રમ્પની તવાઈઃ એક જ દિવસમાં ૯૫૦૦ કર્મીઓની છટણી

## જુદા-જુદા વિભાગોમાંથી સેંકડોને કાઢી મુકયા, હજુ હજારોની હકાલપટ્ટી કરાશે

વોશીંગ્ટન તા.૧૫

અમેરિકામાં અમલદારશાહી-સરકારી કર્મચારીઓની સંખ્યા ઘટાડવાનાં ભાગરૂપે ટ્રમ્પ તંત્ર દ્વારા એક જ દિવસમાં ૯૫૦૦ કર્મચારીઓની હકાલપટ્ટી કરવામાં આવી હતી. આ કર્મચારીઓ સરકારી જમીનનાં રક્ષણથી માંડીને નિવૃતિ સૈનિકોની સારસંભાઈ જેવી જવાબદારી સંભાળતા હતા. રાષ્ટ્રપતિ ટ્રમ્પ તથા તેમનાં સલાહકાર ઈલોન મસ્ક દ્વારા નોકરશાહી ઘટાડવાનો પ્લાન તૈયાર કરાયો છે અને તેમાં તંત્ર આગળ વધી રહ્યુ છે.

અમેરિકાના ગૃહ વિભાગ, ઉર્જા, વેટરન્સ અફેર્સ, કૃષિ, આરોગ્ય અને અન્ય ઘણા વિભાગોમાં છટણી કરવામાં આવી છે. નોકરીમાંથી કાઢી મૂકાયેલા મોટાભાગના લોકો પ્રોબેશન પીરિયડ પર હતા. ઘણા કર્મચારીઓને નોકરી પર એક વર્ષ પણ પૂરું નહોતું થયું.



જ્યારે કેટલીક સરકારી એજન્સીઓ પણ બંધ કરી દેવામાં આવી છે. તેમાં કન્ઝ્યૂમર ફાઈનાન્શિયલ પ્રોટેક્શન બ્યુરોનો પણ સમાવેશ થાય છે. આ દરમિયાન ઈન્ટરલ રેવન્યૂ સર્વિસમાં પણ હજારો કર્મચારીઓને કાઢી મૂકવાની તૈયારી છે.

અહેવાલ અનુસાર ૧૫ એપ્રિલ પહેલા આ વિભાગમાં મોટી સંખ્યામાં કર્મચારીઓને કાઢી મૂકવામાં આવી શકે છે. વ્હાઇટ હાઉસના જણાવ્યા અનુસાર, ૭૫,૦૦૦ એવા કર્મચારીઓ હતા જેમણે ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈલોન મસ્કના વિરોધમાં સ્વેચ્છાએ નોકરી છોડી દીધી હતી. અમેરિકાનો કુલ સરકારી સ્ટાફ આશરે ૨૩ લાખ છે. આવી સ્થિતિમાં, લગભગ ૩ ટકા સરકારી કર્મચારીઓએ પોતાની નોકરી જાતે છોડી દીધી છે.

અમેરિકન પ્રમુખે સ્પષ્ટ કર્યુ જ હતું કે સરકાર પર દેણુ ગંભીર છે. જંગી રકમ કૌભાંડો અને ખોટા ખર્ચમાં વેડફાઈ ગઈ છે. ૩૬ ટ્રીલીયન ડોલરનુ દેવુ છે.ગત વર્ષે ૧.૮ ટ્રીલીયન ડોલરની ખાદ્ય હતી સરકાર આર્થિક મોરચે સરખુ કરવા માંગે છે. વિપક્ષ દ્વારા ટ્રમ્પ તંત્ર પર નિશાન સાધવામાં આવ્યું છે.

# દુબઈ રોહિત શર્માનુ લકી ગ્રાઉન્ડ

## સાત વર્ષ પહેલાં, ભારતીય ટીમ રોહિતની કેપ્ટનશિપ હેઠળ એશિયાકપ જીતી હતી : અહીં એકપણ મેચ હારી નથી



દુબઈ,તા.૧૫

ભારતીય ક્રિકેટ ટીમ વધેલા મનોબળ સાથે દુબઇ જશે. વર્ષનાં પ્રથમ વનડે શ્રેણીમાં ઇંગ્લેન્ડને ૩-૦ થી સાફ કર્યા પછી ટીમનાં આત્મવિશ્વાસમાં ખૂબ વધારો થયો છે. હિટમેને બીજી મેચમાં સદીની ઇનિંગ્સ રમીને લય પ્રાપ્ત કરી છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં પણ હિટમેન હવે હિટ જશે તેવી સંભાવના છે.

દુબઈ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ રોહિત માટે લકી ગ્રાઉન્ડ છે. તેની કેપ્ટનશિપ હેઠળ, ટીમે અહીં ૨૦૧૮ નો એશિયા કપ જીત્ય હતો. ભારતીય ટીમે દુબઇમાં કોઈ મેચ હારી નથી. ટીમે અહીં છ મેચ રમી છે, જેમાંથી પાંચ જીતી છે અને એક ડ્રો રહી હતી. રોહિત ફરી એકવાર ટીમને ચેમ્પિયન બનાવવા માટે કોઈ કસર છોડવા માંગતો નથી. તેમ છતાં તે ટેસ્ટમાં રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે.

છેલ્લાં બે વર્ષમાં રોહિતની રમવાની શૈલી બદલાઈ ગઈ છે. હવે તે પાવરપ્લેથી ખૂબ આક્રમક લાગે છે. રોહિતે ૨૦૨૩ ના વનડે વર્લ્ડ કપમાં ૧ વનડે રમ્યાં છે, જેમાં તેણે ચારમાં જ શરૂઆત કરી ન હતી. તેણે આ ૧૩ ઇનિંગ્સમાં ઓછામાં ઓછા ૨૦ બોલ રમ્યાં છે. આમાં, તેણે ઓછામાં ઓછી ૧૫૦ ની સ્ટ્રાઇક રેટથી આઠ ઇનિંગ્સમાં ઓછામાં ઓછા ૩૦ રન બનાવ્યાં છે. રોહિત ઝડપી સ્કોર કરીને મધ્યમ ઓર્ડર પરનાં દબાણને ઘટાડી રહ્યો છે.

હવે આ ૩૭ વર્ષીય બેટ્સમેને વધુને વધુ જોખમી શોટ રમવાનું શરૂ કર્યું છે. તેમાં રિવર્સ સ્વીપ જેવાં શોટ્સ પણ શામેલ છે. હવે રોહિતને બોલને વધુ ફટકારવામાં વધુ આનંદ આવે છે.

# રાજયના સાત જજની બદલી

## જામનગરના એડી.સેશન્સ જજ. એમ.કે.ભટ્ટને સુરેન્દ્રનગર ફેમિલી કોર્ટના પ્રિન્સિપાલ જજ તરીકે બદલી કરાઈઃએન.સી.રાવલનીગીર સોમનાથ પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ જજ તરીકે ટ્રાન્સફર

રાજકોટ,તા.૧૫

રાજયના સાત જજની બદલી થઈ છે.જેમાં જામનગરના એડી ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ માધવી કેતનભાઈ ભટ્ટને સુરેન્દ્રનગર ફેમિલી કોર્ટના પ્રિન્સિપાલ જજ તરીકે જવાબદારી સોંપાઈ છે.બદલીના આ ઓર્ડમાં અમદાવાદના રજિસ્ટ્રાર નિપા ચંદ્રકાંત રાવલને ગીર સોમનાથ જિલ્લાના પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ જજ તરીકે જવાબદારી મળી છે. જૂનાગઢના એડી ડિસ્ટ્રીકટ સ્પેન્ડ સેશન્સ જજ રંજન ધ્રુવકુમાર પાંડેની બનાસકાંઠા દીપોદર ખાતે બદલી કરાઈ છે. ગાંધીધામના એડી સેશન્સ જજ બસંતકુમાર ગુરમુખલાલ ગોલાણીની ફેમિલી કોર્ટ ભુજના પ્રિન્સિપાલ જજ તરીકે અને ભુજના એડી.સેશન્સ જજ મનિષ અરૂણકુમાર પંડયાને ગાંધીધામ ફેમિલી કોર્ટના જજ તરીકે ટ્રાન્સફર અપાઈ છે.

# ટ્રમ્પ ઈફેકટઃ ભારતે બૉંબોન વ્હીસ્કીની આયાત જકાત ઘટાડી

## મોદીની મુલાકાત પુર્વે જ આદેશ જારી કરી દેવાયો હતો

નવી દિલ્હી તા.૧૫

ભારત ઘણી ઉંચી ટેરિફ વસુલતુ હોવાના તથા ભારત સાથે વ્યાપાર કઠિન હોવાના વિધાન સાથે અમેરિકા પણ ઉંચી ટેરિફની સમાન નીતિ અપનાવશે તેવી ટ્રમ્પની જાહેરાત વચ્ચે ભારત સરકારે બૉંબોન વ્હીસ્કીની આયાત જકાતમાં ૫૦ ટકાનો ઘટાડો કર્યો છે. મોદીની ટ્રમ્પ સાથેની મુલાકાત પુર્વે જ આ નિર્ણય લેવાયાનું જાહેર થયુ છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઉંચા ટેરીફ દર સામે નારાજગીને પગલે ભારત સરકાર દ્વારા બૉંબોન વ્હીસ્કી પરની આયાત જકાત ૧૫૦ ટકાથી ઘટાડીને ૧૦૦ ટકા કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા ૧૩ ફેબ્રુઆરીએ જ આ આદેશ જારી કરાયો હતો પરંતુ તેના પર મોડુ ધ્યાન ખેંચાયુ હતુ. જો કે, અન્ય શરાબ પ્રોડકટ પરની આયાત જકાત ૧૫૦ ટકા પર યથાવત રાખવામાં આવી છે.

જાણકારોના કહેવા પ્રમાણે મુખ્યત્વે અમેરિકાથી થતી આયાતમાં ફાયદો થશે. અમેરિકા જેવા વ્યુહાત્મક ભાગીદાર રાષ્ટ્ર સાથે ભારત સરકાર ટેરિફ ઘટાડવાનો વ્યુહ અપનાવી રહ્યાના સંકેત છે.



ભારતની ૩૫ અબજ ડોલરની માર્કેટ છે. ઉંચા ટેરિફ સામે ઉદ્યોગમાં પણ ગણગણાટ હતો.

# વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સોઃ વેલેન્ટાઈન ડે ની ઉજવણીના નામે યૌન શોષણ

રાજકોટ.તા.૧૫

વેલેન્ટાઈન ડે ની ઉજવણી હવે અતિરેક બની રહી છે અને રાજકોટમાં જ વાલીઓ માટે લાલબત્તી સમાન ચોંકાવનારા કિસ્સાઓ આવ્યાં છે. યુવાનોની સાથે સગીર બાળકો પણ દેખાદેખીમાં માતાપિતાની આંખમાં ધૂળ નાંખી પ્રેમના પર્વના નામે બહાર જઈ દુષ્કર્મ, અડપલાં જેવાં બનાવો બની રહ્યાં છે.

ત્યારે ગઈકાલે એક ૧૪ વર્ષની તરૂણી પર દુષ્કર્મ અને ૧૭ વર્ષની સગીરા સાથે અડપલાંના બનાવો સામે આવતાં ચકચાર મચી ગઇ હતી અને વાલીઓએ પણ તેમના સંતાન પ્રત્યે જાગૃત બનવું પડશે.

## ધો.૧૧ ના વિદ્યાર્થીએ ધો.૯ ની વિદ્યાર્થીનીનું અપહરણ કરી કારમાં દુષ્કર્મ આચર્યું

### તરૂણીને કારમાં બેસાડી રૈયારોડ પર લઈ જઈ સાથેના બે મિત્રોને નાસ્તો લેવાં મોકલી દિધા, કારની પાછલી સીટમાં સગીરાને લઈ જઈ મરજી વિરૂદ્ધનું કૃત્ય કર્યું, પીડિતાએ ઘરે પહોંચી વાત કરતા ભાંડો ફૂટયો, પોલીસે ગુનો નોંધી મુખ્ય આરોપીની ધરપકડ કરી, અન્યની શોધખોળ

**૧૪ વર્ષની તરૂણી ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ બગીચામાં જતી ત્યારે આરોપી સાથે સંપર્કમાં આવી, કાલે લગ્ન પ્રસંગમાં જવા માટે બહેનપણીને ત્યાં મહેંદી મુકવા ગઈ ત્યારે સ્નેપચેટમાં વાત થયાં બાદ આરોપી અન્ય મિત્રો સાથે કાળા કાચ વાળી કારમાં ઘસી આવ્યો 'તો**

રાજકોટ. તા.૧૫

શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતી એક ૧૪ વર્ષીય ધો.૯ ની વિદ્યાર્થીનીનું ધો.૧૧ ના ૧૬ વર્ષીય સગીરે અપહરણ કરી રૈયારોડ પર લઈ જઈ કાળા કાચ વાળી કાળા કલરની કારમાં જ દુષ્કર્મ આચરતાં ચકચાર મચી ગઇ હતી. બનાવની જાણ પરિવારજનોને થતાં પોલીસ મથકે દોડી આવ્યાં હતાં અને બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે સગીર સહિત તેને મદદગારી કરનાર ત્રણ શખ્સો સામે અપહરણ, દુષ્કર્મ, પોકસો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપી સગીરની ધરપકડ કરી હતી.

બનાવ અંગે ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતી ૩૧ વર્ષીય મહિલાએ પોતાની ફરીયાદમાં આરોપી તરીકે રામપીર ચોકડી નજીક શાસ્ત્રીનગર વિસ્તારમાં રહેતાં સગીર સહિત ત્રણ શખ્સોના નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે પોકસો, દુષ્કર્મ, અપહરણ સહિતની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેમને સંતાનમાં ૧૪ વર્ષની પુત્રી છે, જે ધો. ૯ માં અભ્યાસ કરે છે. ગઈકાલે તેઓને એક લગ્ન પ્રસંગમાં જવાના હોવાથી બપોરના સમયે તેમની પુત્રી ગાંધીગ્રામ વિસ્તારમાં મહેંદી મુકવાનું કામ કરતી બહેનપણીને ત્યાં મહેંદી મુકવા માટે ગઈ હતી. જે બાદ તે સાંજ સુધી ઘરે પરત ન ફરતાં તેની શોધખોળ આદરી હતી. પુત્રીની બહેનપણીને ત્યાં તપાસ કરતાં તેને જણાવ્યું હતું કે, તેણી મહેંદી મૂકી અહીંથી નિકળી ગઈ છે, બાદમાં તેની અન્ય એક બહેનપણીનો સંપર્ક કરતાં તેણીએ જણાવ્યું હતું કે, મારા મોબાઈલ મારફતે તેને સ્નેપચેટમાં કોઈ સાથે વાત કરી હતી અને બાદમાં તે કારમાં ક્યાંક જવા નિકળી હતી.

જે બાદ સ્નેપચેટમાં કોલ કરી તેઓએ પુત્રી સાથે વાત કરતાં તેણીએ પોતે બહેનપણી સાથે અટલ સરોવર ગઈ હોવાનું કહી ફોન કાપી નાંખ્યો હતો. બાદમાં તે થોડીવારમાં ઘરે પહોંચી હતી અને પરિવારજનોએ પુત્રીની પૂછતાછ કરતાં તેણીએ હકીકત વર્ણવતા પરીવાર નીચેથી જમીન સરકી ગઈ હતી. સગીરાએ જણાવ્યું હતું કે, તે મહેંદી મુકવા ગઈ ત્યારે સગીર આરોપી અને તેના બે મિત્ર કાળા કલરની કાર લઈ આવ્યાં હતાં અને તેણીને તેમાં બેસાડી રૈયારોડ પર આવેલ પેટ્રોલપંપ પાસે કાર ઉભી રાખી તેના મિત્રોને નાસ્તો લેવાં મોકલી દિધા હતાં. બાદમાં તેણીને પાછલી સીટમાં લઈ જઈ કાળા કાચ બંધ કરી પોતાની સાથે શરીર સબંધ બાંધ્યો હતો.

જે બાદ પરિવારજનો પોલીસ મથકે દોડી જતાં ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી પીઆઈ એસ.આર.મેઘાણી અને ટીમે સગીર આરોપીને મોડી રાતે જ પકડી પાડ્યો હતો. જ્યારે અન્ય આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, સગીર આરોપી રાજકોટના નામાંકિત એડવોકેટનો પુત્ર છે. આરોપી અને સગીરા થોડાં સમય પહેલાં એક બગીચામાં મળ્યાં બાદ બંને વચ્ચે વાતચીત થતી હતી અને ગઈકાલે વેલેન્ટાઈન ડે હોવાથી બંને મળવા સાથે નીકળ્યા અને અંત દુષ્કર્મ સુધી પહોંચ્યો હતો. તેમજ ભોગ બનનાર સગીરા ધો.૯ માં અભ્યાસ કરે છે અને આરોપી ધો.૧૧ માં અભ્યાસ કરતો હોવાનું સામે આવ્યું છે.

## પડોશી શખ્સે સગીરાને એક્ટીવામાં બેસાડી અમદાવાદ લઈ જઈ અડપલાં કર્યા

**રેલનગર વિસ્તારનો બનાવઃ તા.૧૩ ના બપોરે સગીરાને લલચાવી ફોસલાવી આરોપી અપહરણ કરી ભગાડી ગયો બાદ રસ્તામાં સતામણી કરી, બીજા દિવસે ઘર પાસે પીડિતાને ઉતારી આરોપી નાસી છૂટ્યો**

**પ્ર. નગર પોલીસે મામલો સામે આવતાં તુરંત આરોપીની ધરપકડ કરી ગુનો દાખલ કર્યો**

રાજકોટ. તા.૧૫

શહેરના રેલનગર વિસ્તારમાં પણ વેલેન્ટાઈન ડે ના દિવસે જાતીય સતામણીનો બનાવ સામે આવ્યો હતો. પડોશી શખ્સે સગીરાનું અપહરણ કરી એક્ટીવામાં બેસાડી અમદાવાદ લઈ જઈ અડપલાં કરતા ખળભળાટ મચી ગયો હતો. બનાવ અંગે પ્ર. નગર પોલીસે ગુનો નોંધી આરોપી મિલન દાવડાની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ અંગે રેલનગર વિસ્તારમાં રહેતી એક ૪૦ વર્ષીય મહિલએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મિલન રાજેન્દ્ર દાવડા નામના શખ્સનું નામ આપતાં પ્ર. નગર પોલીસે બીએનએસ એક્ટ ૧૩૭(૨), ૭૫,૮૭ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેમને સંતાનમાં ૧૭ વર્ષની પુત્રી છે. ગઈ તા.૧૩ ના બપોરના સમયે તેઓની સગીર પુત્રી ઘરેથી થોડીવારમાં આવું તેમ કહીં નીકળ્યાં બાદ સાંજ સુધી પરત ન આવતાં તેઓએ તેમના પતિ સહિતના પરિવારજનોને જાણ કરી હતી. જે બાદ પરિવારજનોએ શોધખોળ આદરતાં કોઈ પતો ન મળતા પ્ર. નગર પોલીસ મથકે દોડી જઇ ગુમ નોંધ લખાવી હતી. જે બાદ પરિવારજનોએ પડોશમાં રહેલ સીસીટીવી ફૂટેજ ચકાસતા તેમાં તે પડોશમાં રહેતાં મિલન સાથે એક્ટીવામાં બેસી જતી જોવા મળી હતી. જે બાદ તેઓએ પોલીસને જાણ કરતાં પીઆઈ વસાવા સહિતનો સ્ટાફ તુરંત હરકતમાં આવી ગયો હતો.

તે દરમિયાન ગઈકાલે રાતના સગીરા ઘરે પહોંચી હતી અને પરિવારજનોએ પૂછતાછ કરતાં તેણીને આરોપી લલચાવી ફોસલાવી અપહરણ કરી અમદાવાદ લઈ ગયો હતો અને રસ્તામાં તેમની સાથે અડપલાં કર્યાની વાત કરી હતી. બાદમાં પોલીસ પાસે પરીવારજનો દોડી જતાં પોલીસે ગુનો નોંધી તુરંત જ આરોપીની ધરપકડ કરી હતી.

વધુમાં જાણવા મળેલ હતું કે, ૨૫ વર્ષીયઆરોપી કુરિયર સર્વિસમાં કામ કરે છે અને ગઈકાલે વેલેન્ટાઈન ડે હોવાથી સગીરાને લલચાવી ફોસલાવી ભગાડી ગયો હતો.

# ઈલેક્ટ્રીકની દુકાનમાં કામ કરતી વેળાએ ૩૦ વર્ષીય યુવક ઢળી પડયોઃ હાર્ટ-એટેકથી મોત

### રેલનગરમાં રહેતા કિરણભાઈ ભીમાળી રાજશ્રી સિનેમા પાસે આવેલ આર.કે.ઈલેક્ટ્રોનિકસમાં કામ કરતો ત્યારે છાતીમાં ગભરામણ થયા બાદ મિત્રએ સારવારમાં ખસેડાયા પણ જીવ બચી ન શકયો, પરીવારમાં અરેરાટી

રાજકોટ,તા.૧૫

રાજકોટમાં યુવાનોમાં હાર્ટએટેકના બનાવોમાં ફરીવાર ઉછાવો આવ્યો હોય તેમ રાજશ્રી સિનેમા પાસે આવેલ ઈલેક્ટ્રીકની દુકાને કામ કરતી વેળાએ ૩૦ વર્ષીય યુવકને હાર્ટ એટેક આવતાં મોત નિપજતા અરેરાટી વ્યાપી ગઈ હતી.પ્રાપ્ત વિગત મુજબ, રેલનગરમાં સાધુવાસવાળી કુંજ રોડમાં કોમ્પ્લેક્ષ પાછળ રહેતાં કિરણભાઈ રવિભાઈ ભીમાળી (ઉ.વ.૩૦)ગઈકાલે બપોરના પોતાની રાજશ્રી સિનેમા સામે આર.કે.ઈલેક્ટ્રોનિક્સ નામની દુકાને હતાં.ત્યારે આમ ફરતી વેળાએ અચાનક છાતીમાં ગભરામણ થતાં તેમના મીત્રને જાણ કરી હતી.બાદમાં તેમનો મીત્ર યુવકને લઈ સિવીલ હોસ્પિટલે પહોંચ્યો હતો. પરંતુ ટુંકી સારવારમાં જ તેમનું મોત નિપજયું હતું.બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે એ ડિવીઝન પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી આવ્યો હતો.અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પિએમમાં ખસેડયો હતો.વધુમાં મૃતક ઈલેક્ટ્રીકને લગતું કામ કરતો અને બે ભાઈમા નાનો તેમજ અપરિણીત હતો. બનાવથી પરીવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

# લોહાણાપરા, ગોંડલ રોડ, વિજય પ્લોટ, મોચીબજારમાં ૩૨ મિલ્કતો 'સિલ'

### મ.ન.પા.ની વેરા વસુલાત શાખા બાકીદારો ઉપર તૂટી પડીઃ બે નળ જોડાણ પણ કટ્ટઃ કુલ રૂા.૪૩.૩૭ લાખનાં વેરાની વસુલાત

રાજકોટ તા.૧૫

રાજકોટ મનપાની વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ની બાકી વેરા રિકવરી ઝુંબેશ પુરપાટ ચાલી રહી છે. ત્યારે આજરોજ બપોર સુધીમાં વેરા વસુલાત શાખાએ વધુ ૩૨ મિલકતોને જુદા જુદા વિસ્તારમાં બાકી વેરા સબબ 'સિલ' મારી દીધા હતા. તેમજ બે નળ જોડાણો પણ કટ કરી દેવાયા હતા. જયારે ૭ બાકીદારો સામે સિલની કાર્યવાહી કરાતા બાકી વેરાની વસુલાત થઈ ગઈ હતી અને આજે બપોર સુધીમાં કુલ રૂા.૪૩.૩૭ લાખનાં બાકી વેરાની વસુલાત કરવામાં આવી હતી.

દરમ્યાન વેરા વસુલાત શાખાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ વોર્ડ નં.૩નાં લોહાણાપરા વિસ્તારમાં આવેલ રઘુનાથજી આર્કેડના ફર્સ્ટ ફ્લોર ઉપર ૬ દુકાનોને સિલ મારી દેવાયા હતા.







જયારે લોહાણાપરામાં જ આવેલ સદગુરૂ સદનમાં ૧૩ યુનિટોને અને મોચીબજારમાં આવેલ ગોકુલ કોમ્પલેક્ષનાં ફર્સ્ટ ફ્લોર ઉપર દુકાન નં.૯ને સિલ મારી દેવાયું હતું. જયારે ભાવનગર રોડ ઉપર આવેલ અનમોલ પાર્કમાં શોપ નં.૩ને અને ગોંડલ રોડ ઉપર આવેલ જીમ્મી ટાવરના ગ્રાઉન્ડ ફલોર, સેવન્થ ફલોર, સિકસ ફલોર, પાંચમો અને ચોથો માળ તથા ગ્રાઉન્ડ ફ્લોર ઉપર કુલ આઠ શોપને બાકી વેરા અંગે સિલ મારી દેવાયા હતા. તેમજ વિજય પ્લોટમાં બે યુનિટને, કેવડાવાડી મેઈન રોડ ઉપર એક યુનિટને સિલ મારી દેવાયું હતું.

ઉપરાંત વોર્ડ નં.૧૫નાં નવા થોરાળામાં એક નળજોડાણ અને વોર્ડ નં.૧૮માં એક નળજોડાણને બાકી વેરા સબબ કટ્ટ કરી દેવાયા હતા.

આમ આજરોજ બપોરે ૧ કલાક સુધીમાં કુલ ૩૨ મિલકતોને સીલ મારેલ તથા ૭ મિલકતોને સીલની કાર્યવાહી કરતા રીકવરી થયેલ તથા ૨ યુનીટની નોટીસ સામે રીકવરી થયેલ તથા ૨ નળ કનેકશન કપાત થયેલ તથા આજદિનની રીકવરી રૂા.૪૩.૩૭ લાખ થઈ હતી. જયારે ૧/૪/૨૦૨૪થી આજ દિન સુધીની રીકવરી રૂા.૩૬૦.૩૮ કરોડ થઈ છે. આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે. નંદાણી તથા આસી.કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ, સિધ્ધાર્થ પંડયા, ભાવેશ પુરોહિત, વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા, ફાલ્ગુની કલ્યાણી, ઈસ્ટઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેકટર દ્વારા કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

# પ્રતિબંધિત પ્લાસ્ટિક વાપરતા વધુ ૩૬ વેપારીઓ દંડાયા

### જાહેરમાં ગંદકી કરનારા પાસેથી રૂા.૮૪૦૦નો વહીવટી ચાર્જ વસુલ

રાજકોટ,તા.૧૫

રાજકોટ મહાનગરપાલિકા વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા તા. ૧૩/૦૨/૨૦૨૫ થી ૧૪/૦૨/૨૦૨૫ એમ કુલ ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૩૬ આસામીઓ પાસેથી ૨.૧૨૮ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૮૪૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.



સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૧ આસામીઓ પાસેથી ૦.૯૨ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૨૬૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૧ આસામીઓ પાસેથી ૦.૪૨૮ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૨૪૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૪ આસામીઓ પાસેથી ૦.૭૮ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.



# ભારત સરકાર દ્વારા રાજકોટ શહેર-જિલ્લાના ૧૨૫ થી વધુ વકીલોની નોટરી તરીકે નિમણૂક

રાજકોટ, તા.૧૫

રાજકોટ શહેર જિલ્લાના આશરે ૧૨૫થી વધુ એડવોકેટની ભારત સરકાર દ્વારા નોટરી તરીકે નિમણૂક કરવામાં આવી છે.અગાઉ ગુજરાતભરના અસંખ્ય વકીલોએ નોટરીના લાયસન્સ મેળવવા માટે કેન્દ્ર સરકારના કાયદા વિભાગમાં અરજી કરી હતી. જે પછી કાયદા વિભાગ દ્વારા નિમણૂકના હુકમો કરાયા હતા. જોકે નિમણુંક અંગેના સર્ટિફિકેટ મોકલાયા નહોતા. ત્યારે હવે રાજકોટ શહેર જિલ્લાના અંદાજે ૧૨૫થી વધુ વકીલોને નોટરી સર્ટિફિકેટ અપાયા છે. શહેરના એડવોકેટ પંકજ દોંગા, સત્યેન ચાંગેલા, જે. કે. રાઠોડ, સુરેશ પંડ્યા, વિજયભાઈ રૈયાણી, સિધ્ધરાજસિંહ જાડેજા, રાજભા ઝાલા, ભાવિન વ્યાસ, જગદીશ ચોટલીયા, ધર્મેન્દ્ર જરીયા, હિતેશ પંડ્યા, હર્ષાબેન પંડ્યા, સુરેન્દ્ર મલકાન, કૌશિક ખરચલીયા, અનિમેષ ચૌહાણ, યોગીરાજસિંહ રાણા, કૈલાસ સાવંત, વિમલ ડાંગર, કૌશિક ખરચલીયા, અનિલ ભટ્ટ સહિત લગભગ ૧૨૫થી વધુ વકીલોને નોટરી તરીકે ભારત સરકાર દ્વારા નિમણૂક અપાય છે. નોટરી અંગેની નિમણૂકો જેઓને મળેલ છે. જેથી નિમણુંક પામેલ વકીલો પર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# બર્થડે બોયને દારૂથી નવડાવતા હોવાનો વીડિયો વાઈરલ

### દારૂની બોટલ સાથે યુવાનો ઝૂમ્યા, ગોંડલનો વીડિયો હોવાનો દાવો

રાજકોટ, તા.૧૫

વર્તમાનમાં સોશ્યલ મીડિયા પર ચર્ચામાં આવવા યુવાનો રિલ્સના રવાડે ચડ્યા છે. વાહનોના સ્ટંટ હોય કે, હથિયાર બતાવી રોફ જમાવવાનો પ્રયાસ હોય, જાહેર રોડ પર ભડકા કરવાના હોય કે, તલવારથી કેક કાપવાની હોય, નિયમોને નેવે મુકી રિલ્સ બનાવાય છે. ત્યારે હાલમાં બર્થડે બોયને દારૂથી નવડાવતા હોવાનો વીડિયો વાઈરલ થયો છે. કેટલાક યુવાનો દારૂની બોટલ સાથે ઝૂમતા જોવા મળ્યાં છે. આ ગોંડલનો વીડિયો હોવાનો દાવો થઈ રહ્યો છે. જેમાં એક યુવાનનો બર્થડે હોવાથી અન્ય યુવાનો તેને દારૂથી નવડાવતા હોવાનું જણાય છે. જોકે હજુ સુધી આ અંગે પોલીસે સત્તાવાર કોઈ માહિતી આપી નથી. જોકે તપાસ પોલીસે હાથ ધરી છે.





# વિજ્ઞાન જાથાએ સ્ટિંગમાં જે ભુઈમાને પકડ્યા તે નિતાબેને પાડોશી મહિલાને જાનથી મારી નાખવા ધમકી આપી

### ભાવનાબેન ભોજાણીએ માલવીયા નગર પોલીસ મથકે ભુઈમા નિતાબેન અને તેના દીકરા ઉમંગ સામે ફરિયાદ નોંધાવી

રાજકોટ, તા.૧૫

વિજ્ઞાન જાથાએ સ્ટિંગમાં જે ભુઈમાને ખુલ્લા પાડ્યા તે તે નિતાબેને પાડોશી મહિલાને જાનથી મારી નાખવા ધમકી આપી હોવાનો આક્ષેપ થયો છે. ફરિયાદી ભાવનાબેન ભોજાણીએ માલવીયા નગર પોલીસ મથકે ભુઈમા નિતાબેન અને તેના દીકરા ઉમંગ સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં ભાવનાબેન જેનીશભાઈ ભોજાણી (ઉ.વ. ૩૪, રહે. મેઘમાયા નગર શે.નં. ૨, નાનામવા મે.રોડ)એ જણાવ્યું કે, મારે સંતાનમાં બે દિકરા છે. મારા પતિ દોઢેક વર્ષ પહેલા અવસાન પામેલ છે. ગઇ તા.૯/૨/૨૫ ના સાંજના આશરે સાડા પાંચેક વાગ્યે અમારી બાજુમાં રહેતા નિતાબેન દિનેશભાઈ ભોજાણી કે, જેના ઘરે વિજ્ઞાન જાથા વાળા આવેલ હોય અને આ દરમ્યાન હું પણ બહાર જોવા માટે નિકળેલ હતી. આ દરમ્યાન આ નિતાબેન ભોજાણી મારી સાથે એકધારું જોવા લાગેલ અને કહેવા લાગેલ કે, તું અહીં શું જોવા માટે આવી છે. તું અહીંથી જતી રહે. આમ કહીં મારી સાથે ઝગડો કરવા લાગેલ હતા. આ દરમ્યાન મારા બંન્ને દિકરા પણ બહાર આવેલ અને મેં ઝગડો કરવાની ના કહેલ આ દરમ્યાન નિતાબેનનો દીકરો ઉમંગ દિનેશભાઈ ભોજાણી પણ આવી ગયેલ હતો અને તે પણ મારી સાથે ઝગડો કરવા લાગેલ હતો. બાદમાં ત્યાં માણસો ભેગા થઈ ગયા હતા. નીતાબેન અને તેનો દીકરો બંન્ને જણા મને કહેવા લાગેલ કે તું અહીંથી જતી રહે નહી તો તને જાનથી મારી નાખીશ. તારા દિકરાને પણ મારી નાખીશ. જેથી હું તથા મારા બંન્ને દિકરા અમારા ઘરમાં જતા રહેલા હતા.

## અવસાન નોંધ

**રાજકોટ:** મુળ દ્વારકા નિવાસી હાલ રાજકોટ નિવાસી ભૂગુરામ મૌતીરામ કાપડીના (નિવૃત એ.જી.કર્મચારી)ના ધર્મપત્નિ વિજયાબેન ભૂગુરામ કાપડી (કાંતાસ્ત્રી વિકાસ ગૃહના શિક્ષીકા) તા.૧૪ના રોજ રામચરણ પામેલ છે.તે ભાનુબેન કિશનદાસ દુધરેજીયાના તથા સુશીલાબેન શાંતીદાસ દુધરેજીયા તથા કિશનદાસ તથા શાંતીદાસ દુધરેજીયા (જમાઈ) તથા તુલસીદાસ બી.ગોંડલીયા (એડવોકેટ)ના ભાભી થાય તેમનું બેસણુ તા.૧૭/૦૨/૨૦૨૫ના સાંજના ૪:૩૦ થી ૬ સ્થળ રામેશ્વર મંદિર, રામેશ્વર ચોક એરોડ્રામ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

## જી.આઈ.ડી.સી. મેઈન રોડ પર સ્વીફટ કારમાંથી વિદેશી દારૂનો જથ્થો જપ્ત



થોરાળા પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ. એન.આર.ડોબરીયા સહિતના સ્ટાફે પેટ્રોલીંગ દરમિયાન જી.આઈ.ડી.સી. મેઈન રોડ માઈક્રો મેન્યુફેકચરના કારખાના સામે મારૂતી સ્વીફટ કારમાં ગેસના બાટલામાં ચોરખાનુ બનાવી સંગ્રહ કરેલ બોટલ નંગ દર કિ.રૂા.૧૧૦૦૦ સાથે સ્વીફટ કાર નં. જી.જે.૦૩ એમ.ઈ.૩૫૮૬ કબ્જે લઈ કાર ચાલકની શોધખોળ આદરી છે.

આ કામગીરી પો.ઈન્સ.એન.જી.વાઘેલા તથા પોલીસ સબ ઈન્સ. એન.આર.ડોબરીયા તથા એ.એસ.આઈ. ભાવેશભાઈ વસવેલીયા તથા પો.કોન્સ. હરદીપસિંહ ઝાલા તથા ટી.આર.બી. રાહુલ સીતાપરા કરી હતી.

# ઓનલાઈન ગેમમાં રૂા.૪૦ હજાર હારી જતા જિંદગી ટૂંકાવી લીધી

### કંપનીમાં કામ કરતા કર્મચારીને લુડો રમવાની આદત પડી ગઈ હતી.

ઓનલાઇન ગેમ કે પછી કોઈ પણ પ્રકારના જુગારમાં પૈસા હારી ગયા બાદ અઘટિત બનાવો બને અને અણધાર્યા પગલા ભરવામાં આવે તેવી ઘટનાઓ અગાઉ અનેક વખત સામે આવી છે તેવામાં મોરબી જિલ્લામાં ઓનલાઈન ગેમમાં ૪૦,૦૦૦ હારી જતા ટેન્શનમાં આવી ગયેલા યુવાને ઝેરી દવા પી લેતા તેને સારવારમાં ખસેડવામાં આવેલ હતો અને સારવાર દરમિયાન તે યુવાનનું મોત નીપજયું હતું જેથી આ બનાવની વાંકાનેર તાલુકા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે બનાવની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જાણવા મળતી માહિતી પ્રમાણે મૂળ મધ્યપ્રદેશનો રહેવાસી અને હાલમાં મોરબી જિલ્લામાં વાંકાનેર તાલુકાના સરતાનપર રોડ ઉપર આવેલ મોટો કંપનીમાં રહેતો અને કામ કરતો પ્રિન્સસિંહ તિલકધારીસિંહ (૧૯) નામનો યુવાનો ઝેરી દવા પી ગયો હતો જેથી કરીને તેને મોરબીની સરકારી હોસ્પિટલમાં સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે મોરબીની મંગલમ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો અને ત્યાંથી વધુ સારવાર માટે તેને જબલપુરની નેશનલ હોસ્પિટલમાં લઈ ગયા હતા અને ત્યાં ચાલુ સારવાર દરમિયાન તે યુવાનનું મોત નીપજ્યું હતું જેથી કરીને આ બનાવની સુમિતભાઈ સુધીરભાઈ જાટ (૩૩) વોર્ડ બોય નેશનલ હોસ્પિટલ મધ્યપ્રદેશ વાળાએ મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે જાણ કરતા પોલીસે બનાવની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે અને વધુમાં સૂત્રો પાસેથી મળતી વિગત પ્રમાણે જુબી લુડો ઓનલાઈન ગેમમાં મૃતક યુવાન ૪૦,૦૦૦ રૂપિયા હારી ગયો હતો જેથી ટેન્શનમાં આવી જતા પોતે પોતાની જાતે ઝેરી દવા પી લીધી હતી અને સારવાર દરમિયાન તે યુવાનનું મોત નીપજ્યું છે કાર્યવાહી શરૂ કરી છે.

# ગાંધીગ્રામમાં પાણીના પ્લાન્ટવાળા જયરાજ વાળાએ ત્રણ મહિલા પર પાઈપથી હુમલો કર્યો

### શાંતિનગર વિસ્તારમાં રહેતી મહિલા તેમના દિયર સાથે કેમ ઝઘડો કર્યો કહેવા જતાં આરોપી ઉશ્કેરાયો અને તૂટી પડ્યો, માથા ફોડી નાંખ્યાઃ ઈજાગ્રસ્તને સારવારમાં ખસેડાયાઃ પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી

રાજકોટ. તા.૧૫

ગાંધીગ્રામમાં પાણીના પ્લાન્ટ વાળા જયરાજ વાળાએ ત્રણ મહિલા પર પાઈપથી હુમલો કરી માથા ફોડી નાંખ્યા હતાં અને ત્રણેય મહિલાઓને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાઈ હતી. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી હતી.

બનાવ અંગે શાંતિનગર શેરી નં.૧ માં રહેતાં દિવ્યાબેન નીતિનભાઈ ડાભી (ઉ.વ.૨૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે હર્ષ જયરાજ વાળા (રહે. ગાંધીગ્રામ) નું નામ આપી જણાવ્યું હતું કે, તેણી પરિવાર સાથે રહે છે અને ઘરકામ કરે છે. તેમના દિયર લલીતભાઈ ડાભી જેઓ ગાંધીગ્રામ શેરી નં.૪ માં રહે છે તેમના ઘરે ગઈ કાલ રાત્રિના જમવા માટે ગયેલ હતા. રાત્રિના તેમના દિયર લલીતભાઈ ઘર નજીકમાં આવેલ પાણીના પ્લાન્ટ ખાતે પાણીનો કેરબો ભરવા માટે ગયેલ હતા. તેમની સાથે પાણીના પ્લાન્ટ વાળાએ માથાકુટ ઝઘડો કરતા તેઓ ઘરે આવીને બનાવ અંગે જાણ કરી હતી.

જેથી તેણી તેના દેરાણી બંસીબેન અને તેમના બહેન ક્રિષ્નાબેન રાત્રીના પાણીના પ્લાન્ટ ખાતે ગયેલ અને ત્યાં બેસેલ ભાઈને સમજાવેલ કે, મારા દિયર સાથે કેમ તમે કારણ વગર ઝઘડો કરો છો તો આ પાણીના પ્લાન્ટ પર બેસેલા ભાઈએ ઉશ્કેરાઈ જઈ ગાળો ગાળો કાઢી પ્લાસ્ટિકના પાઈપ વડે આડેધડ મારવા લાગ્યો હતો. જેમાં તેઓને હાથ અને મુઢ કપાળના ભાગે પાઇપ વાગતા ફૂટ થયેલ અને માથામાંથી લોહી નીકળવા લાગેલ હતું. તેમજ દેરાણી બંસીબેનને હાથ પાસે પાઇપનો ઘા ઝીંકી પેટના ભાગે લાત મારતા મૂઢ ઇજા થયેલ હતી. ઉપરાંત દેરાણીના બહેન ક્રિષ્નાબેનને પણ માથાના ભાગે પાઇપ વાગતા ફૂટ થયેલ હતી.

બાદમાં બનાવ સ્થળે લોકો એકઠાં થતા વધું મારમાંથી છોડાવી ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. બાદમાં જાણવા મળેલ કે, આ પાણીના પ્લાન્ટ વાળા વ્યક્તિનું નામ હર્ષ જયરાજ વાળા છે. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી પીએસઆઇ એસ.એલ.ગોહિલ અને ટીમે તપાસ હાથ ધરી હતી.

### વધુ એક નેતાને વિવાદમાં લાવી ખત્મ કરવાનો સીલસીલો યથાવત : પાટીદાર દિકરીનો મુદ્દો ઉઠાવતા દિનેશ બાંભણીયા

# મેયરના મુદ્દાને સમાજ સાથે ન જોડવા મેયરની અપીલ : અંતે મામલો શાંત કરતા નયનાબેન

## ભાજપે જ તેમને શહેરના પ્રથમ નાગરિક બનાવ્યા છે : જયમીન ઠાકર નાના ભાઇ જેવા : વાહન કિ.મી.ના દર અંગે અધિકારીએ ભુલ કરી : સામાન્ય વાતને આગ ચાંપવાને બદલે વિકાસ કામો તરફ ધ્યાન આપવાની જરૂર : પક્ષની પ્રતિષ્ઠા પર વાત આવતા સૌ ઠંડા પડયા

રાજકોટ, તા. ૧૫

રાજકોટના મેયર નયનાબેન પેઢડીયાના સત્તાવાર કારમાં પ્રયાગરાજના પ્રવાસનો મુદ્દો અને વિવાદ ભડકાની જેમ સળગાવવાનો પ્રયત્ન થયો છે ત્યારે ગઇકાલે મેયરે મહિલાની ગરીમા દુભાઇ હોવાની લાગણી દુઃખ સાથે વ્યકત કરી હતી. આ દરમ્યાન આ મામલે પાટીદાર સમાજને આગળ ઢસડવા પ્રયાસ થતા ભાજપના પદાધિકારી અને સંઘ સમર્પિત પરિવારના સદસ્ય તરીકે નયનાબેન આગળ આવ્યા છે. તેમણે આ વિવાદ અને વાત હવે પૂર્ણ કરવાની તરફેણ કરીને આ મુદ્દાને સામાજીક ન બનાવવા જાહેર અપીલ કરી છે. તો ગાડીનું પ્રતિ કિ.મી. ભાડુ રૂા.બે હોવાની ચેરમેન કરેલી વાતમાં ઇન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અમિત દવેની ભુલ હોવાનું ખુદ તેમણે લેખિતમાં આપતા ચેરમેન અને પોતાની વચ્ચે કોઇ વિવાદ ન હોવાની પણ સ્પષ્ટતા કરી છે.

છેલ્લા ચાર દિવસથી મેયરે કરેલા કુંભ પ્રવાસનો મુદ્દો ઉછળ્યો છે. મેયરે સત્તાવાર કારમાં પ્રવાસ કરીને સરકારી સુવિધાનો દુરૂપયોગ કર્યાના મેસેજ એકાએક વાયરલ થતા હોબાળો થયો હતો. આ બાદ તે જ દિવસે બપોરે સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે પ્રતિ કિ.મી. માત્ર રૂા.બેના ભાડાથી પદાધિકારીઓ મંજૂરી લઇને આવા પ્રવાસ કરતા હોવાની વાત કરવા સાથે છેલ્લે સુધારેલુ આવેલુ ભાડુ લાગુ કરવા ઠરાવ કરવામાં આવશે તેવો ખુલાસો કર્યો હતો. આ સમગ્ર વિવાદના કેન્દ્રમાં અંતે રૂા.બેનું ભાડુ આવી ગયું હતું. પરંતુ અધિકારીની ગેરસમજણના કારણે આ ઇસ્યુ લંબાઇ ગયાનું હવે દેખાયુ છે.



દરમ્યાન આજે પાટીદાર સમાજના નેતા દિનેશ બાંભણીયાએ એક ટવીટ કરીને જણાવ્યું હતું કે રાજકોટના મેયરના ટ્રાવેલિંગના નામે હવે વધુ એક નેતાને વિવાદમાં લાવીને ખત્મ કરવાનો સીલસીલો યથાવત રહ્યો છે. તેનું કારણ માત્ર પાટીદારની દિકરી છે એ જ.. મારૂ કામ માત્ર ધ્યાન દોરવાનું.. જોવાનું સમાજે.. અને મતદારોએ..

આ રીતે આ વિવાદ સમાજ લેવલે લઇ જવા પ્રયાસ થતા મેયર નયનાબેન પેઢડીયાએ આજે આ વિવાદ જાતે ઠંડો પાડવા પ્રયાસ કર્યો છે. ગઇકાલે મેયરે દુઃખ સાથે કહ્યું હતું કે પ્રયાગરાજ ખાતે તેમની પાછળ માણસો દોડાવવામાં આવ્યા હતા. તેમના ફોટા પ્લાન મુજબ વાયરલ કરવામાં આવ્યા છે. મહિલા તરીકે પણ તેમની ગરિમા જળવાઇ નથી. કેટલાક લોકો આ ષડયંત્ર પાછળ હોવા વિશે તેઓ યોગ્ય સમયે પાર્ટી સમક્ષ સંપૂર્ણ ચર્ચા કરશે. આ બાદ આજે તેઓએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, આ પ્રશ્નમાં પાટીદાર સમાજ કક્ષાએ લઇ જવા જેવી કોઇ સ્થિતિ નથી. તેઓ રાષ્ટ્રીય સેવક સમિતિના સેવક અને સંઘ સમર્પિત પરિવારના સભ્ય છે. ભાજપે જ તેમને મેયર બનાવ્યા છે. સમાજના કોઇ મોભીને પણ આ વિવાદથી દુઃખ થયું હોય તેવું બન્યું હશે પરંતુ પોતાને આ અંગે કોઇ સત્તાવાર જાણ નથી. સમાજમાં તેમને ટાર્ગેટ બનાવવામાં આવ્યાની કોઇ વાત નથી. સ્ટે.ચેરમેન જયમીન ઠાકર તેમના નાના ભાઇ છે અને હવે આ વિવાદ પુરો કરવા જેવો છે.

રાજકોટ અને સમગ્ર સમાજના વિકાસ માટેના અનેક કામો રહેલા છે. સૌએ આવી વાતો ભુલીને હવે તમામ લોકો અને રાજકોટના વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઇએ. લોકો પણ આવા વિવાદ સમયે ભુલી જતા હોય છે. એટલે આપણે પણ મુખ્ય કામ પર ધ્યાન વાળવું જોઇએ. આવા વિવાદોને આગ લગાડવાનું કામ પણ કોઇએ કરવું ન જોઇએ. સૌના કર્યા સૌ ભોગવશે. પાર્ટીના કોઇ પ્રશ્ન હોય તો પરિવારની જેમ તે બેસીને ઉકેલવામાં આવશે.

દરમ્યાન શહેર ભાજપથી માંડી પ્રદેશ ભાજપ સુધી આ મુદ્દો પહોંચ્યો હતો. આથી રાજકોટ ભાજપને આવા વિવાદ તાત્કાલીક પૂરા કરવા સીનીયર નેતાઓએ સૂચના પણ મોકલ્યાનું જાણવા મળ્યું હતું.

# ઇ.ફાયર ઓફિસર પર ઠીકરૂ ફૂટયું; લેખિતમાં માફી માંગી : વિવાદના કુંભ ઓવરફલો!

### અમિત દવેએ કહ્યું કે પ્રતિ કિ.મી. વાહનના ભાડાની માહિતી આપવામાં ભુલ થઇ : સૌએ સ્વીકાર પણ કરી લીધો : પ્રદેશ સુધી પડઘા : ગેમઝોન અગ્નિકાંડ બાદ ભાજપ નેતાઓ વચ્ચે વેલ્ડીંગ થતું જ નથી!

રાજકોટ, તા. ૧૫

રાજકોટના પ્રથમ નાગરિક અને મેયર નયનાબેન પેઢડીયા તાજેતરમાં પ્રયાગરાજ ખાતે મેયરની સત્તાવાર કારમાં કુંભ સ્નાન કરવા ગયા બાદ પાછળથી એકાએક ઉઠેલા વિવાદે રાજકોટ કમલમથી માંડી પ્રદેશ ભાજપ સુધી ઘેરા પડઘા પાડયા છે. આજે તો આ મુદ્દાને સામાજિક રંગ આપવા પણ પ્રયાસ થયો હતો. તે દરમ્યાન મેયરે મામલો સંભાળીને વિવાદ પુરો કરવાની વાત કરી છે. પરંતુ શહેર અને મનપા ભાજપમાં કંઇ ઠીકઠાક નહીં હોવાની છાપ તાત્કાલીક ભુસાઇ તેમ નથી. મેયરે મહિલા ગરીમા, તેમની પાછળ માણસો મોકલવા, ભાડુ પ્રતિ રૂા.બે કિ.મી. હોવાની વાત સહિતની કરેલી વાતો પણ ઉપર સુધી પહોંચી છે. તે દરમ્યાન હાલ આ મામલે કોઇ નેતા કે પદાધિકારીઓનો નહીં પરંતુ તંત્રના પગારદાર અધિકારીનો જ વાંક નીકળતા આ રાજકીય વિવાદમાં અધિકારી ઉપર જ દોષનો ટોપલો ઢોળવામાં આવ્યો છે.

ચીફ ફાયર ઓફિસરના વર્ગ-૧ના હોદ્દાનો હવાલો સંભાળતા વર્ગ-૩ના સ્ટેશન ઓફિસર અમિત દવે કામના આ બોજ અને અનેક પ્રકારની મુશ્કેલીના કારણે અગાઉ રાજીનામુ આપી ચૂકયા હતા. જે હજુ મંજૂર કરાયું નથી. તેવામાં પ્રતિ કિ.મી. રૂા. બેનું ભાડુ હોવાની વાત તેમણે શરતચૂકથી કર્યાની લેખિત માફી માંગ્યા જેવો પત્ર લખી નાખ્યો છે. આ રીતે હાલ તો મામલો ઓફિસ લેવલે પતાવવામાં આવ્યો છે. પરંતુ ભાજપમાં ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ બાદ સરકારી કામગીરી સ્થગિત થવા, પદાધિકારીઓ વચ્ચે મતભેદો, એક વખત પદાધિકારીની ટીમ બદલવાની વાત, છેલ્લે સંગઠનમાં ફેરફારની પ્રક્રિયા વચ્ચે આ સમયમાં સત્તા અને સંગઠનના લોકો વચ્ચે ઉલ્ટાનું મતભેદોની ખાઇ વધુ ઉંડી ઉતરી ગયાનું ચિત્ર બહાર આવ્યું છે.

આ પુરા વિવાદ માટે એક રીતે ઇન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અમિત દવેને જવાબદાર ઠરાવી દેવામાં આવ્યા છે. ગઇકાલે સાંજે આ અધિકારીએ સ્ટે.ચેરમેનને એક પત્ર લખ્યો છે. તેમાં તેઓએ જણાવ્યું છે કે તા.૧૦-૨ના સોમવારે સવારે ૧૧.૩૦ કલાકે સ્ટે.ચેરમેનનો તેમને ફોન આવ્યો હતો. પદાધિકારીઓને હોદ્દાની રૂએ ફાળવવામાં આવતી કાર ગુજરાત રાજય કે રાજયની બહાર અંગત કારણોસર વપરાશમાં લેવામાં આવે તેનો ચાર્જ પ્રતિ કિ.મી. કેટલા રૂપિયા લેખે લેવામાં આવે છે તે અંગે પુછપરછ કરી હતી. આથી તેમણે પ્રતિ કિ.મી. રૂા. બે લેખે ચાર્જ લેવામાં આવતો હોવાનું જણાવ્યું હતું. આ બાદ ચેરમેને તેમને આ અંગે કોઇ ઠરાવ થયો હોય તો કેટલા સમય પહેલા થયો છે તેની માહિતી માંગી હતી. આ અંગેનો ઠરાવ આશરે દસ વર્ષ અગાઉ થયો હશે તેવી જાણ કરી હતી.

પરંતુ આ અંગેના ઠરાવની ચકાસણી કરતા જુના ઠરાવ મુજબ હુકમ નંબર રા.મ્યુ.કો.એ.ડી.એમ.૨૮૦ તા. ૨૨/૦૬/૮૧ મુજબ પ્રતિ કિ.મી. રૂા. બે મુજબ નિયત થયેલ તેની નકલ આપી હતી. બાદ નવા ઠરાવ મુજબ હુકમ નં. રા.મ.ન.પા./હિસાબી/જા.નં.-૫૭૭ તા. ૨૫/૦૫/૨૦૨૨ના રોજ પ્રતિ કિ.મી. રૂા.૧૦ મુજબ નિયત થયેલ છે. તેની નકલ પણ આપી છે. તા.૧૦/૨/૨૫ના રોજ સ્ટે.કમીટી ચેરમેનને ટેલીફોનિક જાણ કરી હતી પરંતુ ૨૦૨૨માં થયેલ હુકમ તેઓની જાણ બહાર હોવાથી શરતચુક રહી ગઇ હતી. ભવિષ્યમાં આવી કોઇ પણ પ્રકારની બેદરકારી ન થાય તેની તકેદારી રાખવાની બાંહેધરી પણ અધિકારીએ લેખિતમાં આપી છે.

આ વિવાદ પ્રથમ વખત જાગ્યા બાદ તે જ દિવસે ચેરમેને રૂા. બેના ભાડા અને નવા ઠરાવ કરવાની વાત કરી હતી. પરંતુ ફાયર અધિકારીએ માહિતી આપવામાં ભુલ કર્યાનું કબુલ્યુ છે. મેયરે પણ આ વાત માની લીધી છે. હાલ તો આ પુરો મામલો શાંત પાડવા પ્રયાસ થયો છે. પરંતુ કુંભના બદલે વિવાદની ડૂબકી મારીને કોણે કોણે કઇ કઇ પ્રકારના પાપ ધોયા અને કર્યા તે પણ ચર્ચાનો વિષય બન્યો છે. કમિશ્નરથી માંડી મેયર, ચેરમેન સહિતના મુખ્ય પદાધિકારીઓના અંગત સલાહકારોની વાત પણ કયારેક આવા પ્રકરણમાં મહત્વની બની જતી હોય છે. ગઇકાલે મેયરે જે રીતે લાગણી અને ભાવનાસભર દુઃખ છલકાવ્યું તેનાથી ઘણા લોકો દુઃખી પણ થઇ ગયા છે. આ પ્રકરણમાં માત્ર અમુક પદાધિકારી નહીં પરંતુ કેટલાક અંગત અધિકારીઓએ પણ પોતાનો દાવ કાઢી લીધાની છાપ ઉપસી છે. પરંતુ હાલ તો ગાળીયો અધિકારીઓ પર આવી ગયો છે.

# BSNL દ્વારા એક લાખ 4G ટાવરનો લક્ષ્યાંક, સાત નવી સેવાઓ શરૂ

### સ્પામ મુકત નેટવર્ક રાષ્ટ્રીય વાઈ-ફાઈ રોમિંગની સાથે હવે ડાયરેકટ ટુ ડીવાઈસ સેવા દ્વારા ઉપગ્રહથી ઉપકરણ કનેકટીવીટી મળશે

રાજકોટ,તા.૧૫

સરકારી દૂરસંચાર કંપની બી.એસ.એન.એલ.એ ૧૭ વર્ષના લાંબા સમય ગાળા બાદ ત્રીજા કવાર્ટરમાં રૂા.૨૬૨ કરોડનો નફો કરેલ છે. વર્ષ ૨૦૦૭ બાદ બી.એસ.એન.એલ.એ સૌ પ્રથમવાર આ નફો કર્યો છે તેની સાથોસાથ સાત નવી સેવાઓ પણ શરૂ કરી છે. (બી.એસ.એન.એલ.ના અધ્યક્ષ અને ચીફ મેનેજીંગ ડીરેકટર એ રોબર્ટ જે રવિએ જણાવ્યુ હતું કે બી.એસ.એન.એલ.ની આવકના વધારા માટે નોંધપાત્ર ટર્નઅરાઉન્ડ, ૪જી નેટવર્કનું વિસ્તરણ અને ખર્ચ ઑપ્ટિમાઇઝેશનની વ્યૂહરચનાને આભારી છે. નાણાકીય વર્ષના અંત સુધીમાં ૨૦% વૃદ્ધિનો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

બીએસએનની સેવાઓથી આવક વધી છે તેમાં મુખ્યત્વે, મોબાઈલ સેવાઓની આવકમાં ૧૫%નો વધારો, ફાઇબર-ટુ-ધ-હોમ આવક માં ૧૮%નો વધારો લીઝ્ડ લાઇન સેવાઓમાં ૧૪% નો વધારો મુખ્ય છે આ ઉપરાંત ટેરિફના દર યથાવત રાખવાથી અને સેવાઓમાં નોંધપાત્ર સુધારા ને લીધે ઘણાં જુના ગ્રાહકો એ ઇજાફામાં ફરી વિશ્વાસ વ્યકત કરી જોડાયા છે.

બીએસએનએલએ તેના નાણાં ખર્ચ અને એકંદર ખર્ચમાં મહત્તમ ઘટાડો કર્યો છે, જે પાછલા વર્ષની તુલનામાં નુકશાનીમાં નોંધપાત્ર ઘટાડો દર્શાવે છે. ઇજાફાની આવક વધારવા અને સેવાઓ સુધારવા માટે ૪ જી નેટવર્કના વિસ્તરણને જડપી બનાવ્યું છે તેના ખર્ચને પહોંચી વળવા માટે યુનિયન કેબિનેટે ૬,૦૦૦ કરોડ મંજૂરી કર્યા છે જે, ઇજાની આશરે એક લાખ ૪ જીની નવી સાઇટ્સ ઉભી કરવામાં મદદ કરશે. ૪ જી નેટવર્ક પાછળ કુલ ૧૯,૦૦૦ કરોડ ખર્ચનો અંદાજ છે જેમાં અત્યાર સુધી ૧૩૦૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

બીએસએનએલ તેમના ગ્રાહકોને ૫ જી સેવા જડપથી શરૂ કરવા ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ફાઇબર-ઑપ્ટિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરને અપગ્રેડ કરી રહ્યું છે અને ટૂંક સમયમાં પૂરું કરવાનો લક્ષ્યાંક છે.

બીએસએનએલએ સાત નવીન સેવાઓ શરૂ કરી છે જેમાં. સ્પામ-મુક્ત નેટવર્ક, રાષ્ટ્રીય વાઇ-ફાઇ રોમિંગ,Ftth ગ્રાહકો માટે આઈએફટીવી જે ફાઇબર-આધારિત ઇન્ટરનેટ દ્વારા ૫૦૦ થી વધુ ટી.વી. ચેનલની ઓફર.

કોઈપણ સમયે સિમ (એટીએસ) કિઓસ્ક જે સીમ ખરીદ, અપગ્રેડ, બદલવું જેવી સેવાઓ એક જગ્યાએ.

ડાયરેકટ-ટુ-ડિવાઇસ સેવા દ્વારા ઉપગ્રહ-થી-ઉપકરણ કનેક્ટિવિટી મળશે.

લોકોની સુરક્ષા માટે સારું નેટવર્ક, કટોકટીના સમયે નેટવર્ક, આપતીના સમયે નેટવર્ક અને જાહેર સુરક્ષાના સમયે ઉપયોગી.

ખાણોમાં ૫ જી કનેક્ટિવિટી થી સરળતાથી કવરેજ. આ સેવાઓ ચાલુ કરી ગ્રાહકોને આકર્ષવાનો પ્રયાસ કર્યો છે. આ સેવાઓ મેળવતા ગ્રાહકોના સારા અભિપ્રાયો થકી આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

બીએસએનએલના સીએમડી, એ. રોબર્ટ જે. રવિએ એક નિવેદનમાં જણાવ્યું છે કે આ ત્રિમાસિક ગાળામાં અમારા નાણાકીય પ્રદર્શનથી અમો ખુશ છીએ,

ગયા વર્ષની તુલનામાં ૧૮૦૦ કરોડ ખર્ચમાં ઘટાડો થયો છે. નવીનતા, ગ્રાહકોનો સંતોષ અને આક્રમક ૪ જી નેટવર્કના વિસ્તરણ પર અમે વધારે ધ્યાન કેન્દ્રિત કર્યું હતુ તેનું આ પરિણામ છે. ઉચ્ચ ગુણવત્તાવાળી અને સસ્તી ટેલિકોમ સેવાઓ થકી કંપનીને સધ્ધર બનાવવાનું અમારું પહેલું લક્ષ છે. તાજેતરમાં યુપી ઈસ્ટમાં ૪ જીની ૪૦૦૦ થી વધારે નવી સાઇટ્સ ઉભી કરવાનો રેકોર્ડ બનાવ્યો છે

# દબાણ-હટાવ શાખાએ સપ્તાહમાં ૬૦-રેકડી, કેબિન અને ૧૯૯૨ બોર્ડ-બેનરો જપ્ત કરી લીધા

### જુદા-જુદા વિસ્તારોમાંથી કુલ રૂા.૩.૮૭ લાખનો વહિવટી ચાર્જ વસુલાયો

રાજકોટ,તા.૧૫

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તારીખ. ૦૧/૦૨/૨૦૨૫ થી ૧૪/૦૨/૨૦૨૫ દરમ્યાન રાજકોટ શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્ત તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ હતી.

કોઠારીયા સોલવન્ટ, કોઠારીયા મેઈન રોડ,સાંઈબાબા સર્કલ, જ્યુબેલી માર્કેટ, જામનગર રોડ, ગુંદાવાડી, ગાયત્રીનગર મેઈન રોડ, મવડી મેઈન રોડ,પુષ્કરધામ મેઈન રોડ,ભીમનગર મેઈન રોડ,રામાપીર ચોકડી પાસેથી રસ્તા પર નડતર રૂપ ૬૦ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી.





પારેવડી ચોક,પાંજરાપોળ હોકર્સ ઝોન,પેડક રોડ,કુવાડવા રોડ,આનંદબંગલા ચોક ,અર્ટીકા,રવિરત્ન પાર્ક ,જામનગર રોડ,કોર્ટ ચોક,ગાયાત્રીનગર,હોસ્પિટલ ચોકડી, રૈયાધાર, જયોતિનગર,નાણાવટી ચોક,પંચાયત ચોક,ગોવિંદબાગ,નાના મૌવા મેઈન રોડ પરથી જુદીજુદી અન્ય ૨૮૯ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ.

કોઠારીયા રોડ,પારેવડી ચોક,સંતકબીર રોડ,જંકશન રોડ,જ્યુબેલી,પંચાયત ચોક,રામાપીર ચોકડી,પુષ્કરધામ મેઈન રોડ,માધાપર રિંગ રોડ,લક્ષ્મિનગર નાલા પાસેથી ૧૯૫૭ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવેલ.

કોઠારીયા રોડ, સંતકબીર રોડ,પેડક રોડ,ભાવનગર રોડ,પુષ્કરધામ મેઈન રોડ,,યુનિ.રોડ,નાણાવટી ચોક,રૈયા રોડ, મવડી વિસ્તાર, સ્વામીનારાયણ ચોક,ઢેબર રોડ,સોરઠીયાવાડી પાસે થી રૂ.૧,૭૭,૩૦૦/- મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે.

૮૦ફુટ રોડ,પારેવડી ચોક ,સંતકબીર રોડ,ધરાર માર્કેટ,કોઠારીયા રોડ,મોરબી રોડ,ભાવનગર રોડ,કુવાડવા રોડ ૮૦ફુટ રોડ,અર્ટિકા ફાટક,જામનગર રોડ,ટાગોર રોડ,આનંદબંગલા ચોક,મવડી મેઈન રોડ,આહિર ચોક પરથી રૂ.૨,૦૯,૯૨૫/- વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

કાલાવડ રોડ,યુનિ. રોડ , ચોક સુધી,સાધુવાસવાણી રોડ, કોઠારીયા રોડ, સંતકબીર રોડ,પેડક રોડ,ભાવનગર રોડ, ઢેબર રોડ,જામનગર રોડ,ટાગોર રોડ,રેસકોર્ષ રિંગરોડ, રામાપીર ચોકડી,કાલાવડ રોડ,યુનિ.રોડ પરથી ૧૯૯૨ બોર્ડ-બેનર જપ્ત કરેલા છે.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે સવારે પણ નહિવત ઠંડી

### દરેક સ્થળોએ ડબલ ડિજીટમાં તાપમાન નોંધાયુ

રાજકોટ, તા. ૧૫


રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે પણ ઠંડી નહિવત રહેવા પામી હતી, જોકે સવારે દિવ, દાહોદ, પોરબંદર અને ગાંધીનગરમાં થોડી ઠંડીનો ચમકારો અનુભવાયો હતો.

આજે સવારે રાજકોટમાં ૧૬.૩, પોરબંદરમાં ૧૩.૨, નલિયામાં ૧૪.૧, વેરાવળમાં ૧૯.૨, કંડલામાં ૧૯, ભુજમાં ૧૭.૨, અમદાવાદમાં ૧૫.૨ ડિગ્રી તથા વડોદરામાં ૧૭.૪, ભાવનગરમાં ૧૬.૫, દાહોદમાં ૧૩.૨, દમણમાં ૧૬.૮, ડિસામાં ૧૭, દિવમાં ૧૩.૮, દ્વારકામાં ૨૧.૨, ગાંધીનગરમાં ૧૩.૫ અને ઓખામાં ૨૨ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

જયારે જામનગર શહેરમાં સતત બીજા દિવસે પણ લઘુતમ તાપમાનનો પારો ૧૬ ડિગ્રી નોંધાયેલ છે .જયારે મહતમ તાપમાન એક ડિગ્રીના વધારા સાથે ૩૨.૭ ડિગ્રી રહ્યુ હતુ.તો શહેરના વાતાવરણમા ભેજનું પ્રમાણ ૭૩ ટકા અને પવનની ગ્રી પ્રતિકલાક ૨ કિમીના વધારા સાથે ૫ કિમિ નોંધાઇ છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૯૦-૨૪૪૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૩૪૦-૨૩૯૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૮૫-૨૨૩૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૩૫-૨૧૮૫ |
| પામોલીયન તેલ | ૨૨૦૦-૨૨૦૫ |
| મસ્ટર્ડ તેલ | ૨૧૫૦-૨૧૮૦ |
| સનફ્લાવર તેલ | ૨૧૪૦-૨૧૬૦ |
| મકાઇ તેલ | ૧૯૯૦-૨૦૧૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૪૦-૨૨૭૦ |
| કોપરેલ | ૩૪૩૦-૩૪૭૦ |
| દિવેલ | ૨૨૨૦-૨૨૩૦ |



**સોનુ-ચાંદી**

| | |
|---|---|
| સોનુ (૧૦ ગ્રામ) | ૮૭૫૫૦(-૧૪૫૦) |
| ચાંદી | ૯૮૪૦૦(-૨૪૪૦) |

# રાજકોટ જિલ્લાની પાંચ પાલિકાની ચૂંટણીમાં ૨૦૦થી વધુ મતદાન મથકો સંવેદનશીલ: કર્મચારીઓએ પોઝીશન લીધી

### ત્રણ લાખથી વધુ મતદારો માટે વહીવટી તંત્ર ખડેપગે

રાજકોટ તા.૧૫

રાજકોટ જિલ્લાની જસદણ, જેતપુર-નવાગઢ, ધોરાજી-ભાયાવદર અને ઉપલેટા એમ પાંચ નગરપાલિકાની અને ગોંડલ, ઉપલેટા, જેતપુર અને જસદણ એમ ચાર તાલુકા પંચાયતની છ બેઠકોની આવતીકાલે યોજાનારી ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજવા માટે તંત્ર સજજ બની જવા પામેલ છે. આ ચૂંટણીમાં ૨૦૦થી વધુ મતદાન મથકોને સંવેદનશીલ જાહેર કરવામાં આવેલ હોય. આવા મતદાન મથકો પર વિશેષ પોલીસ બંદોબસ્ત મુકવામાં આવેલ છે. આ ચૂંટણીમાં ત્રણ લાખથી વધુ મતદારો નોંધાયા છે. આ ચૂંટણી માટે ૪૧૧૦ કર્મચારીઓને ફરજ પર મૂકવામાં આવેલ હોય તેઓએ આજે મતદાન મથકો પર પહોંચી મતદાન મથકોનો કબ્જો સંભાળી લીધો હતો.







# કોઠારીયામાં ૧૫ કરોડના ખર્ચે કોમ્યુનિટી હોલ બંધાશે

### વોર્ડ નં.૧૮ના વિશાળ વિસ્તારને સુવિધા આપવા અંતે ટેન્ડર પ્રસિદ્ધ : દોઢ વર્ષમાં નવો હોલ ધમધમતો થશે

રાજકોટ તા. ૧૫

૨૦૧૫માં રાજકોટ મહાપાલિકામાં ભળેલા વોર્ડ નં.૧૮ના કોઠારીયા વિસ્તારમાં ૧૫ કરોડના ખર્ચે કોમ્યુનિટી હોલ બનાવવા અંતે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. ચાલુ નાણાંકીય વર્ષમાં જ દરખાસ્ત મંજૂર કરી કામનો વર્કઓર્ડર આપવા તંત્રએ તૈયારી કરી છે.

મહાનગરપાલિકાની હદમાં ૧૦ વર્ષ પહેલા ભળેલા કોઠારિયા ગ્રામ પંચાયતના મોટાભાગના વિસ્તારોમાં રોડ-રસ્તા, ડ્રેનેજ સહિતની સુવિધાઓ માટે કોઠારીયાના વિસ્તારોમાં પીવાનું પાણી અને રોડ રસ્તા અનેક સુવિધાઓ આપવા ખર્ચ કરવામાં આવ્યા છે. બીજી તરફ આ વિસ્તારમાં રહેતા લોકોએ કોમ્યુનિટી હોલ બનાવવાની માંગણી કરી હતી. આથી સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વધુ એક કોમ્યુનિટી હોલ બનાવવાનો નિર્ણય તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે. જેના માટે વોર્ડ નં. ૧૮માં ટીપી સ્કીમ નંબર ૧૨ એફપી નંબર ૪૨-એ કોઠારિયાના મહાનગરપાલિકાના ખાલી પડેલા પ્લોટ ઉપર કોમ્યુનિટી હોલ બનાવવામાં ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જેમાં એસ્ટીમેટ પ્રાઈઝ રૂા.૧૪.૯૧ કરોડ રાખવામાં આવેલ હોય ટેન્ડર બીડ થયા બાદ સ્ટેન્ડીંગની દરખાસ્ત અને વર્ક ઓર્ડરની કામગીરીમાં સંભવતઃ એક માસ જેટલો સમય વીતી જશે ત્યાર બાદ વર્કઓર્ડર આપી કામ ચાલુ કરાવવામાં આવશે. ટેન્ડરની શરત મુજબ કોમ્યુનિટી હોલનું કામ એજન્સીએ ૧૮ માસમાં પુર્ણ કરવાનું રહેશે. કોઠારિયા વોર્ડ નં.૧૮માં રૂા. ૧૪.૯૧ કરોડના ખર્ચે કોમ્યુનિટી હોલ માટેની લોકોની વર્ષો જૂની માંગણીનો સ્વીકાર કરી હવે ટુંક સમયમાં અદ્યતન સુવિધાવાળો કોમ્યુનિટી હોલનું નિર્માણ કરવામાં આવશે. આ હોલ લગ્ન પ્રસંગો તેમજ અન્ય કાર્યક્રમો માટે મહાનગરપાલિકાએ નિયત કરેલા ભાડાથી પ્રજાજનોને આપવામાં આવશે. આ રીતે કોઠારીયાને ટુંક સમયમાં કોમ્યુનિટી હોલની ભેંટ મળશે.

# સોના ચાંદીમાં ઉથલપાથલ: ૧૦ ગ્રામે રૂા.૧૪૦૦નો કડાકો

### ચાંદીમાં રૂા.૨૪૦૦નો ઘટાડો

રાજકોટ તા.૧૫

સતત વધતા ભાવ વચ્ચે આજે સોના ચાંદીમાં રાહત જોવા મળી છે. આજે સોનામાં ૧૦ ગ્રામે રૂા.૧૪૫૦ અને ચાંદીમાં રૂા.૨૪૪૦નો કડાકો નોંધાયો છે. છેલ્લા ૨૦ દિવસના સતત ઉછાળા બાદ આજે ભાવમાં મોટો ઘટાડો થયો છે.

વૈશ્વિક બજારમાં મોટી ઉથલપાથલ મચી છે, સતત ભાવ વધારા વચ્ચે આજે ભાવ ઘટતા વેપારીઓમાં રાહત જોવા મળી હતી. ભાવ ઘટતા બજારમાં ખરીદીની ચમક જોવા મળી હતી. આજે સપ્તાહના અંતિમ દિવસે ભાવમાં રાહત મળી છે. ત્યારે હવે વેપારીઓને સોમવારની ખુલતી બજાર પર ધ્યાન રહેશે. લાંબા ગાળે સોના ચાંદીમાં ભાવ ઘટયા છે. સોનામાં રૂા.૧૪૫૦ના ઘટાડા સાથે સોનુ રૂા.૮૭૫૫૦ અને ચાંદીમાં રૂા.૨૪૪૦ ઘટતા ભાવ રૂા.૯૮૪૦૦એ પહોંચ્યો છે.


## જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જાણ કરવાની કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબડીસ્ટ્રીકટ રાજકોટ તાલુકાના મોજે ગામ રામપરા (ચીત્રા)ના રેવન્યુ સરવે નં.૩૬/પૈકીર ની જુની શરતની 'કરાળવાળુ' તરીકે ઓળખાતી જરાયત પ્રકારની ખેડવાણ ખેતીની જમીન હે.આરે. ચોમી. ૧-૨૧-૪૧ બરાબર એ.૩-૦૦ ગુંઠા જે ગામ નમુના નં.૮-અ ખાતા નં.૧૧૧થી ભરતભાઈ વાઘજીભાઈ કુગશીયા સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટાની આવેલ છે. સદરહુ ઉપરોકત ખેતીની જમીન તેઓ પાસેથી મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

ઉપરોકત ખેડવાણ જમીન પરત્વે કે તેના માલીકી હકક, કબ્જા બાબતે કે રસ્તા બાબતે કે અન્ય કોઈ બાબતે કોઈને કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દર-દાવો, લેણુ, કરજ, બોજો, ગીરો, ભરણપોષણ કે વારસાઈ હકક કે અન્ય કોઈ હિત સંકળાયેલ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૧૦ (દસ)માં નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવા. મુદત વિત્યે કોઈના વાંધા તકરાર નહીં આવે તો કોઈને વાંધો તકરાર નથી અને હોય તો તે સ્વેચ્છાએ જતો (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ ઉપરોકત જમીન પરત્વેના વેચાણ વ્યવહાર પુર્ણ કરી પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી કબજો સંભાળી લેશે. ત્યારબાદનાં વાંધા તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ.

તા.૧૩/૦૨/૨૦૨૫

ભરતભાઈ વાઘાભાઈ કુગશીયા

**સાગર એન. મેતા એડવોકેટ**

શિવ કૃપા ટાવરની ઉપર, રણુજા મંદિરની સામે, કોઠારીયા મેઈન રોડ, રાજકોટ. મો.૯૭૨૫૧ ૫૦૭૦૮ ૬૩૫૪૯ ૨૯૩૭૯

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણી ભાજપે શામ-દામ દંડથી કોંગ્રેસનાં ઉમેદવારોને ટોર્ચર કર્યાઃ શકિતસિંહ ગોહિલ

### છપ્પનની છાતી બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપરના હુમલા રોકવામાં નિષ્ફળઃ પાકિસ્તાન જેલમાં કેદ ભારતીય માછીમારોને છોડવા ભાજપ આવ્યા પછી પત્ર વ્યવહાર બંધઃ આ વખતે ચૂંટણીના પરિણામો સારા આવવાનો આશાવાદ વ્યકત કર્યો

રાજકોટ,તા.૧૫

સૌરાષ્ટ્રના પાટનગર સમાન રાજકોટમાં રાજ્ય સભાના સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહજી ગોહિલ ની રાજકોટ માં જિલ્લા પંચાયત ચોક ખાતેની શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી જેમાં તેઓએ જણાવ્યું હતું કે લોકશાહી વ્યવસ્થામાં ચૂંટણી એ એક પવિત્ર છે. એની પવિત્રતા જળવાવી જોઈએ એ મહત્વનું છે મતદાતા એ જ સર્વોપરી છે. એક વખત સત્તામાં બેઠેલા પછીથી પાંચ વર્ષ જવું પણ પડે છે મજબૂતીથી પંજાના નિશાન પર જૂનાગઢ મહાનગરપાલિકા, ત્રણ જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીમાં જે પ્રકારની પ્રવૃત્તિઓ શાસકો દ્વારા થાય છે તે લોકશાહી માટે કલંકરૂપ છે મુન્દ્રામાં ભાજપના ઉમેદવારો સામે સાડા સાત લાખ આપી ફોર્મ પાછા ખેંચી લો પૈસાના જોરે ધાક ધમકી આપી ઘર પાડી દેવા, સરકારી મશીનરીમાં દુરુપયોગ કરવા છતાં બહુ ઓછી જગ્યાએ ભાજપ કાવા દાવામાં સફળ રહી છે. ગુજરાતના મતદાતા નો અધિકાર છે કે કોને ચૂટવો પરંતુ બિનહરીફ કરાતા મતદાતા મતદાનથી વંચિત રહ્યા છે. જો તમારું ત્રીપલ એન્જિન હોય તો તમારે આ પ્રકારની ખંડનાત્મક પ્રવૃત્તિઓ શા માટે કરવી પડે છે. બહુ મોટી સંખ્યામાં રાજ્યભરમાં ગુજરાતની ચૂંટણીઓમાં ઉમેદવારો પંજાના નિશાન પર હાલ ચૂંટણી લડે છે ત્યારે હું મારા ઉમેદવારો અને ગુજરાતની જનતાનો આભાર માનું છું.



(તસ્વીર : પંકજ શીશાંગીયા)

જે નગરો છે જે નગરમાં ગટર, રસ્તા સારા હોય તેને નગર કહેવાય પરંતુ પ્રાથમિક સુવિધા નો અભાવ હોય તેને નગર ન કહેવાય પરંતુ આ વખતે અમારી મતદાતાઓને ખાતરી છે કે પારદર્શક અને સુદ્રઢ વહીવટ આપશું. ૨૦૧૮ જયારે ચૂંટણી યોજાયેલ ત્યારે અમારા ૭૮ ધારાસભ્યો હતા ત્યારે અમારો દેખાવ સારો ન રહ્યો હતો પરંતુ આ વખતે અગાઉ પ્લાનિંગ કરી ૧૦ મહિના પહેલાં નિમણૂક કરી નગર સમિતિ વોર્ડની રચના કરી ભારતીય જનતા પાર્ટીનો સામનો કરવા અમે તમામ તૈયારીઓ આગોતરી કરી લીધી હોય ૨૦૧૮ ની ચૂંટણીના પરિણામો કરતા અમારા આ વખતના ચૂંટણીના પરિણામો નિરાશાજનક રહેશે નહીં અને અમને વિશ્વાસ છે કે જનતા આ વખતે સારા પરિણામો આપશે.

ગઈકાલે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો ૫૦૦ વાળી થપ્પી લઈને પ્રલોભન આપતા ના વિડીયો વાયરલ થયા છે. તે વિડિયો શક્તિસિંહ ગોહિલ દ્વારા પત્રકારોને બતાવી જણાવ્યું હતું કે ચૂંટણી પંચ આ અંગે કડક કાર્યવાહી કરવી જોઈએ મનમોહનસિંઘની સરકારમાં હતા ત્યારે પાકિસ્તાન પર દબાણ લાવી માછી પારોને મુક્ત કરાવતા હતા અને પત્ર વ્યવહાર ચાલુ હતા જ્યારે ભાજપ આવ્યા પછી પત્ર વ્યવહાર બંધ રહ્યો છે પાકિસ્તાન દ્વારા અપહરણ થયેલા માછીમારો જેલમાં સબળી રહ્યા છે. સરકાર દ્વારા ગરીબોના ઝૂંપડા તોડી પાડવામાં આવે છે ત્યારે ભાજપ સિમેન્ટ કોંક્રેટ ના ગેરકાયદેસર જંગલો બનાવી ભાજપના મોટા માથાઓ ના દબાણો રાજકીય દબાણની વશ થઈને તોડી પાડવામાં ન આવતા છેલ્લે વડોદરામાં પાણી ભરાવાની ઘટના અને ગુજરાતના મોટા શહેરોમાં પાણી ભરાવાની ઘટના બની હતી તે ભાજપના પાપે બની હતી.

ભાજપ ની વિદેશ નીતિ માં જ્યારે વડાપ્રધાન અમેરિકા ગયા ત્યારે અમેરિકાએ ટેરિફ ઘટાડવા માટે ઘસીને ના પાડી દીધી હતી અત્યારની માહિતી પ્રમાણે ભારતથી ટેરીફનો દર ૯.૫% લગાડે છે. આજ સુધી વિદેશમાં હોય તેવા ભારતીયોને સન્માન ભેર પાછા મોકલી આપે તો પરંતુ અમેરિકાથી ભારત આવેલા જેમાં સૌથી વધુ મારા ગુજરાતીઓ હતા ત્યારે આ પરિવારને હાથમાં બેડી લગાડી ત્રાસદાયિક રીતે પ્લેનમાં ભારત પરત મોકલ્યા હતા જ્યારે કોલંબિયા જેવા નાના દેશે અમેરિકા સામે લાલ આંખ કરતા ત્યાંના રહેવાસીઓને સન્માન ભેર કોલંબિયા મોકલવામાં આવ્યા હતા. બાંગ્લાદેશમાં જે જુવાળ ઉભો થયો તેમાં શેખ હસીનાને ભાગવાનો આવ્યો અને તેને ભારતમાં આશરો આપતા બાંગ્લાદેશીઓ ઉશ્કેરાયા હતા અને બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપર હુમલાઓ કર્યા હતા હિન્દુ મંદિરો તોડી પાડવામાં આવ્યા હતા તો ત્યારે કરોને લાલ આંખ ! ક્યાં ગઈ તમારી છપ્પનની છાતી !

પત્રકાર પરિષદમાં રાજકોટના પ્રભારી બીપેન્દ્રસિંહ જાડેજા, રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુ, વશરામભાઈ સાગઠીયા, સંજયભાઈ અજુડીયા, અશોકસિહ વાઘેલા, ધરમભાઈ કાંબલીયા, ડી. પી મકવાણા, જશવંતસિંહ ભટ્ટી, ગોપાલભાઈ અનડકટ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટનાં મેયર ભાજપની આંતરિક જુથબંધીનો ભોગ બન્યા

### જુનાગઢમાં ભાજપના વચનો પોકળઃ અમરેલીમાં પણ ભાજપના બે જૂથની લડાઈમાં નિર્દોષ દીકરીને પટ્ટાનો માર પડયો

રાજકોટ તા.૧૫

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનાં મતદાન પૂર્વે જ રાજકોટ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ શકિતસિંહ ગોહિલે ભાજપ સામે આકરા પ્રહારો કર્યા હતા.

પ્રયાગરાજ મહાકુંભમાં મનપાની ફોર વ્હીલ સાથે ગયેલા મેયરની ચકચારી વિવાદમાં સપડાયેલ યાત્રા વિશે પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે પ્રતિક્રિયા આપતા જણાવેલ કે મેયર ભાજપની આંતરીક જુથબંધીનો ભોગ બન્યા છે.

વધુમાં જુનાગઢ મનપાની ચૂંટણીઓ થઈ રહી છે ત્યારે શહેરની અંદર છ ફાટક અને આઠ ક્રોસિંગ હોય જયારે ચૂંટણી આવે ત્યારે ભાજપના નેતાઓ રેલવેને બયપાસ કરીશુ, ફાટક મુકત બનાવીશું તેમ કહે છે પરંતુ ચૂંટણી પુરી થાય પછી બધુ ભૂલી જવાય છે હું આ પ્રશ્ન સંસદમાં ઉઠાવીશ.

વધુમાં અમરેલીમાં પણ ભાજપનાં બે જૂથની લડાઈમાં પાટીદાર સમાજની નિર્દોષ દીકરીને પોલીસ પટ્ટાનો માર પડયો છે. આમ ભાજપની જૂથબંધી આંતરીક લડાઈથી સામાન્ય જનતાને ન્યાય મળતો નથી તેમ અંતમાં કોંગ્રેસ નેતા શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું.

## રોલેક્સ ચેલેન્જ કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં રાજકોટ સિનીયર સિટિઝન ટીમ ચેમ્પિયન બની

### અમદાવાદ, વડોદરા, મુંબઈ, જામનગર, સુરેન્દ્રનગર સહિત બાર ટીમો વચ્ચે મુકાબલો રમાયો







રાજકોટ, તા ૧૬

સિનિયર સીટીઝન ક્રિકેટ એસોસિયેશન રાજકોટ દ્વારા યોજાયેલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં રાજકોટ ટીમ ફાઈનલ મુકાબલામાં મુંબઈ વોરિઅર્સની સામે રસાકસી ભર્યા મુકાબલા બાદ ચેમ્પિયન બની હતી. આ ટુર્નામેન્ટમાં રાજકોટ,મુંબઈ, સુરેન્દ્રનગર, અમદાવાદ, વડોદરા, જામનગર સહિત કુલ બાર ટીમોએ ભાગ લીધો હતો.જેમાં રાજકોટની ટીમ ફાઈનલમાં પહોંચતા મુંબઈની ટીમ સાથે ફાઈનલ મેચ રમાયો હતો. જેમાં રાજકોટ ટીમનો આ રોમાંચક મેચમાં ૮ રને વિજય થયો હતો.ફાઈનલ મેચમાં મેન ઓફ ધ મેચ કિશોરસિંહ જેઠવા, અને સમગ્ર ટુર્નામેન્ટમાં ઉત્કૃષ્ઠ દેખાવ બદલા આમદ ડોડીયા મેન ઓફ ધ સિરીઝ જાહેર થયાં હતા. બેસ્ટ બોલર રોહિત બુંદેલા બેસ્ટ બેટ્સમેન બિમલ ત્રિવેદી અને અરુણ દવે બેસ્ટ ફિલ્ડર ઘોસિત કરાય હતા. આ તમામ ખેલાડીઓને ડી સી પી પાર્થરાજસિંહ ગોહિલ, કોર્પોરેટર દેવાંગ માંકડ, બી કે જાડેજા, ગંભિરસિંહ જાડેજા, કિરણસિંહ જાડેજા, રૂપાણીભાઈ આઈકે દ્વારા પુરસ્કૃત કરાયા હતા.

આ ટુર્નામેન્ટને સફળ બનાવવા સિનીયર સિટિઝન ક્રિકેટ એસોસિયેશનના પ્રમુખ ગંભિરસિંહ જાડેજા, રોહિત બુંદેલા, અરુણ દવે, મયુરસિંહ ઝાલા અને દિલાવર સિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ નલિનભાઈ ઠાકર, નરેન્દ્ર જાની, જગદીશ વ્યાસ, સુનિલ પારેખ, ઈમ્તિયાઝ ખોખર, શિરીષ કચ્છિ, કિશોરસિંહ રાઠોડ, હરેન્દ્ર જાની, પિયુષ છાયા, દીપક સાવંતે, ઉપેન્દ્રસિંહ ઝાલા, પ્રતાપસિંહ રાજાએ ભારે જહેમત ઉઠાવી હતી.

## કાલે ગુર્જર ક્ષત્રિય કડીયા જ્ઞાતિ સમસ્ત, રાજકોટ દ્વારા ૪૬ માં સમુહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન

### સમુહ લગ્નોત્સવમાં સમગ્ર કડિયા સમાજને ઉમટી પડવા પ્રમુખ નરેન્દ્રભાઈ સોલંકીની હાકલ

### દિકરીઓને કરીયાવરમાં સમાજના દાતાઓ દ્વારા ૧૩૨ થી પણ વધુ જેટલી વિવિધ ચિજ વસ્તુઓની ભેટ અપાશે



રાજકોટ, તા.૧૫

ગુર્જર ક્ષત્રિય કડીયા જ્ઞાતિ સમસ્ત, રાજકોટ દ્વારા આવતી કાલે રવિવારના રોજ ૪૬ મો સમુહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં મોટી સંખ્યામાં શ્રી ગુ.ક્ષ.ક. સમાજના આગેવાનો માતાઓ, વડીલો, ભાઈઓ, બહેનોને ઉમટી પડવા માટે પ્રમુખ નરેન્દ્રભાઈ સોલંકી દ્વારા હાકલ કરવામાં આવેલ છે.

શ્રી ગુર્જર ક્ષત્રીય કડીયાજ્ઞાતિ સમસ્ત, રાજકોટના પ્રમુખ નરેન્દ્રભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ તેમજ સમુહ લગ્ન સમીતીના પ્રમુખ રશ્મીનભાઈ છગનભાઈ કાચા તેમજ સમીતીની ટીમ દ્વારા આ ભવ્યાતિ ભવ્ય સમુહ લગ્નોત્સવનું અક્કેરૂ આયજન કરવામાં આવ્યુ છે. જેમાં કડીયા જ્ઞાતિ સમસ્તના ૭ નવદંપતિઓ પરીણય સુત્રના નાજુક દોરથી બંધનમાં બંધાશે.

દરેક કન્યાને સમાજ તરફથી કરીયાવરમાં સોનાની ચેઈન, વોશીંગ મશીન,એલ.ઈ.ડી. ટીવી (૩૨ ઈંચ), કબાટ, પલંગ, સોનાની નાકની ચુક, પાનેતર, ઘરચોળું, ભાતાના ડબરા, પી.વી.સી.ની ખુરશી,ચાંદીના સાંકળા,સોનાનો નાકનો દાણો,ચાંદીના સિકકા-વિછીયા,પલંગ,૨૧ ગ્રામ ચાંદી સિકકો,૧૦ ગ્રામ ચાંદી સિકકો, ચાંદીના ઝુડા,૫ ગ્રામ ચાંદીનો સિકકો,ચાંદીના બ્રેસલેટ,ચાંદીની ગાય,ટ્રોલી બેગ,ગાદલું, કાંડા ઘડીયાળ,લેડીસ પર્સ,સ્ટીલની પવાલી,જાકરીયો ડીનર સેટ સહિત અનેક ઘરવખરીની વસ્તુઓ કરિયાવર મા આપશે. શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમસ્ત, રાજકોટ માં અગાઉ પણ સમુહ લગ્ન સમીતીના પ્રમુખ શ્રી છગનભાઈ કાચા તેમજ સમાજની સમગ્ર ટીમ દ્વારા ખુબ બહોળા પ્રમાણમાં કરીયાવર અને જમણવાર સાથે સમુહ લગ્નનું આયોજન કરવામાં આવેલ હતુ.

હાલમાં શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમસ્તના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ સોલંકી દ્વારા ખાસ જણાવવામાં આવેલ છે કે આ સમુહ લગ્નમાં ૭ નવદંપતિઓ પ્રભુતામાં પગલા પાડશે. આ સમુહ લગ્ન ને સફળ બનાવવા નરેન્દ્રભાઈ સોલંકી (જ્ઞાતિ પ્રમુખ)ની આગેવાનીમાં રશ્મીનભાઈ છગનભાઈ કાચા, કિશોરભાઈ પરમાર, નરેન્દ્રભાઈ રાઠોડ, અરવિંદભાઈ ગોહેલ, અશોકભાઈ સોલંકી, ભાર્ગવભાઈ સોલંકી, રાજેશભાઈ કાચા, તેજસભાઈ ગાંગાણી, કાંતીભાઈ રાઠોડ, પ્રકાશભાઈ સાપરીયા, હસુભાઈ ચોટલીયા, હેમરાજભાઈ કાચા,ડો. પંકજભાઈ પી. રાઠોડ, આયોજન સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી રહ્યા છે.

## પૂ.ધીરજમુનિ મ.ની ૪૪મી દીક્ષા જયંતી ઉજવાઈ






ડુંગર દરબાર, હેમુ ગઢવી હોલમાં દેશ-વિદેશના ભાવિકોના જયનાદે પૂ.શ્રી ધીરગુરૂદેવની ૪૪મી દીક્ષા જયંતિ અવસરે પૂ.મુક્તિશીલાજી મ.સ. પૂ.લીનાજી મ.સ. પૂ.સોનલજી મ.સ. પૂ.સ્મિતાજી મ.સ. પૂ.ભાનુબાઈ મ.સ.એ પોતાના ભાવો તેમજ ગોંડલ સંપ્રદાયના સુરેશભાઈ શાહએ સંયમ જીવનની અનુમોદના કરેલ.

આ પ્રસંગે અમેરીકા, કેનેડા, મસ્કત, મુંબઈ, સુરત, ઈન્દોર, કોલકાતા, ઉપલેટા, મોરબી, લાલપુર, જામનગર, આણંદ, અમદાવાદ વગેરે સંઘોની હાજરીમાં સમારોહ પ્રમુખ પ્રણય ચંદ્રવદન દેસાઈનું સન્માન હરેશ વોરા, ચંદ્રકાંત શેઠ, સુરેશ દક્ષાબેન મુકેશભાઈ કામદાર, ઈન્દુબેન મનુભાઈ શાહે તથા અન્ય દાતાઓએ શિક્ષણ, મેડીકલ, જીવદયા વગેરે યુનિટનો લાભ લીધેલ. સૂત્ર સંચાલન જયશ્રી શાહે કરેલ. આચારાંગ સૂત્ર અને પ્રતિક્રમણ પુસ્તકની લોકાર્પણ વિધિ કરાયેલ.

## વોર્ડ નં.૪માં સેટેલાઈટ ચોકથી નવી સેન્ટ્રલ લાઈટીંગનું લોકાર્પણ કરતા ઉદય કાનગડ



વોર્ડ નં.૪ માં આવેલ સેટેલાઈટ ચોકથી રેલ્વે ટ્રેક સુધીના રસ્તા પર સેન્ટ્રલ લાઈટીંગના કામનું લોકાર્પણવિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના હસ્તે અને મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના અધ્યક્ષસ્થાને કરાયું હતું. આ પ્રસંગે શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, રોશની કમિટી ચેરમેન કાળુભાઈ કુગસીયા, શિશુ કલ્યાણ સમિતિ ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા, કંકુબેન ઉઘરેજા, કોર્પોરેટર પરેશભાઈ પીપળીયા, જે.ડી.ભાખર, વોર્ડ કાનાભાઈ ડંડેયા, હિતેશભાઈ મઠીયા, વલ્લભભાઈ દુધાત્રા હાજર રહ્યા હતા. સેટેલાઈટ ચોકથી રેલ્વે ટ્રેક સુધીના રસ્તા પર૯૦૦ મીટર લંબાઈમાં ૪૨ નંગ પોલ અને ૯૧ નંગ સ્ટ્રીટલાઈટની સુવિધા શરૂ કરાઈ છે.

## મવડીના બાપાસીતારામ ચોકમાં સીટી બસ ખાડામાં ઉતરી ગઇ

### પાણીની પાઈપલાઈનના કામ દરમ્યાન બનાવ : મહામહેનતે ઈલે. બસ બહાર નીકળી



શહેરના વોર્ડ નં.૧૨ના મવડી ચોકડી વિસ્તારમાં આજે પાઈપલાઈનના કામ દરમ્યાન એક ઈલે. સીટી બસ ફસાઈ ગઈ હતી. જે મહામહેનતે બહાર કાઢવામાં આવી હતી. બાપાસીતારામ ચોકમાં પાઈપલાઈન પાથરવાનું કામ ચાલી રહ્યું છે. તેના ખાડામાં બસનું ટાયર ઉતરી જતા મુસાફરો ઉતરી ગયા હતા. તે બાદ બસ રેઢી જોવા મળી હતી. મોડેથી આ બસને બહાર કાઢી રોડ પર લેવા કાર્યવાહી કરવામાં આવી હતી.(તસ્વીર : દેવેન અમરેલીયા)

## CBSE બોર્ડની ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ







સીબીએસઈ બોર્ડ દ્વારા રાજકોટ સહિત દેશભરમાં ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાનો શાંતિપૂર્ણ વાતાવરણમાં પ્રારંભ થયો છે. રાજકોટ રીઝીયનમાં ચાર હજારથી વધુ વિદ્યાર્થીઓ ૪૮ કેન્દ્રો પરથી પરીક્ષા આપી રહ્યા છે. આજે પ્રથમ પેપર ધો.૧૦નું અંગ્રેજીમાં લેવામાં આવેલ હતું. પરીક્ષાના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓને તપાસી પરીક્ષા ખંડમાં પ્રવેશ અપાયો હતો.

(તસ્વીર : પંકજ શીશાંગીયા)

## સંકલ્પ સિધ્ધ હનુમાનજી મહારાજને દિવ્ય શણગાર



કાલાવડ રોડ રાજકોટ સ્થિત શ્રી સંકલ્પ સિધ્ધ હનુમાનજી મંદિરે શ્રી સંકલ્પ સિધ્ધ હનુમાનજી મહારાજને દિવ્ય શણગાર કરવામાં આવેલ છે. સાંજે સંધ્યા આરતીમાં દાદાના દર્શન અને આરતીનો લાભ લઈ ભાવિકો ધન્યતા અનુભવે છે.

## બાલક હનુમાન મંદિરથી કુવાડવા રોડ આશ્રમ સુધી સેન્ટ્રલ લાઈટીંગ ઝળહળી



વોર્ડ નં.૫માં આવેલ પેડક રોડ બાલક હનુમાન મંદિર ચોકથી કુવાડવા રોડ આશ્રમ સુધી રસ્તા પર સેન્ટ્રલ લાઈટીંગના કામનું લોકાર્પણવિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના હસ્તે અને મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના અધ્યક્ષસ્થાને કરાયું હતું. આ કાર્યક્રમમાં શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, રોશની કમિટી ચેરમેન કાળુભાઈ કુગસીયા, અગ્નિશામક દળ સમિતિ ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા, કોર્પોરેટર હાર્દિક ગોહિલ, વલ્લભભાઈ દુધાત્રા, રસિકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કુલ ૫૨,૫૦૦ મીટર લંબાઈમાં ૨૬ નંગ પોલ અને ૫૪ નંગ સ્ટ્રીટલાઈટની સુવિધા આપવામાં આવેલ છે.

## ઘરફોડ ચોરીના ગુનામાં ફરાર રાજસ્થાની ઝડપાયો




રાજકોટ તા.૧૫

રાજકોટ ઘરફોડ ચોરીનાં ગુનામાં ત્રણ વર્ષથી ફરાર રાજસ્થાનીને ઝડપી લેવામાં થોરાળા પોલીસને સફળતા મળી છે.

થોરાળા પોલીસ સ્ટેશનનાં પી.આઈ. એન.જી.વાઘેલાની સૂચના મુજબ સ્ટાફે થોરાળા પો.સ્ટે.ની ઘરફોડ ચોરીનાં ગુનામાં ત્રણ વર્ષથી ફરાર શાંતિલાલ કમજીભાઈ ડોડીયાર રે. જુપેલ, તા.જિ.બાસવાડ (રાજસ્થાન)ને ઝડપી લઈ ધરપકડ કરી હતીઆ કામગીરી પ્રો પી.એસ.આઈ એ.પી.રતન, એ.એસ.આઈ. મહેશભાઈ સોલંકી, પો.કોન્સ સંજયભાઈ અલગોતર, પ્રકાશભાઈ ચાવડા, રવિભાઈ ગઢવી વિ.એ કરી હતી.

## નોબલ સ્કૂલ ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર રામભાઈ ગરૈયાનો આજે જન્મદિવસ



રાજકોટ, તા.૧૫

જ્ઞાનજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી. જી. ગરૈયા આયુર્વેદ અને હોમિયોપેથી કોલેજ હોસ્પિટલ તથા નોબલ સ્કૂલ ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર તથા રાજકોટ શહેર BJP - શિક્ષક સેલના કન્વીનર એવા રામભાઈ કે. ગરૈયાનો આજે જન્મદિવસ છે.

ખૂબ જ મહેનતુ, કર્મનિષ્ઠ, સેવા ભાવી સ્વભાવ ધરાવતા તથા ખૂબ જ આધ્યાત્મિક એવા રામભાઈ કે. ગરૈયાને શાંતિ, સમૃદ્ધિ અને નીરોગી આયુષ્ય આપે એવી દ્વારકાધીશના ચરણોમાં પ્રાર્થના કરવામાં આવી રહી છે. આજે રામભાઈ ને જન્મદિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ મો. ૯૯૨૫૦૨૪૬૦૭ પર મળી રહી છે.

## સાક્ષી મોરવાડીયાનો જન્મદિવસ



રાજકોટ શહેર કોંગ્રેસના પૂર્વ કાર્યાલય મંત્રી ગોપાલભાઈ મોરવાડીયા ની પુત્રી સાક્ષી મોરવાડીયાનો આવતીકાલે જન્મદિવસ છે. સાક્ષી ડ્રિમલેન્ડ સ્કૂલમાં ધોરણ ૧ માં અભ્યાસ કરી રહી છે. આવતીકાલે સાક્ષી ૭ વર્ષ પૂર્ણ કરી ૮માં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે ત્યારે કાકા ગૌતમભાઈ મોરવાડીયા, રોહિતભાઈ, રાહુલભાઈ, ધવલભાઈ તેમજ સગા-સ્નેહીઓ જન્મદિવસ ની શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# કોંગ્રેસ સંગઠનમાં ફેરફારઃ ભરતસિંહ-દિપક બાબરીયાને હટાવાયાઃ ગુજરાતમાં વાશ્નિક યથાવત

## નવ ઈન્ચાર્જ બદલાયાઃ રાહુલ-પ્રિયંકાની નજીકના નેતાઓને સ્થાન

નવી દિલ્હી તા.૧૫

એક પછી એક ચૂંટણી હારનો સામનો કરતા કોંગ્રેસે સંગઠનમાં બદલાવ કર્યો છે. નવ રાજયોના ઈન્ચાર્જ બદલાવીને ૬ નેતાઓને પદમુક્ત કરવામાં આવ્યા છે. જેમાં ગુજરાતના ભરતસિંહ સોલંકી તથા દિપક બાબરીયાનો સમાવેશ થાય છે. ગુજરાતના પ્રભારી તરીકે મુકુલ વાશ્નીકને યથાવત રાખવામાં આવ્યા છે.



કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અથવા પ્રિયંકા ગાંધીની નજીકના નેતાઓને નવા માળખામાં સ્થાન આપવામાં આવ્યુ છે.

ગુજરાતના ભરતસિંહ સોલંકી જમ્મુ-કાશ્મીરના ઈન્ચાર્જ હતા. તેઓને હટાવીને ડો. સૈયદ નસીર હુસૈનને મુકવામાં આવ્યા છે. પંજાબમાં દેવેન્દ્રય યાદવને હટાવીને છતીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભુપેશ બધેલને જવાબદારી સોંપવામાં આવી છે.

આ સિવાય હરિયાણાનો હવાલો ધરાવતા દિપક બાબરીયાને હટાવીને બી.કે.હરિપ્રસાદને મુકવામાં આવ્યા છે. નવી નિમણુકોમાં હિમાચલ પ્રદેશ તથા ચંદીગઢના ઈન્ચાર્જ તરીકે શ્રીમતી રજની પાટીલ, મધ્યપ્રદેશમાં હરિશ ચૌધરી, તામીલનાડુ-પુડુચેરીમાં ગીરીશ છોડાંકર, ઓડિશામાં અજયકુમાર લાલુ, ઝારખંડમાં કે.રાજુ, તેલંગાણામાં મિનાક્ષી નટરાજન, મણીપુર-ત્રિપુરા-સિકકીમ-નાગાલેન્ડમાં એસ.એસ.ઉલાકા તથા બિહારમાં ક્રિશ્ના અલાવરૂને જવાબદારી સોંપવામાં આવી છે.

કોંગ્રેસે ગત કારોબારી બેઠકમાં જ સંગઠન માળખામાં ટોપ-ટુ-બોટમ ફેરફાર કરવાનું જાહેર કર્યુ હતુ અને તેના ભાગરૂપે આ બદલાવ કરાયા છે.

# સૌરાષ્ટ્રની મગફળી હવે રશિયા પહોંચશે; જીરૂ-ધાણા તથા લાલ મરચામાં પણ ઈન્કવાયરી

## પ્રથમ વખત રશિયન વેપારીઓનુ આગમનઃ ગોંડલ યાર્ડની મુલાકાત લીધી

રાજકોટ તા.૧૫

સૌરાષ્ટ્રમાં ઉત્પાદીત મગફળીની દુનિયાના અનેક દેશોમાં બોલબાલા છે જ અને કેટલાંક રાષ્ટ્રોમાં સીધી નિકાસ થાય છે. હવે રશિયા પણ સૌરાષ્ટ્રની મગફળી ખરીદવાનુ હોય તેમ મોટામાં મોટી સ્નેકસ કંપની અવંતાના પ્રતિનિધિઓ તથા અન્ય વેપારીઓ ગોંડલ યાર્ડમાં આવ્યા છે.



ગોંડલ-રાજકોટ સહિત સૌરાષ્ટ્રના માર્કેટયાર્ડોમાંથી કૃષિ જણસીઓ ખરીદવા માટે વખતોવખત જુદા-જુદા દેશોના વેપારીઓ આવતા જ હતા. હવે પ્રથમ વખત રશિયન વેપારીઓ આવ્યા હતા. ગોંડલ યાર્ડની મુલાકાત લઈને મગફળી તથા અન્ય જણસીઓની ઈન્કવાયરી કરી હતી. ગોંડલ યાર્ડના ચેરમેન અલ્પેશ ઢોલરીયાએ કહ્યું કે રશિયન વેપારીઓને મગફળી ઉપરાંત ધાણા-જીરૂ અને મરચામાં પણ રસ પડયો છે અને ચારેય કૃષિચીજો વિશે માહિતી મેળવી હતી.

રશિયાની સૌથી મોટી સ્નેકસ કંપનીના પ્રતિનિધિ પણ તેમાં સામેલ હતા. ગોંડલમાંથી વેપારીઓ મારફત ૧૫ દેશોમાં મગફળીની નિકાસ થાય જ છે અને હવે રશિયાનો ઉમેરો થયો છે. મગફળી-મરચા જેવી ચીજોમાં ગોંડલનું મોટુ નામ હોવાનુ ઉલ્લેખનીય છે. મગફળીની વેલ્યુ એડેડ પ્રોડકટ એવી પીનર બટરની તો દુનિયાભરમાં નિકાસ થાય છે. આ દ્રષ્ટિએ સૌરાષ્ટ્રની મગફળી સીધી કે આડકતરી રીતે વિશ્વભરમાં પહોંચે જ છે.

રશિયન વેપારીઓનું ચેરમેન અલ્પેશ ઢોલરીયા તથા વાઈસ ચેરમેન ધર્મેન્દ્રસિંહ જાડેજાએ સન્માન કર્યુ હતું. યાર્ડમાં ખેડુતોની સુવિધા, હરરાજી પ્રક્રિયા, વ્યવસ્થાથી પણ તેઓએ માહિતી મેળવી હતી.

# વિરાટ કોહલી શા માટે આરસીબીનો કેપ્ટન ન બન્યો ? મોટું કારણ બહાર આવ્યું

## ભારતનાં પૂર્વ કેપ્ટન અને મુખ્ય પસંદગીકાર કૃષ્ણમચાર્ય શ્રીકાંતએ કહ્યું કે બેટિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવા કેપ્ટનશીપ છોડી

નવી દિલ્હી : આઈપીએલની ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે તાજેતરમાં જ તેમનાં નવાં કેપ્ટનની જાહેરાત કરી હતી. મધ્યપ્રદેશનાં ખેલાડી રજત પાટીદારને ટીમ દ્વારા તેનાં નવાં કેપ્ટન બનાવવામાં આવ્યાં છે. ચાહકો માટે તે થોડું આશ્ચર્યજનક હતું, પરંતુ આવી અટકળો કરવામાં આવી રહી હતી કે વિરાટ કોહલી ફરી એકવાર આ ટીમનો કેપ્ટન બની શકે છે. આ બન્યું નહીં અને રજતને ટીમની કેપ્ટનશિપ સોંપવામાં આવી હતી.

ભારતના પૂર્વ કેપ્ટન અને મુખ્ય પસંદગીકાર કૃષ્ણમચાર્ય શ્રીકાંતએ કહ્યું છે કે કોહલીએ આરસીબીની કમાની કેમ ન કરી. કોહલીએ વર્ષ ૨૦૨૧ માં આ ટીમની કેપ્ટનશિપ છોડી દીધી હતી. ૨૦૧૩ થી, તે આ જવાબદારી નિભાવી રહ્યો હતો અને ટીમને બે વાર ફાઇનલમાં લઈ ગયો હતો, પરંતુ તે ખિતાબ મેળવી શક્યો નહીં.

### શ્રીકાંતએ કારણ જણાવ્યું

શ્રીકાંતએ કહ્યું છે કે જો કોહલીને કેપ્ટનશિપ મળે છે, તો પણ તે તેની બેટિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે, કેમ કે તે કેપ્ટનશિપ લેતો નથી. શ્રીકાંતએ તેની યુટ્યુબ ચેનલ પર કહ્યું કે ''મને લાગે છે કે વિરાટ કેપ્ટનશિપ કહેશે નહીં. તે કહેશે કે મારે મારી બેટિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવું છે. મને લાગે છે કે આ બધું વિરાટ કોહલીની મરજી મુજબ જ થયું છે.

શ્રીકાંતએ કહ્યું કે રજત પાટીદાર ટીમ માટે સારો વિકલ્પ છે અને તેની પાસે આઈપીએલનો સારો અનુભવ છે. તેની સાથે સારી વાત એ છે કે તેની પાસેથી ઘણી અપેક્ષાઓ નહીં હોય. જ્યારે અમે ૨૦૦૭ માં ધોનીને કેપ્ટન બનાવ્યો, ત્યારે કોઈને વધારે અપેક્ષાઓ નહોતી.

૨૦૨૧ ની સીઝન પછી, કોહલીએ આરસીબીની કેપ્ટનશિપ છોડી દીધી છે. આ પછી, મેગા હરાજીમાં, ટીમમાં દક્ષિણ આફ્રિકાના ફાફ ડુ પ્લેસીનો સમાવેશ થતો હતો અને તેમને કેપ્ટન પણ બનાવ્યો હતો. તેની કેપ્ટનશીપ હેઠળ પણ, ટીમ ખિતાબ જીતી શકી નહીં. કોહલીની કેપ્ટનશિપ હેઠળ પણ, ટીમ ટાઇટલ જીત્યું ન હતું. આરસીબીના ચાહકો આશા રાખશે કે રજત પાટીદારની કેપ્ટનશિપ હેઠળ ૧૭ વર્ષનો દુષ્કાળ સમાપ્ત થશે.

# બ્રાઝિલમાં ખિસ્સામાં રહેલો ફોન બન્યો બોમ્બ : મહિલા દાઝી : વિડિઓ વાયરલ

એનાપોલિસ: બ્રાઝિલના એનાપોલિસ શહેરમાં એક ભયાનક અકસ્માત થયો હતો, જ્યારે એક મહિલાનો મોબાઈલને અચાનક ફાટ્યો હતો ત્યારે મહિલાએ મોબાઈલને તેની જીન્સના પાછળનાં ખિસ્સામાં રાખ્યો હતો. વિસ્ફોટની સાથે જ્વાળાઓ ભભૂકી ઊઠી હતી, અને જોત જોતામાં તેનું પેન્ટ્સ સળગવા લાગ્યું હતું. આ જોઈને સુપરમાર્કેટમાં હાજર લોકો આશ્ચર્યચકિત થયાં અને આખા સુપરમાર્કેટમાં અફડાતફડી થઈ હતી.



સીસીટીવી ફૂટેજ જે વાયરલ થઈ રહ્યાં છે તે બતાવે છે કે સ્ત્રી તેનાં જીવનસાથી સાથે સુપરમાર્કેટમાં ખરીદી કરતી હતી. મોબાઈલને તેની જીન્સના પાછલાં ડાબા ખિસ્સામાં રાખવામાં આવ્યો હતો. અચાનક ફોન ફૂટ્યો અને આગ ફાટી નીકળી હતી. જ્વાળાઓ એટલી જોરદાર હતી કે સ્ત્રી પીડાથી ચીસો પાડવા લાગી હતી અને પોતાનો જીવ બચાવવા દોડવાનું શરૂ કર્યું હતું. તેનો જીવનસાથી તરત જ પાછળથી દોડી આવ્યો અને તેને બચાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો, પરંતુ ત્યાં સુધીમાં તેનું પેન્ટ સળગી ગયું હતું.

અહેવાલો અનુસાર, વિસ્ફોટક મોબાઇલ એક પ્રખ્યાત કંપની મોટોરોલાનો હતો. વિસ્ફોટથી સ્ત્રીની પીઠ, હાથ અને કમર દાઝી હતી. તેને તુરંત જ હોસ્પિટલમાં લઈ જવામાં આવી, જ્યાં તેની સારવાર ચાલી રહી છે.

# આસ્થા, આત્મ વિશ્વાસ અને સાહસઃ બિહારનો યુવક ૧૧૦૦ કિ.મી.પગપાળા દોડીને મહાકુંભ પહોંચ્યો

## દોડવીર રૂપેશ રોજ ૧૦ કલાક દોડતાઃ દોડ દરમિયાન મિત્રોએ સાથ છોડયો, રોકડ અને મોબાઈલ ચોરાઈ ગયાઃ અંતે સંયમ સ્થળે પહોંચી ડૂબકી લગાવી

સુપૌલ (બિહાર),તા.૧૫

બિહારના સુપૌલ જિલ્લાના પિપરા બ્લોકના રામનગર કૌશલપટ્ટીના રહેવાસી યુવા દોડવીર રૂપેશે તેના સાહસથી કમાલ કરી બતાવી છે. રૂપેશે ૧૧૦૦ કિલોમીટરનું અંતર દોડીને પૂરું કર્યું. તેમણે સહરસાથી પ્રયાગરાજ સુધીની મુસાફરી કરી. ૨૩ જાન્યુઆરીએ શરૂ થયેલી આ યાત્રા ૮ ફેબ્રુઆરીએ સંગમ સ્નાન સાથે પૂરી થઈ હતી. જો કે, તે માત્ર ધાર્મિક યાત્રા ન હતી, પરંતુ આત્મવિશ્વાસ, સંઘર્ષ અને ભક્તિનું ઉદાહરણ બની હતી. રૂપેશ દરરોજ લગભગ ૧૦ કલાક દોડતો હતો. આ સફરમાં તેને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો, પરંતુ રૂપેશે હાર ન માની અને પોતાના મુકામ પર પહોંચીને જ રહ્યો. જ્યારે રૂપેશે મુસાફરી શરૂ કરી ત્યારે રસ્તામાં તેનો મોબાઈલ અને પર્સ ચોરાઈ ગયા હતા, જેના કારણે તેની મુસાફરી મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. આ છતાં, તેણે હાર ન માની અને સ્થાનિક લોકોની મદદથી તેની યાત્રા ચાલુ રાખી. માત્ર ૩૦૦ રૂપિયાથી શરૂ થયેલી આ સફર તેણે લોકોની મદદ લઈને પૂરી કરી.




શરૂઆતમાં તેમના બે મિત્રો પણ રૂપેશની સાથે હતા, પરંતુ બખ્તિયારપુર પહોંચતા પહેલા જ તેઓ થાકી ગયા અને પાછા ફર્યા હતા. આ પછી રૂપેશે એકલાએ ૧૧૦૦ કિલોમીટરનું અંતર કાપ્યુ હતુ.


રૂપેશના પિતા રામપ્રવેશ યાદવે જણાવ્યું કે, 'યાત્રાની શરૂઆતમાં લોકોએ તેમના પુત્રની મજાક ઉડાવી હતી. પરંતુ જ્યારે લોકોએ તેની મજબૂત ઇચ્છાશક્તિ અને સમર્પણ જોયું તો તેમની વિચારસરણી બદલાઈ ગઈ.

# સાયબર ફ્રોડઃ એક મહિના સુધી વૃદ્ધાને ડીજીટલ એરેસ્ટ રાખીને ૧.૪૨ કરોડ પડાવ્યા

## વધુ ૩ કરોડ પડાવવા જતા ભાંડો ફુટયો

નવી દિલ્હી તા.૧૫

હરિયાણાના ગુરુગ્રામમાં સાયબર છેતરપિંડી કરનારાઓએ વિદેશ મંત્રાલયના પૂર્વ અધિકારીની પત્નીને એક મહિના સુધી ડિજિટલ ધરપકડ કરીને ૧ કરોડ ૪૨ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હતી. છેતરપિંડી કરનારાઓ હજુ પણ તેમને મેસેજ કરી રહ્યા છે. તે તેની પાસેથી બીજા ૩ કરોડ રૂપિયા પડાવવા માંગે છે. માલિબુ ટાઉનની રહેવાસી ૮૦ વર્ષીય વૃદ્ધાએ પોલીસને જણાવ્યું કે, 'હું એક નોકરાણી સાથે રહું છું. મારા બાળકો વિદેશમાં રહે છે. ગયા વર્ષે ૨૫મી ઓક્ટોબરે તેમના વોટ્સએપ નંબર પર એક મહિલાનો ફોન આવ્યો હતો. તેણે પોતાને કુરિયર કંપનીના કર્મચારી તરીકે ઓળખાવ્યો અને કહ્યું કે મારા નામે ચીનમાં એક પાર્સલ મોકલવામાં આવી રહ્યું હતું, જેમાં પૈસા અને ડ્રગ્સ હતા.'



છેતરપિંડી કરનારાઓએ વૃદ્ધાને CBI અને EDનો ડર બતાવીને ધરપકડ વોરંટ જારી કરાવ્યું. વૃદ્ધાએ મ્યુચ્યુઅલ ફંડમાંથી ૧.૭૫ કરોડ રૂપિયા ઉપાડ્યા અને તેને ઉલ્લેખિત ખાતાઓમાં ટ્રાન્સફર કર્યા હતી. આતંકવાદી પ્રવૃત્તિમાં સામેલ થવાની ધમકી આપીને વધુ ૩ કરોડ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી. પૈસા એકઠા કરવા માટે વૃદ્ધાએ પોતાનું ઘર પણ વેચી દીધું હતું. જ્યારે પરિવારના સભ્યોને આ અંગે માહિતી મળી, ત્યારે છેતરપિંડીનો ઘટસ્ફોટ થયો. આ ઘટનાની તપાસ કરનારા અધિકારીએ જણાવ્યું હતુ કે, 'કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ શરૂ કરવામાં આવી છે. જે ખાતાઓમાં પૈસા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા તે ખાતા જપ્ત કરવામાં આવ્યા છે.'

છેતરપિંડી કરનારાઓએ ૨૫મી ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ વૃદ્ધ મહિલાને ફોન કર્યો અને તેમને ખોટા કેસમાં ફસાવી દીધા. ૨૪ કલાક વોટ્સએપ પર વાત કર્યા પછી, સ્કાયપે પર એકાઉન્ટ બનાવ્યા બાદ ૨૬મી ઓક્ટોબરના રોજ તેમને ડિજિટલ એરેસ્ટ કરવામાં આવ્યા હતા. ૨૬મી નવેમ્બર ૨૦૨૪ સુધી ડિજિટલ અરેસ્ટ હેઠળ રાખવામાં આવ્યા હતા. આ દરમિયાન છેતરપિંડી કરનારાઓ સીબીઆઈ અને ઈડી અધિકારીઓ તરીકે સાદા કપડામાં તેમની સાથે વાત કરતા હતા. ક્યારેક પોલીસ યુનિફોર્મ પહેરેલો એક યુવાન પણ જોવા મળતો હતો. તે તેમના પર નજર રાખવાની વાત કરતો હતો.

# જમ્મુ-કાશમીરમાં ટેરર લિન્ક મામલે ત્રણ સરકારી કર્મચારીઓ સસ્પેન્ડ

શ્રીનગર (જમ્મુ કાશ્મીર),તા.૧૫

જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ ટેરર લિંકના કારણે જમ્મુ કાશ્મીરના ૩ સરકારી કર્મચારીઓને સસ્પેન્ડ કરી દીધાં છે. સસ્પેન્ડ કરાયેલા કર્મચારીઓમાં જમ્મુ કાશ્મીર પોલીસનો એક કોન્સ્ટેબલ ફિરદોસ ભટ્ટ પણ સામેલ છે, જે પોલીસમાં રહીને લશ્કર માટે કામ કરતો હતો.

જાણકારી અનુસાર ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ એક પોલીસ કોન્સ્ટેબલ, એક શિક્ષક અને વન વિભાગના એક કર્મચારી સહિત ૩ સરકારી કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવાયા. ત્રણેય કર્મચારી અલગ-અલગ આતંકવાદ સાથે જોડાયેલા મામલામાં જેલમાં કેદ છે. આ મોટી કાર્યવાહી ઉપરાજ્યપાલની અધ્યક્ષતામાં સુરક્ષા સમીક્ષા બેઠકના એક દિવસ બાદ કરવામાં આવી.

# અવસાન નોંધ

**ગોંડલ :** ગુજરાતી શ્રીગોળ માળવીય બ્રાહ્મણ ગર્ગસ ગૌત્ર જોશી પરિવાર ગોંડલનિવાસી સ્વ.અનંતરાય (લાલુ દાદા) જટાશંકર જોશીના પુત્ર ભરતભાઈ અનંતરાય જોશી(ઉંમર વર્ષ ૬૮)નું તા. ૧૫-૦૨-૨૦૨૫, શનિવારના રોજ સવારે કૈલાશવાસ થયેલ છે. તેઓ તરલીકાબેનના પતિ,અને વિવેકભાઈ, દીક્ષિતભાઈ તથા ખુશ્બુબેન કશ્યપકુમાર જોષીના( મવડી) પિતા તથા કૌશિકભાઇ, સ્વ.મુકેશભાઈ, દિલીપભાઈ , સ્વ.નેશદભાઈ(મુન્નાભાઈ), તથા નલિનીબેન પ્રમોદરાય મહેતા (સમાણા) સ્વ.અનિલાબેન સ્વ.કિશોરકુમાર જોષી (ત્રાકુડા) હીનાબેન કમલેશકુમાર પંડ્યા,(નવાગઢ)ના ભાઈ કાર્તિકભાઈ, ભાવિનભાઈ, રોનકભાઈ, પ્રણવભાઈ, મિલનભાઈ, અલ્કેશભાઈ ના કાકા તથા સ્વ.ધીરજલાલ ભીમજીભાઈ પાઠક ના જમાઈ પરાગભાઇ તથા અતુલભાઈના બનેવીનું કૈલાસવાસ થયેલ છે. સદગતનુ બંને પક્ષનું બેસણું તથા ઉઠમણું તા. ૧૭/૦૨/૨૦૨૫ ને સોમવાર ના સાંજે ૪ થી ૬. સુધી હેમવાડી, સ્ટેશન પ્લોટ, ગોંડલ ખાતે રાખેલ છે.

**ગોંડલ :** હાલ ગોંડલ નિવાસી ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહમણ ભાનુશંકર શીવશંકર જોષીના સુપુત્ર જીક્ષેશભાઇ ભાનુશંકર જોષી ઉ.વ. (૪૫) તે રાજેશ્વરી પ્રણવકુમાર, સિધ્ધેશ્વરી તથા મલય ના પિતા,તે જયશ્રીબેન વિમલકુમાર, કિરણબેન પ્રફુલકુમાર, ચેતના બેન નિરવકુમાર ના ભાઈ નું તારીખ ૧૪.૦૨.૨૦૨૫ ના રોજ કૈલાસવાસી થયેલ છે. સદગતનું બેસણું તારીખ ૧૭.૦૨.૨૦૨૫ ને સોમવાર ના રોજ તેમના નિવાસસ્થાને આશાપુરા ચોકડી પાસે, સિધ્ધાર્થ નગર મેઈન રોડ , ગોંડલ ખાતે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ રાખેલ છે. મો. નં. ૯૧૦૬૫ ૪૧૨૪૯, ૯૨૬૫૪ ૭૯૯૨૬

# સીબીઆઈ ડિરેક્ટરની નિમણૂકમા ચીફ જસ્ટીસનું શું કામ ? : ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે સવાલ ઉઠાવ્યા

નવી દિલ્હી,તા.૧૫

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ન્યાયતંત્ર પર સવાલ ઉઠાવ્યાં છે. તેમણે શુક્રવારે ભોપાલમાં એક કાર્યક્રમ દરમિયાન કહ્યું કે ભારત જેવાં લોકશાહી દેશમાં એક્ઝિક્યુટિવની નિમણૂકમાં સીજેઆઈ કેવી રીતે સામેલ થઈ શકે ?. સીબીઆઈ ડિરેક્ટરની નિમણૂક પ્રક્રિયામાં સીજેઆઈનું શું કામ છે ? હવે ઉપરાષ્ટ્રપતિએ સીબીઆઈના ડિરેક્ટરની નિમણૂકનો ઉલ્લેખ કરીને ન્યાયતંત્રની ભૂમિકા પર સવાલ ઉઠાવ્યાં છે.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે ભારત જેવાં લોકશાહી દેશમાંમાં એક્ઝિક્યુટિવ એપોઇન્ટમેન્ટમાં ભારતનાં મુખ્ય ન્યાયાધીશનું શું કામ ?. તેમણે કહ્યું કે આવાં નિયમો પર પુનર્વિચાર કરવાનો સમય આવી ગયો છે. બધી લોકશાહી સંસ્થાઓએ તેમનાં અધિકારક્ષેત્ર હેઠળ કામ કરવું જોઈએ.



આપણાં જેવાં દેશમાં અથવા કોઈપણ લોકશાહી દેશમાંમાં મુખ્ય ન્યાયાધીશ સીબીઆઈ ડિરેક્ટરની પસંદગીમાં કેવી રીતે ભાગ લઈ શકે ? તેમાં કોઈ કાનૂની તર્ક મળી શકે છે ? તેમણે કહ્યું કે હું સમજી શકું છું કે વૈધાનિક જોગવાઈ બનાવવામાં આવી હતી, પરંતુ હવે પુનર્વિચારણા માટેનો સમય આવી ગયો છે.

ઉપરાષ્ટ્રપતિનું આ નિવેદન આગામી મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક પહેલાં આવ્યું છે. વર્તમાન સીઈસી રાજીવ કુમાર ૧૮ ફેબ્રુઆરીએ નિવૃત્ત થઈ રહ્યાં છે. તેનાં અનુગામીનો નિર્ણય લેવાનો છે. મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર અધિનિયમ, ૨૦૨૩ પછી સીઇસીની આ પ્રથમ પસંદગી હશે. આ કાયદા દ્વારા, કેન્દ્રએ સીજેઆઈને મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂક કરતી પેનલથી દૂર કર્યા છે.

મુખ્ય ચૂંટણી કમિશનરની નવાં કાયદા હેઠળ પ્રથમ વખત નિમણૂક કરવામાં આવશે. હાલની સીસીઇસી ૧૮ ફેબ્રુઆરીએ નિવૃત્ત થઈ રહ્યાં છે અને તેમનાં અનુગામીની પસંદગી માટે ૧૭ ફેબ્રુઆરીએ પસંદગી પેનલની બેઠક યોજાવાની છે, જેમાં લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કેન્દ્રીય પ્રધાન અમિત શાહ જોડાવા જઇ રહ્યાં છે. સીઇસી અને ઇસીની નિમણૂકો નવાં કાયદા હેઠળ થશે જેમાં પસંદગી પેનલમાંથી સીજેઆઈને દૂર કરવામાં આવ્યાં છે.

# ભરુચના આમોદના યુવાનનું કેનેડામાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ

## કાર સાથે ટ્રક ટકરાતા દુર્ઘટનાઃ યુવાન ૩ વર્ષથી સ્ટુડન્ટ વિઝા પર કેનેડામાં હતો

ભરુચ તા.૧૫

ભરુચના આમોદના યુવાનનું કેનેડામાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ નિપજયું છે. ટ્રક અને કાર વચ્ચે ટકકરમાં ગુજરાતી યુવાન મોતને ભેટયો હતો.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ ભરુચના આમોદના યુવાનનું કેનેડામાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ નિપજયું હતું. યુવાનની કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનો વિડીયો પણ વાયરલ થયો છે. ગુજરાતી યુવાન છેલ્લા ત્રણ વર્ષથી સ્ટુડન્ટ વિઝા પર કેનેડામાં રહેતો હતો.

# શું ચીન પૃથ્વી તરફ આવતાં એસ્ટરોઇડથી ધરતીને બચાવી શકશે ?

## ચીન અને નાસા એસ્ટરોઇડની દિશા બદલવાની તકનીક ઉપર કામ કરી રહ્યાં છે



નવી દિલ્હી ,તા.૧૫

એસ્ટરોઇડ ૨૦૨૪ વાયઆર ૪ એ તાજેતરનાં દિવસોમાં વિશ્વભરનાં નિષ્ણાતોની ચિંતામાં વધારો કર્યો છે. વર્ષ ૨૦૩૨ માં આ એસ્ટરોઇડ પૃથ્વી અને ચંદ્રની સાથે અથડાવાની સંભાવના છે. આમાં સૌથી વધુ ચિંતાની વાત એ છે કે અગાઉ વૈજ્ઞાનિકોએ આ એસ્ટરોઇડની પૃથ્વી સાથે ટકકરની સંભાવના ૧.૩ ટકા કહી હતી, પરંતુ હવે નિષ્ણાતો પૃથ્વી સાથે એસ્ટરોઇડની ટક્કર થવાની સંભાવનાને ૨.૩ ટકા કહી રહ્યાં છે.

ચીને પૃથ્વીને એસ્ટરોઇડ્સથી બચાવવા માટે તેની તૈયારીઓ વધુ તીવ્ર બનાવી છે. ચીને નિષ્ણાતોની એક ટીમની રચના કરી છે, જે અવકાશમાંથી આવતાં જોખમોનો સામનો કરવા અને પૃથ્વીને સુરક્ષિત કરવાનું કામ કરશે. એસ્ટરોઇડ્સ ૨૦૨૪ વાયઆર ૪ પૃથ્વી સાથે ટકરાવાની સંભાવના ખૂબ ઓછી છે, પરંતુ ત્યાં એક ભય છે. નિષ્ણાતો કહે છે કે જો આ એસ્ટરોઇડ પૃથ્વી સાથે ટકરાય છે, તો ત્યાં મોટો વિનાશ થઈ શકે છે. આવી સ્થિતિમાં, આંતરરાષ્ટ્રીય અવકાશ એજન્સીઓ આ વિશે હવે સાવધ છે.

આ જોખમોને સમજીને, ચીને એસ્ટરોઇડ્સ અને ચેતવણી પ્રણાલીના દેખરેખને સુધારવા માટે નિષ્ણાતોની એક ટીમ બનાવી છે. ચાઇના પણ તકનીકો વિકસાવી રહી છે જે એસ્ટરોઇડ્સની દિશામાં ફેરફાર કરી શકે છે. આ તકનીક ભવિષ્યમાં આવાં જોખમોને ટાળવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે.



**ચાઇનાનું એસ્ટરોઇડ નેટવર્ક :-**

ચીન આંતરરાષ્ટ્રીય એસ્ટરોઇડ ચેતવણી નેટવર્ક અને સ્પેસ મિશન પ્લાનિંગ સલાહકાર જૂથમાં પણ શામેલ છે અને તે વિશ્વભરમાં એસ્ટરોઇડ્સ સામે રક્ષણ આપવાનાં પ્રયત્નોમાં પણ શામેલ છે.

આ સહયોગથી, ડેટા શેર કરી શકાય છે અને એસ્ટરોઇડ્સની દિશામાં ફેરફાર કરતાં મિશનની સંયુક્ત યોજના બનાવી શકાય છે. ચીન સિવાય અમેરિકન એજન્સી નાસા પણ તેનાં પર કામ કરી રહી છે. બંને ૨૦૨૪ વાયઆર ૪ પર નવાં ડેટાના આધારે તેમની એસ્ટરોઇડ અસરની આગાહીમાં સુધારો કરી રહ્યા છે. ચીન એસ્ટરોઇડ્સનું નિરીક્ષણ અને ચેતવણી પ્રણાલીમાં સુધારો કરી રહ્યું છે તેમજ તેમની દિશા બદલવાની તકનીકનો વિકાસ કરી રહ્યું છે. ચીનને નાસાના ૨૦૨૨ ના પરીક્ષણથી પણ મદદ મળી રહી છે, જેમાં નાસાએ એક એસ્ટરોઇડની દિશા સફળતાપૂર્વક બદલી હતી.

આ દર્શાવે છે કે વિશ્વ એસ્ટરોઇડ્સના જોખમને ગંભીરતાથી લઈ રહ્યું છે અને તેને ટાળવાની તૈયારી પણ કરી રહ્યું છે.

**એસ્ટરોઇડથી કેટલો ખતરો :-**

પૃથ્વી અને ચંદ્ર માટે જોખમ ઉભું કરી રહેલાં આ એસ્ટરોઇડનું નામ ૨૦૨૪ વાયઆર ૪ છે. તેનું કદ ૪૦ થી ૯૦ મીટરની વચ્ચે છે. જાણકારોનું કહેવું છે કે, જો આ એસ્ટરોઇડ પૃથ્વીનાં વસ્તીવાળા વિસ્તાર સાથે અથડાઇ તો તેનાથી ગંભીર નુકસાન થઈ શકે છે.

# શું બ્રશ કર્યા પછી તરત જ કોગળા ન કરવા જોઈએ ?

## ટૂથપેસ્ટમાં રહેલાં ફ્લોરાઇડને દાંતને મજબૂત કરવામાં સમય લાગે છે, અને બ્રશ પછી તરત જ કોગળા કરવાથી ફ્લોરાઇડ ધોવાઈ જાય છે

નવી દિલ્હી : આપણે રોજ સવારે અને અમુક લોકો રાત્રે બ્રશ કરતાં હોય છે. આપણે બ્રશ કર્યા બાદ સામાન્ય રીતે કોગળા કરીએ છીએ આ એક મૌખિક સ્વચ્છતાની કવાયત હોય છે જેને લોકો અનુસરે છે પરંતુ જો અમે તમને કહીએ કે તમે આ મૂળભૂત, રોજિંદું કાર્ય ખોટી રીતે કરી રહ્યાં છો તો ?



ઇન્ટરનેટ પર અનેક વાયરલ વીડિયો અનુસાર, તમારે દાંત સાફ કર્યા પછી કોગળા કરવાનું સંપૂર્ણપણે ટાળવું જોઈએ. કેમ ? ક્લિપ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે ટૂથપેસ્ટમાં રહેલાં ફ્લોરાઇડને તેનું કામ કરવા માટે પૂરતો સમય મળતો નથી. જે તમારા દાંતને મજબૂત બનાવે છે. શું આ દાવો સાચો છે, કે પછી 'વ્યૂઝ' અને 'શેર' માટે ઓનલાઇન ખોટી માહિતી ફેલાવવામાં આવી રહી છે ?

દાંતનાં ડોક્ટરોને પૂછવા પર તેઓએ જણાવ્યું હતું કે આ વાયરલ વિડિઓ જે સૂચવે છે તે સાચું છે. દાંતનાં ડોક્ટરો સંમત થાય છે કે કોઈએ દાંત સાફ કર્યા પછી પાણીથી તરત જ કોગળા કરવાનું ટાળવું જોઈએ.

દાંતનાં ડોક્ટરે કહ્યું કે બ્રશ કર્યા પછી તમારાં મોઢાને પાણી અથવા માઉથવોશથી ધોવું જોઈએ નહીં. બ્રશ કર્યા પછી અને માઉથવોશનો ઉપયોગ કર્યા પછી જો તમે કોગળા કરો છો, તો તમે ફ્લોરાઇડને ધોઈ નાખો છો, અને તે સડો અટકાવી શકતું નથી. જ્યારે ફ્લોરાઇડ તમારા દાંત પર લાંબા સમય સુધી રહે છે ત્યારે તે સૌથી વધુ અસરકારક કામ કરી શકે છે. '' દાંતનાં ડોક્ટરો સૂચવે છે કે વધારાની ટૂથપેસ્ટને થૂંકીને પાણી પીતાં પહેલાં ૨૦-૩૦ મિનિટ સુધી રાહ જોવી જોઈએ.

નોઇડાની ન્યુમેદ હોસ્પિટલના ડેન્ટલ વિભાગનાં વડા ડો.સુમન યાદવ કહે છે કે જો કોઈને દાંત સાફ કર્યા પછી તરત જ મોં ધોવાની જરૂર લાગે છે, તો ફ્લોરાઇડ વાળા પાણીનો કોગળા માટે ઉપયોગ કરવો જોઈએ. ફ્લોરાઇડ એક ખનિજ છે, જે દાંતને બેક્ટેરિયા અને મોઢામાં ઉત્પન્ન થતાં એસિડથી સુરક્ષિત રાખે છે જે દાંતનાં સડાને ઘટાડે છે.

જ્યારે ટૂથપેસ્ટમાં ફ્લોરાઇડ દાંતના સંપર્કમાં આવે છે, ત્યારે તે સ્ફટિક માળખામાં સંકલિત થાય છે અને ફ્લોરાપેટાઇટ નામનું ખનિજ બનાવે છે, જે એસિડ સામે રક્ષણ પૂરું પાડે છે. એટલું જ નહીં, પરંતુ તે કેલ્શિયમ અને ફોસ્ફેટ આયનોને પ્રોત્સાહિત કરીને દાંતનાં વિકાસમાં પણ ફાળો આપે છે, જે દાંત પર નવી સપાટી બનાવે છે.

દાંતનાં ડોક્ટરો ફ્લોરાઇડને એક મહત્વપૂર્ણ ટૂથપેસ્ટ ઘટક તરીકે ગણાવે છે. જો કે, બાળકો અને જેમને ડેન્ટલ ફ્લોરોસિસનું નિદાન થયું હોય તેઓને ફ્લોરાઇડ ધરાવતાં ટૂથપેસ્ટનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ. જે બાળકો દાંત સાફ કરતી વખતે આકસ્મિક રીતે ટૂથપેસ્ટ ગળી જાય છે, તેમને પણ ફ્લોરાઇડ-ફ્રી ટૂથપેસ્ટનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે

ફ્લોરાઇડ-ફ્રી ટૂથપેસ્ટનો ઉપયોગ કરતી વખતે તમારે કોગળા ન કરવાનાં નિયમને અનુસરવાની જરૂર નથી. દાંતનાં ડોક્ટરો આ ખનિજ ધરાવતાં ન હોય તેવાં ટૂથપેસ્ટનો ઉપયોગ કરવાની સલાહ આપતાં નથી.

### દાંતની તંદુરસ્તી વધારવા માટેની ટીપ્સ :-

- નરમ બ્રશનો ઉપયોગ કરીને દિવસમાં બે વખત બ્રશ કરો. ગોળાકાર ગતિમાં બ્રશ કરો જેથી દાંતની બધી સપાટીઓ સાફ થઈ શકે.
- તમારી દિનચર્યામાં ફ્લોસિંગનો ઉમેરો કરો. ફ્લોસિંગ એ એક પ્લાસ્ટિકનો દોરો હોય છે જે દરેક દાંતની વચ્ચેથી પસાર કરીને દાંતોની સફાઇ કરે છે. ફ્લોસિંગનો ઉપયોગ કરીને ખોરાકનાં કણોને એવાં વિસ્તારોમાંથી દૂર કરી શકાય છે જ્યાં બ્રશ પહોંચી શકતું નથી.
- તમારી જાતને હાઈડ્રેટેડ રાખો અને ખાંડ અને એસિડિક આહારના સેવનને મર્યાદિત કરો, કારણ કે તે દાંતનાં સડા તરફ દોરી શકે છે.
- નિષ્ણાતો બેક્ટેરિયાને ઘટાડવા અને તમારાં શ્વાસને તાજો કરવા માટે એન્ટિબેક્ટેરિયલ માઉથવોશનો ઉપયોગ કરવાનું સૂચન કરે છે. આલ્કોહોલથી મુક્ત હોય તે પસંદ કરવું જોઈએ.
- ધૂમ્રપાન અથવા તમાકુનો ઉપયોગ સમગ્ર આરોગ્ય માટે હાનિકારક છે, જેમાં મૌખિક આરોગ્યનો પણ સમાવેશ થાય છે. તેનાથી દાંતમાં સડો, પેઢાના રોગ અને મોઢાનાં કેન્સરનું જોખમ વધી જાય છે. નિકોટિનથી દાંત પર ડાઘ પડી જાય છે.

ગુજરાતી સાહિત્યમાં આગવી પ્રતિભા ધરાવતાં યુવા લેખક રામમોરી "સાંજ સમાચાર"ના આંગણે

# કૃષ્ણ સૌભાગ્યશાળી કે હું મળી: સત્યભામાના જીવન દર્શનની યાત્રા કરાવશે રામમોરી:આજે સાંજે રા.ના.બેંકમાં કાર્યક્રમ

## રામમોરી લિખિત નવલકથા 'સત્યભામા'નું આવતીકાલે અમદાવાદમાં પુસ્તક વિમોચન

રાજકોટ,તા.૧૫

ગુજરાતી ભાષામાં લખીતા યુવા સાહિત્યકારોમાં રામ મોરીનું નામ ગૌરવભેર લવાય છે તેમનું મહોતુ પુસ્તક પરથી ગુજરાતી ફિલ્મ આવી ગઈ છે. તેમણે કોફી સ્ટોરીઝ, કેન્ફેશન બોક્સ પુસ્તક પછીનું ચોથુ પુસ્તક સત્યભામા પ્રકાશિત થયું છે જેનો વિમોચન સમારોહ આવતીકાલ તા.૧૬ના રવિવારે સાંજે પાંચ વાગે જીતેન્દ્ર દેસાઈ મેમોરીયલ હોલ, નવજીવન ટ્રસ્ટ કેમ્પસ, ગુજરાત વિદ્યાપીઠ પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે યોજાયો છે. તે પૂર્વે આજે રાજકોટમાં રાજકોટ નાગરિક સહકારી બેંક, ૧૫૦ ફુટરીંગ રોડ, રૈયા સર્કલ (ઓડિટોરીયમ)ખાતે યોજાયેલ છે. જેમાં સત્યભામાના લેખક રામ મોરી કથા વિષે સાહિત્યરસિકોને રોચક જાણકારી આપશે.ભારતીય સાહિત્યમાં પહેલીવાર કૃષ્ણની પત્ની સત્યભામાના દ્રષ્ટિકોણથી કૃષ્ણકથા રજૂ થઈ રહી છે.




સત્યભામા આમતો કૃષ્ણની અષ્ટપટરાણીઓમાંની એક પણ તોય સૌથી જુદી- એવી નાયિકા જે માનતી કે હું ટોળાનો ભાગ નહિ, ટોળાનું કારણ હોઈ શકું એવી સ્ત્રી જે સ્વયંને સર્વશ્રેષ્ઠ માનતી સત્યભામા આજીવન સેવા ભ્રમમાં રહી કે કૃષ્ણ સૌથી વધારે પ્રેમ માત્રને માત્ર એને જ કરે છે.અહી કૃષ્ણને પામવાની સત્યભામાની પોતીકી યાત્રા છે.

કૃષ્ણની સોળહજાર એકસો અને સાત રાણીઓ એવું માનતી કે અને સૌભાગ્યશાળી છીએ કે અમને કૃષ્ણ મળ્યા પરંતુ એક હતી પટ્ટરાણી સત્યભામા, જે એવું સ્પષ્ટ પણે માનતી કે કૃષ્ણ સૌભાગ્ય શાળી કે હુ મળી....

આ કથા સત્યભામાની છે જે સ્વયંને કૃષ્ણની સૌથી પ્રિય પત્ની તરીકે સોળખાવે છે.જગતના ચોકમાં ઉભી રહી આંખમાં આંખ પરોવી રૂદ્ર વિશ્વાસ સાથે કરી રહી છે કે ભલે હું રાધાની જેમ રાસ નથી રમી ભલે રૂક્મણીની જેમ મને કૃષ્ણ સંબોધન નથી મળ્યુ ભલે જાંબવતીની વનસંસ્કૃતિનો સ્વીકાર થયો એવું મને માન નથી મળ્યું તો પણ કૃષ્ણ સૌથી વધારે પ્રેમ મને કરે છે.અને મનોજ કરે છે.

આ કથા સત્યભામાના કૃષ્ણની છે. આ કથામાં દ્વારકા છે. ગોકુળ છે. બરસાના છે મથુરા છે, પાંચાલ છે તો વિદર્ભ પણ છે.આ સ્થળો સરનામા નહી, પડાલ છે.




સત્યભામા નવલકથાના લેખક રામ મોરીએ 'સાંજ સમાચાર' કાર્યાલય પર આવ્યા હતા અને કથા વિષેની આછેરી માહિતી આપી હતી.

**કથા સત્યભામાના કૃષ્ણની છે: આ કથામાં દ્વારકા છે, ગોકુળ છે, બરસાના છે, મથુરા છે, પાંચાલ છે તો વિદર્ભ પણ છે, આ સ્થળો સરનામાં નહિ પડાવ છે**


# JEE ૨૦૨૫નાં પરિણામોમાં પોતાનાં જ રેકૅડ બ્રેક કરતી મોદી સ્કૂલ

રાજકોટ, તા.૧૫

દેશની ટોચની એન્જીનીયરીંગ કોલેજો જેવી કે IIIT, NIT તથા IIT માં પ્રવેશ માટેની એલીજીબીલીટી ટેસ્ટ તરીકે લેવાતી JEE Mains 2025 (Session 1) માં મોદી સ્કૂલનાં વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પરિણામ મેળવ્યું છે. JEE (Mains + Advanced), NEET કે GUJCET દરેક સ્પર્ધાત્મક પરિક્ષાઓમાં મોદી સ્કૂલનો દબદબો બરકરાર રહ્યો છે.

JEE Mains 2025 (Session 1) નાં જાહેર થયેલ પરિણામોમાં આશરે કુલ ૧૨,૩૬,૦૦૦ વિદ્યાર્થીઓમાંથી 99.90 PR કે તેથી વધુ ૬ વિદ્યાર્થીઓએ મેળવેલ છે. જે સૌરાષ્ટ્ર કચ્છની કોઇપણ સ્કૂલ કરતા સૌથી શ્રેષ્ઠ પરિણામ છે. મોદી સ્કૂલનાં વિદ્યાર્થી તથા તબિબ પિતાનાં સંતાન એવા સરડવા યજ્ઞ - 99.97 PR સાથે સમગ્ર ગુજરાતમાં ગુજરાતી માધ્યમનાં વિદ્યાર્થીઓમાં પ્રથમ સ્થાન મેળવેલ છે. ગુજરાતી માધ્યમનાં વિદ્યાર્થીઓ પણ નેશનલ લેવલની ટેસ્ટમાં ઝળહળતુ પરિણામ મેળવી શકે છે તે સરડવા યજ્ઞએ સાબિત કર્યુ છે. આ ઉપરાંત મોદી સ્કૂલનાં જીલ ઠુંમર એ - 99.96 PR, જીત કાથ્રરોટીયાએ - 99.95 PR, હર્મીશ મજેઠીયા - 99.94 PR, જયદિપ ઠુંમર - 99.94 PR તથા મૈત્રી સંઘાણીએ - 99.91 PR સાથે જવલંત પરિણામ મેળવીને માતા પિતા તથા શાળાનું ગૌરવ વધારેલ છે.

આ ઉપરાંત JEE Mains 2025 (Session 1) નાં પરિણામોમાં 99.50 PR કે તેથી વધુ ૩૮ વિદ્યાથીરઓ, 99.00 PR કે તેથી વધુ ૭૫ વિદ્યાથીરઓ તથા




**99 PR કે તેથી વધુ ૭૫ વિદ્યાર્થીઓ સાથે સૌરાષ્ટ્રનાં શિક્ષણક્ષેત્રે નવો રેકર્ડ સર્જતી મોદી સ્કૂલ : યજ્ઞ સરડવા નં. ૧**

98.00 PR કે તેથી વધુ ૧૧૮ વિદ્યાથીરઓ સાથે સૌરાષ્ટ્ર કચ્છની તમામ સ્કૂલ તથા કૌચીંગ કરતા શ્રેષ્ઠ પરિણામ મેળવી મોદી સ્કૂલનાં વિદ્યાર્થીઓ એ સાબિત કર્યુ છે કે નેશનલ લેવલની પરીક્ષાઓમાં સૌરાષ્ટ્રનાં વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય ફલક પર ટોચનું પરિણામ મેળવી શકે છે.

JEE Main નાં આવા ઉજ્જવળ પરિણામો માટે વિદ્યાર્થીઓ એ મોદી સર તથા હિતસરનું સચોટ માર્ગદર્શન, નિયમિત ચેપ્ટર ટેસ્ટ, હાફ સીલેબસ ટેસ્ટ, ફુલ સિલેબસ ટેસ્ટ (FST) નું પધ્ધતિસર આયોજન, મોદી સ્કૂલનાં તજજ્ઞ શિક્ષકો દ્વારા તૈયાર કરવામાં આવેલ મોડ્યુલ તથા Continuous Counseling તથા Mentorship થકી મોદી સ્કૂલીંગ સિસ્ટમએ નેશનલ લેવલની પરિક્ષામાં ટોચનું સ્થાન મેળવેલ છે.

મોદી સ્કૂલનાં સંસ્થાપક Dr. R. P. Modi Sir એ આ સફળતા અંગે જણાવ્યું કે અમો ૩૭ વર્ષથી સૌરાષ્ટ્રનાં વિદ્યાર્થીઓની શિક્ષણ પધ્ધતિ, ઘરનાં વાતાવરણ તથા તેઓનાં એજ્યુકેશન કલ્ચર ને સમજીએ છીએ. જેના કારણે શ્રેષ્ઠ પરિણામો શક્ય બને છે. હાલમાં NEET, JEE (Main + Advanced) તથા Foundation Std. ૬ થી ૧૦ માટે ૧૨ IITans, 3 NITians, 2 Doctors, સાથે કુલ ૯૪+ ફેકલ્ટીની મોટી ટીમ કાર્યરત્ત છે. જેમાનાં ૪૨+ ફેકલ્ટી તો આઉટસ્ટેટ નાં છે. ગુજરાત અને આઉટસ્ટેટ ફેકલ્ટીની ટીમ તથા મોદી સ્કૂલ મેનેજમેન્ટની સૌરાષ્ટ્રની સાયન્સનાં વિદ્યાર્થીઓનાં માનસપટને સમજવાની ક્ષમતાના કારણે આવા શ્રેષ્ઠ પરિણામો મોદી સ્કૂલ મેળવી રહી છે. રાજકોટ તથા જામનગર સીટીમાં રહેતા વિદ્યાર્થીઓ માટે તો બરોબર પણ સૌરાષ્ટ તથા ગુજરાતભરમાં ઉચ્ચ કારકિંદી ઘડતર કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે મોદી બોર્ડિંગ સ્કૂલ આશિર્વાદરૂપ છે. મોદી સ્કૂલનાં શ્રેષ્ઠ પરિણામ બદલ સ્કૂલનાં સંસ્થાપક Dr. R. P. Modi Sir, Paras Sir, Heet Sir તથા Dhaval Sir એ બધા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

# જસાપર ગામે આયોજિત નિ:શુલ્ક દંતયજ્ઞ કેમ્પમાં ૨૧ દર્દીને બત્રીસી ફીટ કરાઈ



જસાપર ગામે પરમ શ્રદ્ધેય શ્રી ધીરગુરૂદેવજી ના સાનિધ્યમાં અને તેમના આશીર્વાદથી વિનામુલ્યે દંતયજ્ઞ અને દાંતની બત્રીસીનો કેમ્પ રાખવામાં આવેલ. જેમાં દાંતના દર્દીઓને ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટના ડો.જયસુખ મકવાણા અને તેમની ટીમ ડો.સંજય અગ્રાવત, મોનિકા ભટ્ટ, જાગૃતિ ચૌહાણ દ્વારા તપાસી વૃદ્ધ વ્યક્તિઓને બત્રીસી અર્પણ કરેલ અને ૨૧ દર્દીઓને બત્રીસી ફીટ કરી બત્રીસી બાબત માર્ગદર્શન આપવામાં આવેલ.

# શિવનર્તન કલા કેન્દ્ર રાજકોટ દ્વારા હીર ડોબરીયાનું આરંગેત્રમ યોજાયું

## ડી.સી.પી. ક્રાઈમ બ્રાંચ રાજકોટના પાર્થરાજસિંહ ગોહીલ, પુજારા ટેલીકોમના ચેરમેન યોગેશભાઈ પુજારા ઉપસ્થિત રહ્યા

રાજકોટ તા. ૧૫

શિવ નર્તન કલા કેન્દ્ર રાજકોટનાં વિનસ ઓઝા અને હેતલ મકવાણાનાં સાનિધ્યમાં હીર ડોબરીયાએ પાંચ વર્ષની ભરત નાટયમ્ની એક સંગીત યાત્રા પૂર્ણ કરી છે. જેનો આરંગેત્રમ્ કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો.

સંગીત નૃત્ય અને અભ્યાસએ વ્યકિતનં જીવનમાં ખુબ મોટો ભાગ ભજવે છે. વાણી, વર્તન, વિચાર, પારિવારિક અને બાહ્ય સંબંધો કેમ જાળવવા અને સૌની સાથે કેવી રીતે રહેવું તે, ટુંકમાં જીવન જીવવાની કળા સંગીત શિખવે છે.

નૃત્ય શિખવે છે અને જીવનમાં એકાગ્રતા આત્મવિશ્વાસ અને ધૈર્ય વધારે છે. એમ ખોડલધામનાં ચેરમેન, પટેલ સમાજનાં મોભી, અગ્રણી ઉધોગપતિ નરેશભાઈ પટેલએ હીર વંદના ડો. જયેશ ડોબરીયાના આરંગેત્રમ પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી જણાવ્યું હતુ.



આ પ્રસંગે ખાસ મહેમાન તરીકે ઉપસ્થિત ડી.સી.પી. ક્રાઈમ બ્રાંચ રાજકોટના પાર્થરાજસિંહ ગોહીલ (આઈ.પી.એસ.), પુજારા ટેલીકોમના ચેરમેન યોગેશભાઈ પુજારા ઉપસ્થિત રહ્યા હતા.અને હીર વંદના ડોબરીયાના આરંગેત્રમ્નાં વધામણા કર્યા હતા.

આ આરંગેત્રમ્ કાર્યક્રમમાં હીર ડોબરીયાએ ગણેશ વંદના, અલ્લારીપું, જતિસ્વરમ, શબ્દમ, પદ્મ (શ્રી કૃષ્ણ-સુદામા) વર્ણમ, તિલ્લાના, મંગલમ્ વગેરે કૃતિ રજૂ કરી મોટી સંખ્યામાં ઉપસ્થિત દર્શકોના મન મોહી લીધા હતા.આ કાર્યક્રમમાં પ્રસિધ્ધ કલાગુરૂ નૃત્ય સંગીત સમ્રાટસમા કલાગુરૂ ચંદન ઠાકોર, નિરાલી ઠાકોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા વાધ્યવૃંદમાં તેઓની સાથે શ્રીનિવાસ રાઘવન, ફેનિલ સોની અને ધીરજ રાજયગુરૂએ સેવા આપી હતી.

**નૃત્ય સંગીતએ ધૈર્ય, એકાગ્રતા સાથે જીવન જીવવાની કલા શિખવે છે: નરેશ પટેલ**

# સિસ્ટર નિવેદિતા ફાઉન્ડેશન દ્વારા આયોજિત ૫૦ મો સંસ્કૃત સપ્તાહ સમારંભ સંપન્ન

## સમગ્ર સપ્તાહ દરમિયાન ૧૪૦ જેટલાં વિદ્યાર્થીઓએ સ્પર્ધાઓમાં ભાગ લીધો: વિજેતાઓને સન્માનિત કરાયા




રાજકોટ, તા.૧૫

સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલ સંચાલિત પ્રિન્સિપાલ ડી.પી. જોશી ફાઉન્ડેશન દ્વારા આયોજીત સંસ્કૃત સપ્તાહ સમાપન સમારંભ ગત તા.૯ ને શુક્રવારના રોજ સિસ્ટર નિવેદિતા નિરંતર શિક્ષણ કેન્દ્રના મધ્યસ્થ ખંડમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના સંસ્કૃત ભવનના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. શારદાબહેન રાઠોડના અતિથિવિશેષ પદે યોજવામાં આવેલ.

આ સંસ્કૃત સપ્તાહનો ૫૦મો મણકો છે. શહેરના બાલમંદિરના વિદ્યાર્થીઓથી લઈને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે સપ્તાહ દરમિયાન વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. જેમાં સંસ્કૃત શ્લોકગાન, શ્રીમદ્ ભગવદ્ ગીતાના શ્લોકનું ગાન, ભાવાનુવાદ સાથે સંસ્કૃત સુભાષિતગાન, સંસ્કૃત ભષામાં એકપાત્રીય અભિનય, સંસ્કૃત સ્તોત્રગાન વગેરે સ્પર્ધાઓનો સમાવેશ થાય છે. આ દરેક વિભાગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર વિજેતાઓએ પોતાની કૃતિની અભિવ્યક્તિ કરેલ. સમગ્ર સપ્તાહ દરમિયાન ૧૪૦ જેટલાં વિદ્યાર્થીઓએ સ્પર્ધાઓમાં ભાગ લીધો તેમજ ૬૦૦ જેટલાં વાલીઓ અને શિક્ષકો ૬ દિવસના આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ. વિજેતાઓને અતિથિ વિશેષ ડો. શારદાબહેન રાઠોડ તથા કાનનબહેન જાનીના હસ્તે શિલ્ડ તેમજ રોકડ પુરસ્કાર અર્પણ કરવામાં આવેલ.

અનચાર્ટેડ ટ્રાવેલ અને એડલર ટૂર્સ એન્ડ સફારીઝ પ્રા.લિ. દ્વારા

# U.K. અને U.S.A.ના ૨૩ સાયકલ સવારો સાથે ૯ દિવસીય 'સાયકલ કવેસ્ટ'નો પ્રારંભ

**'સાયકલ કવેસ્ટ દ્વારકાથી કચ્છના સફેદ રણ સુધી' નામની ઈવેન્ટ ૨૩ ફેબ્રુ.એ ઈવેન્ટ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદ ખાતે સમાપ્ત થશે**



રાજકોટ, તા.૧૫

U.K. અને U.S.A.ના સાયકલ સવારો સાથે ૯ દિવસીય 'સાયકલ કવેસ્ટ'નું આયોજન અનચાર્ટેડ ટ્રાવેલ અને એડલર ટૂર્સ એન્ડ સફારીઝ પ્રા.લિ., રાજકોટ દ્વારા તા.૧૪ થી ૨૩ સુધી એક વિશિષ્ટ સાયકલ કવેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

'સાયકલ કવેસ્ટ દ્વારકાથી કચ્છના સફેદ રણ સુધી' નામની આ ઈવેન્ટમાં બર્મિંગહામ સાયકલ કલબ U.K. અને U.S.A.ના ૨૩ સાયકલ સવારો ભાગ લેશે. આ ૯ દિવસીય સાયકલ પ્રવાસ ખીજડિયા પક્ષી અભયારણ્ય, શ્રી કૃષ્ણની દ્વારકા નગરી, મોરબી, ભુજ, ગ્રેટ રણ ઓફ કચ્છમાં નખત્રાણા, ચારીઢંઢ, બન્ની ઘાસના મેદાનો, નિરોના ક્રાફટ વિલેજ, ધોરડો ખાતે રણોત્સવ, ધોળાવીરાની હડપ્પા સંસ્કૃતિનું ખોવાયેલું શહેર, લિટલ રણ ઓફ કચ્છમાં દસાડા ખાતે ઘુડખર અભયારણ્ય, રાણી કી વાવા સ્ટેપ વેલ, પટોળા મ્યુઝિયમ, મોઢેરા સૂર્ય મંદિરની મુલાકાત લેશે. આ ઈવેન્ટ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સિટી-અમદાવાદ, ગુજરાત ખાતે સમાપ્ત થશે.

આ સાયકલ કવેસ્ટ ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિ, કુદરતી સૌંદર્ય અને ઐતિહાસિક વારસાને ઉજાગર કરશે. આ એક પડકારજનક અને રોમાંચક પ્રવાસ હશે જે સાયકલ સવારોને ગુજરાતના વિવિધ સ્થળોનો અનુભવ કરાવશે.

# સરકારી પોલીટેકનીકમાં માર્ગ સલામતી જાગૃતતા સેમિનાર યોજાયો

## ડીસીપી પૂજા યાદવ, આરટીઓ અધિકારી ખપેડ દ્વારા માર્ગદર્શન આપ્યું



રાજકોટ તા.૧૫

ટ્રાફિક પોલીસ, આરટીઓ, સરકારી પોલીટેકનીક, રાજકોટ અને બી.કે. મોદી ફાર્મસી કોલેજ, રાજકોટ દ્વારા સંયુકત રીતે રોડ સેફટી અવેરનેસ પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

**સીટી વિસ્તાર**

**સ્વસ્તિક સોસાયટી**
રૈયા રોડ, ૧૭૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૫૦૦૦

**શ્રેયસ સોસાયટી**
બિગબાઈટ પાસે, ૫૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧ લાખ

**ભોમેશ્વર સોસાયટી**
૩૧૧ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૫૦૦૦

**તિરૂપતિનગર**
રૈયા રોડ, ૧૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૨૦૦૦

**ગોલ્ડ કોઈન**
આર.કે.કોલેજ પાછળ, ૧૦૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૫૦૦૦

**સાંઈનગર સોસાયટી**
બિગબજાર પાસે, ૧૭૧ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧.૦૫ લાખ

**જનતા સોસાયટી**
મહિલા કોલેજ પાસે, ૩૬૧ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૮૦૦૦૦

**નાલંદા પાર્ક**
ટવીન ટાવર પાછળ, ૧૦૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧ લાખ

**પંચનાથ પ્લોટ**
લીમડા ચોક પાસે, ૧૩૭ વાર પ્લોટ વેચવાનો છે. કિંમત- ૧.૫૧ કરોડ

**સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર**
૨૩૦ વાર, પ્લોટ વેચવાનો છે. કિંમત-૩ કરોડ

**ભારતીનગર**
નંદા હોલ પાસે, ૧૮૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૪૫૦૦૦

**ભીડભંજન**
રૈયા રોડ, ૩૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૫૦૦૦

**ગોપાલ વાડી**
કોઠારીયા, ૬૭ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૫૦૦૦

**શ્રીજીનગર**
રેસકોર્સ પાસે, ૯૦ વાર પ્લોટ વેચવાનો છે. કિંમત-૭૦ લાખ

**મધુવન પાર્ક**
મવડી-૨૩, ૭૩ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૫૦૦૦

## ફાસ્ટ પેમેન્ટથી પ્લોટ વેચવા માટે મળો

### અમેરિકા-ચીન-હોંગકોંગના શેરબજારના માર્કેટ કેપ વધ્યાઃ ભારત અને જાપાનનું ઘટયુ

# શેરબજાર વધુ તૂટશે! વૈશ્વિક ઈકિવટી માર્કેટ કેપમાં ભારતનો હિસ્સો ૧૮ માસના તળીયે

## સપ્ટેમ્બર ૨૦૨૪ પછી ભારતીય કંપનીઓનું માર્કેટ કેપ ૧૦૫૦ બીલીયન ડોલર ઘટયુંઃ હવે વૈશ્વિક ઈકિવટી માર્કેટમાં ભારતનો હિસ્સો ફકત ૩.૬૩% રહ્યો



નવી દિલ્હીઃ ભારતીય શેરબજારમાં ડોમેસ્ટીક તમામ 'ઈવેન્ટ' જે શેરબજારના મૂડને સુધારી શકતા નથી તે પુરા થયા બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાત પર નજર હતી તેમાં પણ એડવેન્ટેજ અમેરિકા જેવી સ્થિતિ બની છે અને ગઈકાલે ભારતીય શેરબજારે તે ફેકટરને પણ હવે ભુલાવી દીધુ છે તેની સોમવારે જયારે શેરમાર્કેટ ખુલશે તો કેવી મુવમેન્ટ હશે તેના પર જબરી નજર છે તે સમયે ભારતીય શેરબજારમાં લીસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપ ૧૮ માસના સૌથી નીચા સ્તરે પહોંચી ગયો છે અને તે ૩.૬૩% ઘટયો છે.

વિશ્વના શેરબજારોમાં પણ ભારતીય કંપનીઓનું માર્કેટ કેસ છેલ્લા કેટલાક મહિનાઓમાં જબરૂ ઘટયુ છે. હજુ ગત વર્ષ જુલાઈ માસમાં વિશ્વના બજારોમાં ભારતીય લીસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ૪.૬૪% હતુ જે હવે ઘટીને ૩.૬૩% થઈ ગયુ છે. ડિસેમ્બર ૨૦૨૪માં જે સ્થિતિ હતી તેમાં આ ઘટાડો થયો છે. વિશ્વબજારમાં ભારતીય કંપનીઓનું માર્કેટ કેપ સપ્ટેમ્બર-૨૦૨૪માં ૪.૫૨% હતું. ડિસેમ્બર ૨૦૨૪માં તે ઘટીને ૪.૧૮% નોંધાયુ અને હવે તે ૨.૬૩% છે જેથી લીસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપમાં સપ્ટેમ્બર ૨૦૨૪થી આજ દિવસ સુધીમાં ૧૦૫૦ બિલિયન ડોલરનો ઘટાડો થયો છે. મુંબઈ શેરબજારમાં લીસ્ટેડ તમામ કંપનીઓનું સંયુકત માર્કેટ કેપ ૪૬૧૨.૯ બિલિયન ડોલર શુક્રવારે (ગઈકાલે) નોંધાયુ હતુ જે ૨૦૨૪ના અંતે ૫૧૬૨.૨ બિલિયન ડોલર હતું અને સપ્ટેમ્બર ૨૦૨૪ના તે ૫૬૬૦.૪ બિલિયન ડોલર હતું. આમ તે સપ્ટેમ્બર ૨૦૨૪ બાદ ૧૦૫૦ બિલિયન ડોલર ઘટયુ છે.

જે દેશની જીડીપીના ૨૭% છે. વાસ્તવમાં ગ્લોબલ ઈકવીટીમાં

## વિશ્વની જીડીપીમાં ભારતના ૩.૫%ના યોગદાન કરતા વધુ ૩.૯%નું માર્કેટ ભૂતકાળમાં શેરબજારમાં મોટા કડાકા લાવ્યુ છેઃ સોમવારથી નવી ચિંતા

ઓલટાઈમ હાઈ સપાટી છે અને તે ૨.૮% વધીને ૧૨૭.૦૮ ટ્રીલીયન ડોલર નોંધાયુ છે. જે સપ્ટેમ્બર ૨૦૨૪માં ૧૨૫.૩ ટ્રીલીયન ડોલર હતું. જેમાં અમેરિકાની કંપનીઓનું માર્કેટ કેપ સૌથી વધુ વધ્યુ છે. બાદમાં ચીનનો નંબર આવે છે અને ત્રીજા સ્થાને હોંગકોંગ આવે છે. અમેરિકી કંપનીમાં જે લીસ્ટેડ છે તેનું માર્કેટ કેપ ૧૫.૪% વધીને વાર્ષિક ધોરણે જે ૫૫.૩ ટ્રીલીયન ડોલર હતું તે ૬૩.૮૨ ટ્રીલીયન ડોલર થયુ છે. ચીનના શેરબજારમાં માર્કેટ કેપ ૧ વર્ષમાં ૧૨.૫% વધીને ૧૦.૨ ટ્રીલીયન ડોલર નોંધાયું છે.

હોંગકોંગનું એમ.કેપ ૧૭.૬% વધીને ૫.૬ ટ્રીલીયન ડોલર નોંધાયુ છે. જો કે ટોપ ફાઈવ માર્કેટમાં સ્થાન ધરાવતા જાપાનની કંપનીઓના માર્કેટ કેપમાં ૨.૯%ના ઘટાડા સાથે ૬.૫ ટ્રીલીયન ડોલર થયુ છે જે અગાઉ ૬.૭ ટ્રીલીયન ડોલર હતું. જો કે ભારતના માર્કેટ કેપમાં ઘટાડા છતા વિશ્વની જીડીપીમાં તેનું જે ૩.૫%નું યોગદાન છે તેના કરતા ૩.૯%નું માર્કેટ કેપ વધુ છે. ભારતીય કંપનીઓનું માર્કેટ કેપ તેની જીડીપીના વધારા સાથે તાલ મિલાવે છે પણ પ્રથમ વખત તે વધુ છે અને જીડીપી યોગદાન ઓછું છે. ભૂતકાળમાં જયારે વિશ્વ જીડીપીના ભારતના યોગદાન કરતા લીસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ વધ્યુ છે તો તે સમયે શેરબજારમાં મોટા કરેકશન આવ્યા છે. ૨૦૧૨-૨૦૧૩માં આ સ્થિતિ બની હતી અને ફરી બની છે તેથી શેરબજાર હજુ વધુ ઘટશે તે આ ટ્રેન્ડ પરથી નિશ્ચિત થાય છે.




## ૧ રૂપિયાના સિકકાથી કારની સજાવટ

લગ્નપ્રસંગોમાં ફુલ કે અન્ય ચીજોથી સજાવટ થયેલી કાર સામાન્ય છે પરંતુ રાજસ્થાનમાં એક વ્યક્તિએ એક રૂપિયાના સિકાથી આખી કારને અનોખી સજાવટ કરી હતી. કારના કાચ અને નંબરપ્લેટ સિવાય દરેકે દરેક ભાગ એક-એક રૂપિયાના સિકકાથી સજાવવામાં આવ્યા હતા. સોશ્યલ મીડીયામાં આ કારનો વિડીયો વાઈરલ થયો છે અને રસ્તા પર દોડતી આ કારને નિહાળીને લોકો આઈડીયાના વખાણ પણ કરી રહ્યા છે. સોશ્યલ મીડીયામાં ૮૭ લાખ વખત કારનો આ વિડીયો લોકોએ નિહાળ્યો છે બે લાખ લોકોએ લાઈક પણ કર્યો છે.

## રણવીર અલ્લાહબાદિયા ફરાર : ફોન સ્વિચ ઓફ અને ઘરને તાળું

મુંબઈ,તા.૧૫

રણવીર અલ્લાહબાદ, જે તેનાં પોડકાસ્ટ માટે જાણીતો છે, જે એક શો પર અશ્લીલ પ્રશ્ન પુછીને વિવાદમાં ફસાયો છે અને હાલ તે ગુમ છે. પોલીસે તેની સામે એફઆઈઆર નોંધી છે, પરંતુ તેમનો ફોન સ્વીચ ઓફ છે અને ઘરે તાળું છે



રણવીર અલ્લાહબાદિયા એક પ્રખ્યાત કંટેન્ટ ક્રિકેટર છે જે તેનાં પોડકાસ્ટ માટે જાણીતો છે. પરંતુ સમય રૈનાના શો 'ઈન્ડિયા ગોટ લેટન્ટ' પર આવ્યાં પછી, તેનો કામધામ ઠપ થયો છે, આ શોમાં તેણે માતાપિતાનાં સંબંધ વિશે એક અશ્લીલ પ્રશ્ન પૂછ્યો હતો જે બાદ હોબાળો થયો હતો અને લોકોએ તેનાં વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરી હતી. હવે મુંબઈ પોલીસનાં જણાવ્યાં મુજબ, યુટ્યુબર ફરાર છે. તે ક્યાં છે તે વિશે કંઈપણ જાણી શકાયું નથી. ખરેખર, રણવીર અલ્લાહબાદિયાના પ્રશ્નથી દરેકને આશ્ચર્ય થયું હતું. કેટલાકએ તેમને તેમનાં પોડકાસ્ટ પર રદ કર્યા હતાં. ખૂબ વિરોધ કર્યા પછી પોલીસે શોમાં આવેલાં દરેક પર એફઆઈઆર નોંધી હતી. સમન્સ પણ બધાને મોકલવામાં આવ્યાં હતાં. અપૂર્વા મખિજા, આશિષ ચંચલાનીએ તેમનાં નિવેદન નોંધાવી દીધાં છે, પરંતુ રણવીર ત્યાં પહોંચ્યો ન હતો.

હવે મુંબઈ પોલીસે કહ્યું છે કે રણવીરનો ફોન બંધ થઈ ગયો છે અને તેનો સંપર્ક કરી શકાતો નથી. ફક્ત આ જ નહીં, રણવીરનું વર્સોવામાં ઘર છે તે પણમાં લોક છે. તેનાં વકીલનો પણ સંપર્ક કરી શકાયો નથી.

પોલીસ રણવીર અલ્હાબાદિયાની શોધ કરી રહી છે. અગાઉ રણવીર અલ્હાબાદિયાએ તેમનાં વકીલ અભિનવ ચંદ્રચુદ દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. તેણે દેશભરમાં તેની સામે રહેલી એફઆઈઆરને જોડવાની માંગ કરી છે. તે જ સમયે, તેમણે ગુવાહાટી પોલીસ અથવા અન્ય કોઈ એજન્સીની કડક કાર્યવાહી ટાળવા માટે આગોતરા જામીન માટે પણ અરજી કરી છે, જેણે તેમને પૂછપરછ માટે બોલાવ્યો છે.



## એરો ઈન્ડિયા-૨૦૨૫માં સૂર્યકિરણ વિમાને આકાશમાં તિરંગો રચ્યો

'એરો ઈન્ડિયા ૨૦૨૫'ના અંતિમ દિવસે શુક્રવારે દર્શકોને હવાઈ કરતબોનો જોરદાર નજારો જોવા મળ્યો હતો. સવારે ૧૦.૩૦ વાગ્યાથી શરૂ થયેલા શોમાં રશિયન વિમાન એસયુ-૫૭ અને અમેરિકી એફ-૧૬, હિન્દુસ્તાન એરોનોટિકલ લિમિટેડના એલયુએચ, એચટીટી-૪૦, એલસીએ એમકે-૧એ અને આઈજેઈ સહિત ૧૦ વિમાનોએ કરતબ દેખાડયા હતા. ભારતીય વાયુસેનાના એસયુ-૩૦ એમકેઆઈ અને પ્રસિદ્ધ સૂર્યકિરણ એરોબેટિક ટીમ (એસકેએટી), રાષ્ટ્રીય એરોસ્પેસ પ્રયોગ શાળાના હંસાએ પણ પર્ફોર્મન્સ દર્શાવ્યું હતું.

## એલોન મસ્ક વ્હાઈટ હાઉસ નજીક ઓફિસના 'ફલોર પર' સૂઈ જાય છે

**મસ્ક એટલા વ્યસ્ત રહે છે કે તેની પાસે ઘરે જવાનો સમય નથી : મસ્ક કામને સંતુલિત કરવા માટે તેની ઓફિસમાં જ સુઈ જાય છે**



વોશિંગ્ટન : એલોન મસ્ક તેમની સરકારી ઓફિસના ફ્લોર પર સૂઈ રહે છે, જે વ્હાઈટ હાઉસ અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પથી માત્ર થોડી દુર સ્થિત છે, તેમની નજીકનાં સૂત્રો અનુસાર સરકારી કાર્યક્ષમતા વિભાગનાં વડા તરીકેની ભૂમિકા નિભાવ્યા પછી, ૫૩ વર્ષીય મસ્ક તેની ઓફિસમાં જ સુઈ રહે છે.

ઇઇઓબી, જેમાં રાષ્ટ્રપતિની એક્ઝિક્યુટિવ ઓફિસમાં વિવિધ એજન્સીઓ છે, તે વ્હાઈટ હાઉસના કમ્પાઉન્ડનો એક ભાગ છે. આ મુખ્ય સ્થાન અમેરિકન રાજકીય શક્તિઓનું કેન્દ્ર છે. એક સ્રોતે કહ્યું કે તાજેતરમાં જ મસ્ક તેની ઓફિસમાં જમીન પર સુઈ ગયાં હતાં અને ઘણી વખત તેઓ સોફા પર પણ સૂઈ જાય છે. બીજા એક સોત પુષ્ટિ કરી કે મસ્ક ઇઇઓબીના ફ્લોર પર સૂઈ રહે છે અને તેમણે જણાવ્યું કે જ્યારે પણ તે અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ ફ્લોરિડામાં હોય ત્યારે તેઓ માર-એ-લાગો ખાતે રહીને તેમનું કામ કરે છે.

આવી રીતે સૂવાની ટેવ મસ્ક માટે નવી નથી. તેમણે ત્રણ પહેલાં ટેસ્લા ફેક્ટરીમાં રહેવાની ખુલ્લેઆમ ચર્ચા કરી છે. તે સમયગાળા દરમિયાન, તે તેનાં ડેસ્કની નીચે ફ્લોર પર, અને ફેક્ટરીની છત પરના તંબુમાં પણ સુઈ ચૂક્યાં છે.

### ઓફિસમાં મસ્કનો પરિવાર પણ હાજર

સૂત્રએ એમ પણ કહ્યું હતું કે મસ્કનો ૪ વર્ષનો પુત્ર, એક્સ હંમેશા મસ્કની સાથે જોવા મળે છે. સ્પેસ એક્સના સીઇઓ હંમેશાં તેનાં એક બાળકને દરેક રાજકીય કાર્યક્રમો અને ઉચ્ચ પ્રોફાઇલ મિટીંગમાં સાથે રાખે છે. જ્યારે તેનો પુત્ર પણ ત્યાં જ સૂઈ જાય છે કે કેમ તે સ્પષ્ટ નથી. તાજેતરમાં મંગળવારે ઓવલ ઓફિસ પ્રેસ કોન્ફરન્સમાં મસ્ક અને ટ્રમ્પની બાજુમાં મસ્કનો પુત્ર જોવા મળ્યો હતો. પીએમ મોદી સાથેની ગઈકાલની મીટીંગમાં પણ મસ્કનો પરિવાર હાજર રહ્યો હતો.

## કેજરીવાલ પર નવી મુસીબતઃ બંગલા મુદ્દે સેકશનની તૈયારીમાં સીવીસી

### બંગલાના રિનોવેશન મુદ્દે ભાજપે કરી છે ફરિયાદ

નવી દિલ્હી તા.૧૫

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના બંગલાના રિનોવેશનમાં અનિયમિતતાની ફરિયાદ બાદ કેન્દ્રીય સતર્કતા આયોગ સીવીસીએ તપાસના આદેશ આપ્યા છે. સીપીડબલ્યુ દ્વારા પ્રસ્તુત તથ્યાત્મક રિપોર્ટના આધારે સીવીસીએ ૬ ફલેગ સ્ટાફ બંગલાના નવીનીકરણની તપાસ શરૂ કરી છે. આરોપ છે કે ૪૦૦૦૦ વર્ગ ગજમાં ફેલાયેલ ભવ્ય હવેલીના નિર્માણ માટે ભવન નિર્માણ માપદંડોનો ભંગ કરવામાં આવ્યો છે.



### માનવજાતના ઈતિહાસમાં કયાંય આટલો માનવ મહેરામણ એકત્ર નથી થયોઃ સીએમ યોગી

# મહાકુંભમાં દુનિયાના કેટલાક દેશોની કુલ વસ્તી કરતા વધુ લોકોએ ડૂબકી લગાવી!

## ભારત અને ચીનને બાદ કરતા દુનિયાના ૨૦૦ દેશોની કુલ વસ્તી ૫૦ કરોડથી વધુ નથી, તેમ છતાં મહાકુંભના સમાપનને ૧૨ દિવસ બાકી છે ત્યાં ૫૦ કરોડથી વધુ શ્રધ્ધાળુઓએ સંગમ સ્નાન કર્યુ

પ્રયાગરાજ તા.૧૫

સનાતન સંસ્કૃતિના મહાપર્વ મહાકુંભમાં આસ્થાની ડુબકીએ અનેક વિક્રમો સર્જયા છે. ૧૩ જાન્યુઆરીથી શરૂ થયેલા આ મહાકુંભમાં અત્યાર સુધીમાં એટલા તો લોકો આવ્યા છે કે તેની સામે કેટલાક દેશોની કુલ વસ્તીનો આંકડો પણ નાનો પડે છે. અત્યાર સુધીમાં મહાકુંભમાં ડુબકી લગાવનારાની સંખ્યા ૫૦ કરોડને પાર કરી ગઈ છે.

આ ૫૦ કરોડની સંખ્યા કોઈપણ ધાર્મિક અને સાંસ્કૃતિક એકતાનું અદ્વિતીય ઉદ્દાહરણ સ્થાપિત કર્યુ છે. આ ૫૦ કરોડથી વધુ લોકોની સંખ્યા કોઈપણ ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજીક આયોજનમાં માનવ ઈતિહાસની અત્યાર સુધીની સૌથી મોટી સહભાગીતા બની ચૂકી છે. આ વિરાટ સમાગમનો અંદાજ એ બાબતથી લગાવી શકાય છે કે દુનિયામાં માત્ર ભારત અને ચીનની વસ્તી જ અહીં આવનારા લોકોની સંખ્યાથી વધુ છે.

**રેકોર્ડઃ** ચીન અને ભારતને બાદ કરતા અહીં એટલા તો લોકો આવ્યા કે આ દેશોની વસ્તી પણ એટલી નથી. એટલે કે અમેરિકા, રશિયા, ઈન્ડોનેશિયા, બ્રાઝીલ, પાકિસ્તાનની કુલ વસ્તીથી વધુ લોકો અહીં પધાર્યા હતા.

યુએસ સેન્સસ બ્યુરોના રિપોર્ટ અનુસાર પુરી દુનિયાના ૨૦૦થી વધુ રાષ્ટ્રોમાં વસ્તીના દ્રષ્ટિકોણથી ટોપ-૧૦ દેશોમાં ક્રમશઃ ભારતની વસ્તી ૧,૪૧,૯૩,૧૬,૯૩૩, ચીન-૧,૪૦,૭૧,૮૧,૨૦૯, અમેરિકા-૩૪,૨૦,૩૪,૪૩૨, ઈન્ડોનેશિયા-૨૮,૩૫,૮૭,૦૯૭ની વસ્તી છે. મહાકુંભમાં આવનારા શ્રદ્ધાળુઓની સંખ્યા ૫૦ કરોડને પાર કરી ગઈ છે.

**સીએમ યોગીના અનુમાનને પાર કરી ગઈ સંખ્યાઃ** ગંગા, યમુના અને અદ્દશ્ય સરસ્વતીના પવિત્ર સંગમમાં શ્રદ્ધા અને આસ્થાથી ઓતપ્રોત સાધુ-સંતો, શ્રદ્ધાળુઓ, કલ્પવાસીઓ, સ્નાનાર્થીઓ અને





ગૃહસ્થોના સ્નાન હવે એ શિખરને પાર કરી ગયા છે, જેની મહાકુંભ પહેલા જ મુખ્યમંત્રી યોગીએ આશા રાખી હતી.

સીએમ યોગીએ પહેલા જ અનુમાન લગાવ્યું હતું કે આ વખતે જે ભવ્ય અને દિવ્ય મહાકુંભનું આયોજન થઈ રહ્યું છે, તે સ્નાનાર્થીઓની સંખ્યાનો નવો રેકોર્ડ તોડશે. તેમણે શરૂઆતમાં જ ૪૫ કરોડ શ્રદ્ધાળુઓ આવવાની સંભાવના દર્શાવી હતી.

ઉલ્લેખનીય છે કે આ આકલન ૧૧ ફેબ્રુઆરીએ જ સત્ય સાબિત થયું હતું. શુક્રવારે આ સંખ્યા ૫૦ કરોડે પહોંચી ગઈ હતી. હજુ મહાકુંભના ૧૨ દિવસ બાકી છે અને એક મહત્વનું સ્નાન પર્વ બાકી છે એટલે આશા છે કે આ સંખ્યા ૫૫થી૬૦ કરોડને પાર થઈ જશે.

**વિભિન્ન સ્નાન પર્વે લોકોની ભીડ ઉમટીઃ** જો અત્યાર સુધીના કુલ સ્નાનાર્થીઓની સંખ્યાનું વિશ્લેષણ કરીએ તો સર્વાધિક ૮ કરોડ શ્રદ્ધાળુ મૌની અમાસે ઉમટયા હતા, જયારે ૩.૫ કરોડ શ્રદ્ધાળુઓએ મકરસંક્રાંતિએ સ્નાન કર્યું હતું. એક ફેબ્રુઆરી અને ૩૦ જાન્યુઆરીએ ૨-૨ કરોડથી વધુ પોષ પૂર્ણિમાએ ૧.૭ કરોડ શ્રદ્ધાળુઓએ પુણ્યની ડૂબકી લગાવી હતી. જયારે માઘ પૂર્ણિમાએ ૨ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ સંગમમાં પાવન સ્નાન કર્યું હતું.

**આસ્થાનો પરિચારક છે આ આંકડોઃ યોગીઃ** મુખ્યમંત્રી યોગી આદીત્યનાથે જણાવ્યું હતું કે ભારતની આધ્યાત્મિકતા, એકાત્મતા, સમતા અને સમરસતાના જીવંત પ્રતીક મહાકુંભમાં અત્યાર સુધીમાં પાવન ત્રિવેણીમાં ૫૦ કરોડથી વધુ શ્રદઘાળુઓએ આસ્થાની ડૂબકી લગાવી છે.

### પ્રયાગરાજના કુંભમેળાનું ક્ષેત્ર વેટિકન સિટીથી ૧૦ ગણા ક્ષેત્રમાં !

પ્રયાગરાજઃ દુનિયાના સૌથી નાના દેશનો દરજજો વેટિકન સિટીને મળ્યો છે. જે ઈસાઈઓ માટે સૌથી પવિત્ર જગ્યાઓમાંની એક છે. મહાકુંભ મેળાનું ક્ષેત્ર આ દેશના લગભગ ૧૦ ગણા ક્ષેત્રમાં ફેલાયું છે. વેટિકનનું કુલ ક્ષેત્રફળ ૪૪ હેકટર છે, જયારે કુંભમેળાનું ક્ષેત્ર ૪૦૦૦ હેકટરમાં ફેલાયું છે. આટલું જ નહીં, મોનાકો, નાઉરુ, ડિવાલુ જેવા દેશોના કુલ ક્ષેત્રફળથી પણ વધુ ક્ષેત્રફળ મહાકુંભના ભૌગોલિક વિસ્તારનું છે. એટલે કે ક્ષેત્રફળની દ્દષ્ટિએ પણ કુંભમેળો ચાર દેશોથી વધુ ભૂભાગ પર ફેલાયો છે.

### પ્રયાગરાજ મેં ભઈ ફલાઈટન કી ભીડ!

### અત્યાર સુધીમાં વીવીઆઈપીઓના ૬૫૦થી વધુ ચાર્ટર પ્લેન પહોંચ્યા

પ્રયાગરાજઃ મહાકુંભમાં માનવ મહેરામણની સાથે સાથે દુર-સુદુરથી આવતા વાહકોને કારણે મહા ટ્રાફિક જામ થઈ ગયો હતો તો આ ટ્રાફિક જામથી બચવા વીવીઆઈપી શ્રદઘાળુઓ, વિમાન હેલિકોપ્ટરથી પ્રયાગરાજ પહોંચી રહ્યા છે. અને ચાર્ટડ વિમાનોએ પણ એક રેકોર્ડ તોડયો છે. અત્યાર સુધીમાં ૬૫૦થી વધુ ચાર્ટડ વિમાનો પ્રયાગરાજ પહોંચ્યા હતા. તેમાં એકલા ૧૧ ફેબ્રુઆરીએ જ ૭૧ ચાર્ટર વિમાનો પહોંચ્યા હતા. આ ચાર્ટર વિમાનમાં ૪૨૯ જેટલા યાત્રીઓ ૧૧ ફેબ્રુઆરીએ પ્રયાગરાજમાં પહોંચ્યા હતા.

એરપોર્ટ પર સરેરાશ રોજના ૨૦થી ૨૫ વિમાનો પ્રયાગરાજ પહોંચી રહ્યા છે. જેમાં ફિલ્મ, રાજકારણ, ઉદ્યોગ, વિદેશી રાજનીતિજ્ઞો વગેરે વીવીઆઈપીઓનો સમાવેશ થાય છે.



### ટ્રેડ કરી લીધો, હવે ટેરીફનો વારો : ભારતે ટ્રમ્પે ડે ટુ ડે હેન્ડલ કરવા પડશે !

# મોદી-ટ્રમ્પ મુલાકાત : હગ, હેન્ડશેક... હવે ???

**જેની રાહ જોવાતી હતી તે ટ્રમ્પ ઈવેન્ટ પણ પુરો થઇ ગયો અને શેરબજારે જે રીતે પ્રતિભાવ આપ્યા તે દર્શાવે છે કે મુગ્મબોને ખુશ કરવા હજુ ભારતે વધુ કરવું પડશે, અમેરિકા સાથેના ૨૭ લાખ કરોડના ધંધામાં પાંચ વર્ષમાં શું શું અમેરિકી આયાત કરવી પડશે તે સૌથી મોટો પ્રશ્ન છે હજુ ટ્રમ્પ તેની ચાઇના પોલીસી નિશ્ચિત કરી નથી અને જે રીતે યુક્રેનને પડતું મુકીને રશિયાની બસમાં ચડી જવા ટ્રમ્પે સંકેત આપ્યો તેથી નિશ્ચિત છે તે સૌથી અનપ્રિડીકટેબલ નેતા બની ગયા છે અને તેથી જ આગામી દિવસોમાં હજુ અનેક પડકારો હશે**

**ટ્રમ્પે ભારત પર દબાણ નીતિ અપનાવી છે તે નિશ્ચિત છે સૌપ્રથમ તો જે મોદીના શોપીંગ લીસ્ટમાં ન હતું તે એફ-૩૫ વિમાન ભારતને વેચવાની જાહેરાત કરીને ટ્રમ્પે એ સંદેશ આપી દીધો છે કે માલ હું વેંચીશ અને શું વેંચવું તે હું નકકી કરીશ, ભારત અમેરિકા પાસે જે ક્રુડ તેલ, ગેસ સહિતની મોટી આયાત કરે છે તેના પર ફકત પાંચ ટકા જ ટેરીફ છે અને ટ્રમ્પ વધુ ક્રુડ તેલ અને ગેસ વેચવા માંગે છે તેમાં તેનો ટાર્ગેટ રશિયા સાથેના ભારતના વ્યાપારને હર્ટ કરવાનો છે અને દુનિયાની ઉર્જા માર્કેટ પર કબ્જો કરવા માંગે છે, એફ-૩૫ વિમાન ભારતીય હવાઇ દળની જે જરૂરીયાત છે તેને કેટલી પુરી કરી શકે તે પ્રશ્ન છે**



વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા યાત્રાને જો એક વાકયમાં કહેવી હોય તો ચોકકસપણે એ સ્વીકારવું જોઇએ કે મોદી ૩.૦ એ ટ્રમ્પ ૨.૦ને કેમ વધુ સારી રીતે હેન્ડલ કરી શકાય તે દર્શાવી આપ્યું છે ગત તા. ૨૦ જાન્યુઆરીના રોજ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના પ્રમુખ પદ તરીકે શપથ લીધા પછી જે રીતે ગ્લોબલ ગરમી પેદા કરી હતી તેનો તાપ ભારતને લાગશે તે પણ લાંબા સમયથી ચર્ચામાં હતું પણ ટ્રમ્પ ૧.૦ સાથે કામ કરવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો અનુભવ વધુ બહેતરીન ડિપ્લોમસી બતાવી ગયો અને એ સાથે કહેવું પડે કે ટ્રમ્પ એ એક બિઝનેસમેન છે અને તેણે પ્રમુખ બન્યા પછી પણ જે રીતે બિઝનેસને અગ્રતા આપી તે પછી તેમનું આ વલણ સામે પ્રશ્ન ઉઠાવી શકાય નહીં અને કમ સે કમ હાલ ભારતને જે રાહત મળી છે કેટલો સમય ચાલશે અથવા તો ભારતે અમેરિકા અને ડોનાલ્ડ ટ્રમ્પને ખુશ રાખવા માટે તેઓ શબ્દનો ઉપયોગ ન કરીએ તો પણ જે બંને દેશો વચ્ચે બહેતર સંબંધો અને ભારતની તરફેણમાં ટ્રેડ સહિતની જે સ્થિતિ છે તેને જાળવી રાખવા માટે અત્યારે જે થઇ શકતું હતું તે વડાપ્રધાન મોદીએ કર્યુ છે અને હવે ડે ટુ ડે ટ્રમ્પને હેન્ડલ કરવા પડશે તે નિશ્ચિત છે. જોકે મહત્વની વાત એ છે કે હજુ ટ્રમ્પની ચાઇના પોલીસી ખુલી થઇ નથી અને તેથી જ તે ભારતના આ પાડોશી કમ સ્પર્ધક અને દૂશ્મન દેશ સાથે કઇ રીતે આગળ વધે છે તેના પર ભારતની નજર હશે. હાલ તો ટ્રમ્પે બિઝનેસની વાત કરી છે પણ ટેરીફ ભુલ્યા નથી તે વાસ્તવિકતા છે. અને તેથી જ ટ્રમ્પને હેન્ડલ કરવાની ભારતની નવી ક્ષમતાની કસોટી થશે તે પણ વાસ્તવિકતા છે પણ હાલ જે વૈશ્વિક પરિસ્થિતિ છે તેમાં ભારત માટે વર્તમાન સ્ટેન્ડ યોગ્ય ગણી શકાય. વડાપ્રધાનની યાત્રા પૂર્વે બજેટમાં જે કંઇ થોડા કસ્ટમ ડયુટી ઘટાડા કર્યા હતા તે ભારતનો સંકેત હતો કે અમેરિકી ઉત્પાદનોને એકમન્ડર કરવા માટે ભારત તૈયાર છે પરંતુ તેનાથી ડમ્પીંગ થવું જોઇએ નહીં હવે ૧ એપ્રિલ બાદ ટ્રમ્પ શું નિર્ણય લે છે અને તેઓ જે રીતે ભારતના ટેરીફ સામે અમેરિકન ઉત્પાદનોને ટેરીફ લાદવાને પણ હિમાયત કરે છે તેમાં ભારત કેટલો પોતાની તરફેણમાં પરિસ્થિતિ સર્જી શકે છે તે પણ મહત્વનું બની જશે.

બીજી રીતે જોઇએ તો ભારતમાં હવે એક બાદ એક ઇવેન્ટ પૂરા થતા જાય છે અને અર્થતંત્રની સાચી દિશા હવે શરૂ થશે. મોદી ૩.૦ના આગામી પાંચ વર્ષ મુશ્કેલ હશે તે નિશ્ચિત હશે. જે રીતે શેરબજાર પણ ડાઉન થઇ રહ્યું છે અને તેમાં જે છેલ્લી રાહ જોવાતી હતી તેમાં ટ્રમ્પ ફેકટર પુરૂ થયું છે અગાઉ બજેટની રાહ હતી જે પણ માર્કેટના સેન્ટીમેટને સુધારી શકયું નહીં ત્યારબાદ આરબીઆઇના રેટ કટની રાહ હતી જે ૨૫ બેઝીક પોઇન્ટ આવ્યો અને તે અપેક્ષીત જ હતો તેમ કહીને શેરબજારે તેના પર કોઇ ઉજવણી કરી નહીં અને ગઇકાલે ટ્રમ્પ સાથેની મુલાકાત બાદ શેરબજાર હવે કોનો આશરો શોધશે, શું

**ભારતે હવે તેની ડેમોગ્રાફીક તાકાતને બતાવી પડશે, અમેરિકાની ટેક કંપનીઓ ભારતમાં મોટો બિઝનેસ કરે છે અને લાખો કરોડો ડોલરનો નફો અમેરિકામાં લઇ જાય છે તે ટ્રમ્પને બતાવવું પડશે, એઆઇ સહિતના મોરચે ફકત સેમીનાર નહીં પણ ભારતમાં પોતાની ક્ષમતાથી ટેકનોલોજી માટે આગળ વધવું પડશે, ટ્રમ્પ કે કોઇપણ તાકાત સામે મુકાબલોનો એક જ સંદેશ છે મેઇક ઇન્ડિયા સ્ટ્રોંગ મોર... અમેરિકાને ગ્રેટ કરવાનો ઠેકો ભારતે લીધો નથી તે સંદેશ પણ મોકલી દેવો પડશે**

વિદેશી સંસ્થાકીય રોકાણકારો પરત આવશે. ભારતનો રૂપિયો હજુ ગોથા ખાતો રહેશે કે કેમ અને એપ્રિલ માસથી ટ્રમ્પ કહેવા ટેરીફ લાદશે તે પણ પ્રશ્ન છે. આમ હજુ ઘણુ રાહ જોવાનું છે. પણ મહત્વની બાબત એ છે કે એક મોટો ઇવેન્ટ મોટી મુશ્કેલી વગર પુરો થઇ ગયો છે અને તે મહત્વનું બની ગયું છે.

અમેરિકાની વારંવાર ફરિયાદ છે કે ભારત સાથે તેનું ટ્રેડ બેલેન્સ એ ભારતે જ સૌથી વધુ ફાયદો કરાવે છે અને તેથી જ ગઇકાલે ડોનાલ્ડ ટ્રમ્પે ભારત હવે અમેરિકા પાસે વધુ ક્રુડ તેલ, વધુ ગેસ ખરીદશે તેવી જાહેરાત કરી દીધી. વાસ્તવમાં અમેરિકાથી જે ભારતમાં ટોચની ૧૦૦ આયાત થાય છે તેમાં એલએનજી (ગેસ) ક્રુડ ઓઇલ, કોલસા, હિરા આ તમામનો સમાવેશ ૭૫ ટકા જેટલો છે અને તેના પર ૫ ટકા જ આયાત ડયુટી છે. તો બજેટમાં જ ભારતે એથરનેટ સ્વીચ કે જે ઇ-વાહનોના ઉત્પાદનમાં મહત્વની છે તે ઉપરાંત ટ્રમ્પને સૌથી પ્રિય છે તે હાર્લી ડેવીડસન બાઇક સહિતના મોટર સાયકલ સેટેલાઇટ માટે ગ્રાઉન્ડ ઇન્સ્ટોલેશન સિન્થેટીક ફેવરીંગ એસેન્સ અને અન્ય જે થોડો વેસ્ટ પણ ગણી શકાય તેના પર આયાત ડયુટી ઘટાડી છે. આમ ભારતે અગાઉથી જ અમેરિકાને એ સિગ્નલ આપી દીધુ હતું તે સમાધાન કરવા તૈયાર છે અને હવે ભારત અને અમેરિકા વચ્ચે આગામી પાંચ વર્ષમાં ૪૩ લાખ કરોડ રૂપિયા કે જેને ૫૦૦ બીલીયન ડોલર સુધી કહી શકાય તેટલો કરવા નિર્ણય લીધો છે તો તેમાં અમેરિકન ક્રુડ અને ગેસની આયાતમાં ભારત માટે રશિયાનો સસ્તુ ક્રુડ અને ગેસ, આયાત કરવું કે અમેરિકા પાસેથી તેની આયાત વધારવી તે પ્રશ્ન રહેશે. ખાસ કરીને જે રીતે જિઓ પોલીટીકલ મુદ્દાઓ ઉભા થાય છે અને ભવિષ્યમાં શીપ ભાડા સહિતના મુદ્દાઓ સર્જાશે તે પણ હેન્ડલ કરવા પડશે. હજુ મોદી ભારત પહોંચે તે પૂર્વે જ અમેરિકી વિસ્કી સહિતના શરાબ પરની ડયુટી ઘટાડી દીધી છે. તે દર્શાવે છે કે ભારતે ઘણુ બધુ સમાધાન કરવું પડશે.

**સ્પોટ-લાઈટ**
**કે.આર.**
krisht555@gmail.com

સૌથી મહત્વની બાબત એ છે કે ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને એફ-૩૫ ફાયટર જેટ વેચવા માટે જાહેરાત કરી દીધી. વાસ્તવમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એજન્ડામાં તે હતુ કે કેમ તે પણ પ્રશ્ન છે. કારણ કે વડાપ્રધાન અમેરિકા પહોંચ્યા તે પૂર્વે ફ્રાન્સમાં ભારતીય નૌકાદળ માટે રાફેલ મરીન વિમાન ખરીદવાનો સોદો લગભગ નિશ્ચિત કરી આવ્યા છે જોકે તેને કેબીનેટની મંજૂરી પણ બાકી છે પણ ભારત લાંબા સમયથી આ વિમાન ખરીદવા ચર્ચામાં હતું હવે ભારતે કહેવું પડયું કે એફ-૩૫ ખરીદવાનો પ્રયાસ પ્રથમ તબકકામાં છે. વાસ્તવમાં આ ટ્રમ્પની એક દબાણ નીતિ છે તે નિશ્ચિત થઇ ગયું. ભારતને અતિ આધુનિક અને જે ફિફથ જનરેશન ફાઇટર પ્લેન કહી શકાય તેવા વિમાનોની જરૂર છે તે વાસ્તવિકતા છે. હાલમાં હવાઇ દળના વડાએ દેશની ઘટતી જતી એર ફાઇટીંગ પાવર પર ચિંતા વ્યકત કરી હતી અને ભારતની શોપીંગ લીસ્ટમાં એફ-૩૫ને કયાંય સ્થાન ન હતું. એફ-૩૫એ સીંગલ સીટ ફાઇટર જેટ છે અને અમેરિકી કંપની લોકહિડ માર્ટીન તે બનાવે છે. ૨૦ના ૧૫ દેશો પાસે આ પ્રકારના વિમાનો છે પરંતુ ભારતની નજર રશિયાના એસયુ-૫૭ પર છે જયારે ભારતે રાફેલ ખરીદયા ત્યારે અમેરિકાના એફ-૧૬ પણ સ્પર્ધામાં હતા. આમ ટ્રમ્પે કોઇ જાતની પ્રાથમિક ચર્ચા વગર જ ભારત ઉપર દબાણ લાવવાનું શરૂ કરી દીધુ છે તે નિશ્ચિત છે. બીજી તરફ અમેરિકા જે ભારતમાં નિકાસ કરવા માંગે છે. તેના કારણે ભારતમાં આગામી સમયમાં કૃષિ અને ટ્રાન્સપોર્ટ બે ક્ષેત્રમાં મોટી અસર થઇ શકે છે. ભારત અમેરિકામાં જે નિકાસ કરે છે તેના પર સરેરાશ ૩ ટકા જ ડયુટી છે જયારે અમેરિકામાંથી ભારતમાં આવતા માલ પર ૯.૫ ટકા ડયુટી છે. જે દર્શાવે છે કે બેલેન્સ તો નથી પણ અમેરિકી માર્કેટ અને ભારતીય માર્કેટની સરખામણી થઇ શકે નહીં. એકંદરે જોઇએ તો અમેરિકાના ટેરીફ દુનિયા કરતા ભારતને સૌથી વધુ અસર કરી શકે છે તેમ છતાં ભારતે હવે વ્યુહરચના બનાવવી પડશે અને તેના માટે ટ્રમ્પના એપ્રિલમાં જે ટેરીફ નિશ્ચિત કરવાના છે તેની રાહ જોવી પડશે. ટ્રમ્પએ સૌથી મોટી રાહત ભારતને કદાચ આતંક મોરચે આપી છે જેના કારણે પાકિસ્તાન પર દબાણ વધી શકે છે. તહાવુર રાણાને ભારતને સોંપીને પાકિસ્તાનની આઇએસઆઇ એજન્સી પર ભારત દબાણ વધારશે તે નિશ્ચિત છે.

# રાજય સરકાર હાથ ધરશે મોટાપાયે પોલીસ ભરતી, બે વર્ષમાં ૨૫૬૬૦ જગ્યાઓ ભરાશે

અમદાવાદ,તા.૧૫

રાજ્ય સરકારે રાજ્યભરમાં વિવિધ કેડરમાં પોલીસ કર્મચારીઓની ભરતી માટે વિગતવાર કેલેન્ડર રજૂ કર્યું હતું અને ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની બેન્ચે ભરતી પ્રક્રિયા કેલેન્ડર મુજબ હાથ ધરવા નિર્દેશ કરીને કેસની વધુ સુનાવણી ૧૧ એપ્રિલના રોજ મુલતવી રાખી હતી.

કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ વિભાગમાં ખાલી જગ્યાઓ ભરવાના સુપ્રીમ કોર્ટના નિર્દેશોના આધારે બેન્ચ સુઓમોટુ પીઆઈએલની સુનાવણી કરી રહી હતી. ગયા અઠવાડિયાની સુનાવણીમાં બેન્ચે રાજ્યને પોલીસ સ્ટાફની ભરતી માટે કેલેન્ડર રજૂ કરવાનો આદેશ આપ્યો હતો.

સરકારી વકીલે અધિક પોલીસ મહાનિર્દેશક - વહીવટ (એડીજીપી) ખુર્શીદ અહેમદ દ્વારા દાખલ કરાયેલ સોગંદનામું રજૂ કર્યું હતું જેમાં કહેવામાં આવ્યું હતું કે અધિકારીઓ બે તબક્કામાં કુલ ૨૫૬૬૦ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા પૂર્ણ કરશે. પ્રથમ તબક્કામાં, સત્તાવાળાએ આ વર્ષે ઓક્ટોબર પહેલાં ભરવા માટે ૧૧૩૭૭ ની ભરતી શરૂ કરી છે. બીજા તબક્કામાં પોલીસ વિભાગમાં કુલ ૨૫,૬૬૦ ખાલી જગ્યાઓમાંથી ૧૪,૨૮૩ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં શરૂ થશે.

વધુમાં જણાવાયું હતું કે ગયા વર્ષે ૧૨ માર્ચે બહાર પાડવામાં આવેલી જાહેરાત મુજબ, કુલ ૧૦,૭૩,૭૮૬ ઉમેદવારોએ વિવિધ જગ્યાઓ માટે અરજી કરી છે. ૭,૪૫,૧૪૦ ઉમેદવારોની શારીરિક કસોટી પૂર્ણ થઈ ગઈ છે અને બાકીના ઉમેદવારોની કસોટી આ વર્ષે માર્ચ સુધીમાં ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પૂર્ણ કરવામાં આવશે.


એવું પણ રજૂ કરવામાં આવ્યું હતું કે ભરતીના પ્રથમ તબક્કા માટેની લેખિત પરીક્ષા મે ૨૦૨૫ સુધીમાં લેવામાં આવશે અને તે પછી, દસ્તાવેજ ચકાસણી સહિતની પ્રક્રિયા હાથ ધર્યા પછી ભરતી પ્રક્રિયાનો પ્રથમ તબક્કો જુલાઈ સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે.

# બજેટ બાદ મખાનાની માંગ વધી, ભાવમાં ૩૨ ટકા સુધીનો ઉછાળો

## જાન્યુઆરીમાં મખાનાનો કિલોનો ભાવ ૯૫૦ રૂપિયા હતો તે વધીને ૧૨૫૦ થયો

નવી દિલ્હી તા.૧૫

છેલ્લા ૧૦ દિવસમાં મખાનાની કિંમતમાં લગભગ ૩૨ ટકાનો ઉછાળો આવી ગયો છે. વેપારીઓ અને સપ્લાયર્સનું કહેવું છે કે દેશી અને વિદેશી ગ્રાહકોની જબરદસ્ત ડિમાન્ડના કારણે આમ થયુ છે.



જાન્યુઆરીમાં મખાનાનો ભાવ ૯૫૦ રૂપિયે કિલો હતો, જે હવે વધીને ૧૨૫૦ રૂપિયે કિલો થઈ ગયો છે.

નાણામંત્રી નિર્મલા સીતારામનના બજેટમાં મખાના પર ફોકસ બાદ માંગમાં વધારો થયો છે. નાણામંત્રીએ બજેટમાં બિહારમાં મખાના બોર્ડ બનાવવાની જાહેરાત કરી હતી. આ બોર્ડનું કામ મખાનાનું ઉત્પાદન વધારવા અને માર્કેટીંગ કરવાનું છે. બિહારમાં જ દેશના ૯૦ ટકાથી વધુ મખાનાની ખેતી થાય છે. બિહારના ૧૦ જિલ્લામાં દેશના ૯૦ ટકાથી વધુ મખાનાનુ ઉત્પાદન થાય છે. વેપારીઓનું કહેવું છે કે બજેટ બાદ યુકે, સિંગાપોર, શ્રીલંકા અને સાઉથ આફ્રિકાથી ઓર્ડર આવવા લાગ્યા છે. જયારે દક્ષિણ ભારત, મહારાષ્ટ્ર અને ગુજરાત જેવા ઓછો વપરાશ વાળા ઘરેણાની બજારમાં પણ ડિમાન્ડ વધી છે.

# સફળ કોચ - મહાન ખેલાડી

## બંને વચ્ચેના સખ્ત મતભેદોનો સીલસીલો



૨૦૦૫માં ઈંગ્લેન્ડમાં રમાયેલ એશીઝ સીરીઝ ખુબ જ પ્રખ્યાત છે. ક્રિકેટ પંડિતો એવું માને છે કે એશીઝના ઈતિહાસમાં ૨૦૦૫ની સીરીઝમાં રમાયેલું ક્રિકેટ અનેક રીતે સર્વોપરી હતું. ખુબ જ લડાયક રીતે રમાયેલી આ સીરીઝમાં બંને ટીમો તરફથી સર્વોચ્ચ કક્ષાની રમતનું પ્રદર્શન થયેલું. બંને ટીમમાં રહેલા ઉમદા ખેલાડીઓએ પણ પોતાની આવડત અને રમતને ઉપરની હરોળમાં ગોઠવી અનેરા પરફોર્મન્સ કર્યા હતા. બહુ બધા વર્ષો પછી ઈંગ્લેન્ડે આ સીરીઝ થકી એશીઝ પાછી મેળવી હતી. આ સીરીઝમાં ઓસ્ટ્રેલિયાના પરાજય પછી ઓસ્ટ્રેલિયન ક્રિકેટના ઘેરા પ્રત્યાઘાત પડયા. ૨૦૦૬-૦૭માં ઓસ્ટ્રેલિયામાં રમાનાર એશીઝ માટે આ કારણે જ ઓસ્ટ્રેલીયન ટીમે અને કોચે ખુબ જ આગોતરી તૈયારી શરૂ કરી દીધી હતી.

આ સમયે ઓસ્ટ્રેલીયાના કોચ હતા જોન બુકાનન. ભુતપૂર્વ યુનિવર્સિટી પ્રોફેસર જોન બુકાનન પોતે ફકત ૭ ફર્સ્ટ કલાસ રમેલા ક્રિકેટર હતા. આંતરરાષ્ટ્રીય ક્રિકેટનો તેમને પોતાને એક ખેલાડી તરીકે કોઇ અનુભવ ન હતો. ડેટા એનાલીસીસ, ફીટનેસ અને ગ્રુપ એકટીવીટી જેવી મુળભુત બાબતો સાંકળતી તેમની કોચીંગ ફીલોસોફી હતી. ખેલાડી એક વ્યકિત તરીકે પણ પોતાની સરહદો-મર્યાદાઓ વિસ્તારે એવો કોચ પ્રયત્ન કરતા. જાહેરમાં પ્રવચન કરવું, ડ્રેસીંગ રૂમમાં કવિતા પઠન કરવું જેવા નિત-નવા નુસ્ખા તેઓ ટીમના ખેલાડીના આત્મવિશ્વાસ વધારવા માટે કરતા રહેતા તેમના કોચીંગના મીલીટરી બુટ કેમ્પ, ડ્રોઈંગ બોર્ડ પ્લાનર, દરેક ખેલાડીને મળતી કોચ તરફથી 'પર્સનલ નોટસ' જેવા વિવિધ પાસાઓ પ્રથમ વખત જોવા મળ્યા. તેમની આવી અનન્ય કોચીંગ સ્ટાઇલને સ્ટીવ વો અને રીકી પોન્ટીંગ સહિત લગભગ આખી ઓસ્ટ્રેલીયન ટીમ અનુસરતી હતી. ફકત એક ખેલાડી છોડીને, અને તે હતા શેન વોર્ન.

મહાન લેગ સ્પીનર અને અદભુત નેતૃત્વ શકિત ધરાવતા શેન વોર્ન તેમના કોચ બુકાનનની એક પણ થીયરી સાથે સહમત ન હતા. અવાર-નવાર જાહેરમાં પણ તેઓ કોચની કાર્યશૈલીની મજાક ઉડાવતા. ડ્રેસીંગ રૂમમાં પણ અનેક વખત તે બંને વચ્ચે 'ફેસ ટુ ફેસ' દલીલો અને ઉગ્ર અવાજમાં વાતચીત થતી રહેતી. આટલી પૂર્વ ભૂમિકા પછી પાછા ૨૦૦૬ની એશીઝ તરફ પાછા ફરીએ. ૫ ટેસ્ટ મેચની સીરીઝમાં પ્રથમ ટેસ્ટ ઓસ્ટ્રેલિયા આસાનીથી જીતી ગયું. બીજી ટેસ્ટ મેચ એડીલેઇડ ઓવલમાં રમાયેલી. ઈંગ્લેન્ડે પ્રથમ બેટીંગ કરીને સાડા પાંચસો રન કર્યા અને દાવ ડીકલેર કર્યો. શરૂઆતી ધબડકા બાદ ઓસ્ટ્રેલીયા એ પણ સારી બેટીંગ કરી અને ૫૦૦ ઉપરાંત રન બનાવ્યા. લીડ બહુ મોટી નહોતી અને ટેસ્ટ મેચના ચોથા દિવસની સાંજ પડવા આવી હતી.

ટેસ્ટ સીરીઝમાં પહેલેથી ૧-૦થી આગળ હોવાથી કોચ બુકનાન અને ટીમ મેનેજમેન્ટે 'સેફટી ફર્સ્ટ' અપનાવવા પ્લાન-બી અમલમાં મૂકવા નિર્ણય કર્યો.



**ક્રિકેટ કલાસિકસ**
**પ્રકાશ ભટ્ટ**

ટેસ્ટ મેચમાં હજુ ૧૧૦ કરતા વધુ ઓવર્સની રમત બાકી હતી. લીજન્ડ શેન વોર્ને પ્લાન-બીનો સખ્ત વિરોધ કર્યો. ઓસ્ટ્રેલીયાની નૈસર્ગિક આક્રમક રમત જ રમવાના હિમાયતી શેન વોર્ને દલીલ કરી કે આ ટેસ્ટ મેચ હજુ આપણે જીતી શકીએ છીએ. પીચ તો હજુ બેટીંગ માટે ખુબ સારી હતી. આમ છતાં શેન વોર્નની વાત સાથે મેકગ્રા. બ્રેટલી અને કેપ્ટન પોન્ટીંગ સંમત થયા. ચોથા દિવસે સાંજે ઈંગ્લેન્ડની ટીમનો સ્કોર ૬૯ રન પર બે વિકેટ હતો પરંતુ ઓસ્ટ્રેલિયાની વળતા પ્રહારની વ્યુહરચનાએ બાજી પલટાવી નાખી. અચાનક જ પ્રેશરમાં આવી ગયેલ ઈંગ્લેન્ડ ટીમની બેટીંગ લડખડી ગઇ અને બીજી ફકત ૩૦ ઓવરમાં ફકત ૬૦ રન ઉમેરી કુલ ૧૩૦ રનમાં ઓલઆઉટ થઇ ગઇ. શેન વોર્ને ૪ વિકેટ લીધી જેમાં ડેન્જરસ બેટસમેન કેવીન પીટરસનને પગ પાછળથી કલીન બોલ્ડ કરેલા એ યાદગાર વિકેટ પણ સામેલ હતી.

જીત માટે ઓસ્ટ્રેલીયાને ૪ રનની એવરેજની ૧૭૦ રન કરવાના હતા. જે અંતિમ ઓવર્સમાં કરી નાખ્યા. સ્ટેડીયમમાં બેસેલા ઈંગ્લેન્ડના ફેન્સ અને 'બાર્મી આર્મી' માટે આ હાર સ્વીકારી શકાય એવી જ ન હતી. ૫ દિવસની મેચમાં જે ટીમે પ્રથમ ઈનીંગમાં સાડા પાંચસો રન કરી દાવ ડીકલેર કર્યો એ જ ટીમ હારી ગઇ હતી. હાર સામેની સલામતી માટે વિચારતી ટીમનો માનસિક જુસ્સો ફકત શેન વોર્ન જેવા ખેલાડીએ વધારીને પરીણામ પલટાવી નાખ્યું હતું. આ પરાજય પછી ઈંગ્લેન્ડની હાલત ખુબ જ કફોડી બની અને ૫ ટેસ્ટ મેચની શ્રેણીના ૫-૦થી પરાજય થયો.

કોચ બુકાનન અને લીજન્ડ શેન વોર્ન વચ્ચે ચકમક જરતી રહી પણ ઓસ્ટ્રેલીયાનો વિજય રથ ચાલતો રહ્યો, ત્રણ વિશ્વકપ (૧૯૯૯, ૨૦૦૩ અને ૨૦૦૭) અને ૨૬ શ્રેણી વિજય સાથે જોન બુકાનનનો એક કોચ તરીકેનો રેકોર્ડ અદ્વિતીય છે. તેમની કોચીંગ મેથડ અલગ હતી પણ પરિણામ દેતી હતી. માઇક હસી એ હમણા એક એવું પણ નિવેદન આપ્યું છે કે કોચ જોન બુકાનન એક જીનીયસ હતા. તેઓ જાણતા હતા કે તેમની મેથક શેન વોર્ન પસંદ નથી કરતા અને આમ છતાં તેઓ શેન વોર્નને છંછેડતા રહ્યા અને કોચને ખોટા પુરવાર કરવા પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી શેન વોર્ન ટીમને જીતાડવામાં મુખ્ય ફાળો આપતા રહ્યા. અને હા, શેન વોર્ન દ્વારા અનેકવાર કરવામાં આવેલ અભદ્ર અને અપમાનજનક ટીપ્પણીઓ સામે કોચ બુકાનને કયારેય કોઇ આપતીજનક નિવેદન ન આપ્યું. બંને વ્યકિતઓ પોતપોતાના ક્ષેત્રમાં અદભુત રીતે પ્રદાન કરતા ગયા. જોવા જેવી વાત એ છે કે કોચ અને મહાન ખેલાડી વચ્ચેના તિવ્ર મતભેદો વચ્ચે પણ ટીમ તો જીતતી જ રહી.

# રાહુલ ગાંધી અને બહેન પ્રિયંકા આવતીકાલે પ્રયાગરાજમાં મહાકુંભમાં ડૂબકી લગાવશે



નવીદિલ્હી,તા.૧૫

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને તેમની બહેન સાંસદ પ્રિયંકા ગાંધી મહાકુંભમાં ડૂબકી લગાવવા પ્રયાગરાજ જઈ શકે છે. જેના માટે ઉત્તર પ્રદેશ કોંગ્રેસને તૈયાર કરવામાં આવી રહી છે. રાહુલ ગાંધી પ્રયાગરાજ ક્યારે જશે તે વિશે હજુ સુધી કોઈ સત્તાવાર તારીખ જાહેર કરવામાં નથી આવી. પંરતુ, જલ્દી આ મુદ્દે નિર્ણય લેવામાં આવશે તે નક્કી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ૧૬ ફેબ્રુઆરીના દિવસે પવિત્ર સ્નાન માટે મહાકુંભ જઈ શકે છે. પહેલાં તેઓ ૪ ફેબ્રુઆરીએ મહાકુંભ જવાના હતાં પરંતુ, સંસદ સત્રના કારણે તેને મુલતવી રાખવામાં આવ્યું. સંસદ સત્રનો પહેલો તબક્કો હવે સમાપ્ત થઈ ચુક્યો છે. એવામાં થોડા સમયમાં રાહુલ ગાંધી પ્રયાગરાજ પહોંચી શકે છે. નોંધનીય છે કે, ૨૬ માર્ચના દિવસે મહાકુંભ સમાપન થઈ જશે.

### રશિયાની દારૂ બનાવનારી કંપનીની હરકત

# દારૂની બોટલ પર ગાંધીજી, મધર ટેરેસા, ઓમની તસ્વીરો છપાતા વિવાદ

## સોશ્યલ મીડિયા પર લોકોએ આક્રોશ ઠાલવ્યો




નવીદિલ્હી,તા.૧૫

મહાત્મા ગાંધી, મધર ટેરેસા અને નેલ્સન મંડેલા જેવી મહાન વ્યક્તિઓની બિયર અને દારૂની બોટલ પર છપાયેલી તસવીર હાલ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે. તેનાથી લોકો વચ્ચે એક નવા વિવાદે જન્મ લીધો છે. આ સિવાય ગાંધીજીની તસવીરવાળી બિયરની બોટલ પર ૐ દર્શાવેલું હોવાથી લોકોની ધાર્મિક ભાવના પણ દુભાઈ છે. આ કૃત્ય રશિયાની એક દારૂ બનાવનાર કંપનીએ કર્યું છે.રશિયાની કંપનીની આ હરકતને લઈને એવું પણ જણાવવામાં આવ્યું કે, આ કોઈ નવી AI જનરેટેડ બિયરની બોટલના ફોટા નથી. હકીકતમાં બિયરની બોટલ અને કેન પર આ મહાન લોકોની તસવીર લગાવવામાં આવી છે. કારણ કે, આ બિયર બનાવનારી કંપની દ્વારા પણ સોશિયલ મીડિયા હેન્ડલ પર આ ઉત્પાદનોના ફોટો સહિત ડિટેલ આપવામાં આવી છે.

સોશિયલ મીડિયા પર આ બિયરના ફોટો ખૂબ વાઈરલ થઈ રહ્યા છે. મોસ્કોના સર્ગિએવ પોસાદ સ્થિત રેવોર્ટ બ્રૂઅરી કંપની આવી બિયરની બોટલ બનાવી રહી છે. બોટલ પર લગાવવામાં આવેલા ગ્રાફિક્સ હાલ વાઈરલ થઈ રહ્યાં છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ અને એક્સ પર અનેક લોકોએ આવા મહાન લોકોની તસવીર લાગેલી બિયરની બોટલના ફોટો અને વીડિયો શેર કરતાં આકરી ઝાટકણી કાઢી છે. એટલું જ નહીં રેવોર્ટ બ્રૂઅરીએ પણ પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર આ ઉત્પાદનોના ફોટા શેર કર્યાં છે.

આ પહેલાં ૨૦૧૯માં એક ઈઝરાયલની કંપનીને પોતાની દારૂની બોટલ પર ગાંધીની તસવીર લગાવવા માટે ફટકાર લગાવવામાં આવી હતી.

### લેન્ડ ગ્રેબિંગ એકટના મામલામાં ગુજરાત હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો

# એક જ કેસ હોય તો પણ લેન્ડ ગ્રેબિંગ તથા IPC ની FIR ‘કલબ’ ન થઈ શકે

**લેન્ડ ગ્રેબિંગ એકટમાં ખાસ અદાલતને જમીનનો કબ્જો અપાવવા સહિતના ખાસ અધિકાર, આઈપીસીની એફઆઈઆર સાથે જોડી દેવાની છુટ્ટ અપાય તો ફરિયાદીનાં હકકને નુકશાન થાયઃ એક જ કેસનાં બે ગુનામાં અલગ-અલગ ટ્રાયલ ચલાવવા આદેશઃ ૭૭ પાનાના વિસ્તૃત ચુકાદામાં મહત્વપૂર્ણ અવલોકન**




અમદાવાદ તા.૧૫

લેન્ડ ગ્રેબીંગ કાયદાને લગતા એક મહત્વના ચુકાદામાં ગુજરાત હાઈકોર્ટનાં જસ્ટીસ નિરવ મહેતાએ જમીન હડપનારા આરોપીઓ સામે આઈપીસી (ઈન્ડીયન પીનલ કોડ) તથા લેન્ડ ગ્રેબીંગ એમ બન્ને કાયદા હેઠળ ફોજદારી કેસ ચલાવવાની મંજુરી આપી હતી.

વડોદરા જીલ્લામાં એક જ જમીન પરના કેસમાં સમાન આરોપીઓ હોવા છતાં ગુના કલબ કરીને એક સાથે ટ્રાયલ ચલાવવાની માંગ હાઈકોર્ટે ફગાવી દીધી હતી. આ કેસમાં આરોપી સામે વર્ષ ૨૦૨૧ માં આઈપીસી કલમ હેઠળ ગુનો દાખલ થયો હતો અને સમાન પ્રકરણમાં પછી લેન્ડ ગ્રેબીંગ કાયદા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

બન્ને કેસ કલબ કરીને ટ્રાયલ સાથે ચલાવવાનાં હાઈકોર્ટનાં ઈન્કારનો ચુકાદો ઘણો મહત્વનો બની જાય છે. કારણ કે આરોપી સામે બન્ને કાયદા હેઠળ અલગ ટ્રાયલ ચાલશે.

પક્ષકારોની દલીલો તથા કાયદાકીય જોગવાઈઓને ટાંકીને હાઈકોર્ટે ૭૭ પાનાના ચુકાદામાં એમ કહ્યું કે આઈપીસી હેઠળ દાખલ થયેલો ગુનો બીજા સાથે સંલગ્ન ગણી ન શકાયા.

બન્ને કાયદા હેઠળ દાખલ થયેલા ગુના અલગ છે એટલુ જ નહિં બન્ને કેસોમાં પુછપરછ તપાસ અને ટ્રાયલ પણ અલગ રહી છે. ત્યારે બન્ને સમાન કે એક ગુના ગણી ન શકાય. પરિણામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળની બીજી એફઆઈઆરને ઈન્ડીયન પીનલ કોડની પ્રથમ એફઆઈઆર સાથે કલબ ન કરી શકાય ગુજરાત લેન્ડ ગ્રેબીંગ કાયદાની કલમ ૭,૯,૧૧ તથા ૧૨ અને સીઆરપીસીની કલમ ૪ (૨) ની જોગવાઈઓનો આમા ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

હાઈકોર્ટે એવુ મહત્વનું અવલોકન કર્યું હતું કે લેન્ડ ગ્રેબીંગ કાયદા હેઠળની એફઆઈઆર રદ કરીને પ્રથમ એફઆઈઆરમાં કલબ કરીને તપાસ થવાના સંજોગોમાં ફરીયાદી તરફ પૂર્વગ્રહની છાપ ઉપસી શકે.

લેન્ડ ગ્રેબીંગ કાયદામાં ખાસ અદાલતને ફોજદારી ઉપરાંત દિવાની પાસા નકકી કરવાનાં પણ ખાસ અધિકાર આપવામાં આવ્યા છે. ઉપરાંત જમીનનો કબ્જો સોંપવાની પણ સતા છે. આમ આરોપીને સજા કરાવવા ઉપરાંત જમીનનો કબ્જો મેળવવાનાં ફરીયાદીનાં હકક માટે આ જરૂરી છે. લેન્ડ ગ્રેબીંગ કાયદાને આઈપીસીની પ્રથમ એફઆઈઆર સાથે જોડી દેવાથી ફરીયાદીનાં અધિકારને નુકશાન થઈ શકે છે.

### રાજકોટમાં વાવડી પોલીસ ચોકીની નજીકમાં જ ગુનેગારો બેફામ બન્યાં

# વ્હેલી સવારે કુખ્યાત પેંડા ગેંગના સાગરીત પર ગોળી ધરબી હત્યાનો પ્રયાસ

**પુનિતનગરના ટાંકા પાસે પરેશ ગઢવી મિત્રો સાથે બેઠો હતો ત્યારે વર્ના કારમાં ધસી આવેલાં છ શખ્સોમાંથી નામચીન સમીર ઉર્ફે મુરઘાએ ફાયરીંગ કરતાં પગમાં ગોળી ઘુસી ગઈ, આરોપીઓ ફરારઃ ઉત્તરાયણ પર યુવતી મામલે ગોકુલધામ કવાર્ટરમાં થયેલ અદાવત કારણભૂત**

રાજકોટ. તા.૧૫

રાજકોટ શહેરમાં દિન પ્રતિદિન હત્યા, હત્યાના પ્રયાસ, લૂંટ, ચોરી, ફાયરીંગ સહિતના બનાવો વધી રહ્યાં છે. જાણે કે, કાયદાનું કોઈ અસ્તિત્વ જ ન હોય તેમ એક બાદ એક ગુનાને લુખ્ખાઓ અંજામ આપી રહ્યાં છે. ત્યારે વધું એક ફાયરીંગની ઘટના સામે આવી છે. રાજકોટમાં વાવડી પોલીસ ચોકીની સામે જ વ્હેલી સવારે કુખ્યાત પેંડા ગેંગના સાગરીત પર ગોળી ધરબી હત્યાનો પ્રયાસ કરવામાં આવતાં

(અનુસંધાન છઠ્ઠા પાને)



પુનિતનગર વિસ્તારમાં ફાયરીંગ કરી હત્યાના પ્રયાસના બનાવમાં સીસીટીવી ફુટેજ સામે આવ્યા હતાં.જેમાં કારમાં ધસી આવેલા શખ્સો ફાયરીંગ કરી ગોળી ધરબી નાસી છુટતાં જોવા મળી રહ્યાં છે.

**યુવકને ગંભીર હાલતમાં સારવારમાં ખસેડાયોઃ પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી ક્રાઈમ બસીયા સહિતના ઉચ્ચ અધિકારીઓ દોડી ગયાં**

**તાલુકા પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને એસઓજીની ટીમે આરોપીઓનું પગેરૂ દબાવવા ચક્રો ગતિમાન કર્યા, સોહિલ નામના આરોપીને એસઓજીએ દબોચી લીધો**

### હત્યાનો પ્રયાસ, આર્મ્સ એક્ટ હેઠળ કાર્યવાહીઃ ડીસીપી જગદીશ બાંગરવા



રાજકોટ. તા.૧૫

આજે વ્હેલી સવારમાં પુનિતનગરના ટાંકા પાસે ગઢવી યુવાન પર ફાયરીંગ કરી થયેલ હત્યાના પ્રયાસ ગુના મામલે ડીસીપી જગદીશ બાંગરવાએ સાંજ સમાચાર સાંજ સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, બનાવની ગંભીરતા દાખવી ત્રણ આરોપી સોહિલ, સમીર ઉર્ફે મરઘો અને નવાઝ તેમજ તપાસમાં ખુલે તે તમામ વિરુદ્ધ બીએનએસ એક્ટ ૧૦૯, ૧૧૮, ૬૧(૨) અને આર્મ્સ એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. તેમજ એક આરોપી સોહિલ નામના શખ્સને એસઓજીની ટીમે દબોચી પૂછતાછ હાથ ધરી હતી. તેમજ અન્ય આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.



રાજકોટના પુનિતનગર વિસ્તારમાં વ્હેલી સવારે ગઢવી યુવક પર ફાયરીંગ કરી હત્યાના પ્રયાસના બનાવમાં ઈજાગ્રસ્ત યુવક અને પગમાં ઘુસી ગયેલ ગોળીનું નિશાન જોઈ શકાય છે. તેમજ બનાવની જાણ થતા પોલીસ કમીશ્નર સહીતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતાં. (તસ્વીરઃ પંકજ શીશાંગીયા, સરફરાજ પઠાણ)

# ખુશીની રીંગટોનઃ BSNLએ ૧૭ વર્ષ બાદ પ્રથમ વખત નફો કર્યો

**જાહેર સાહસને ફરી દોડતું કરવાના મોદી સરકારના પ્રયાસોને સફળતાઃ જયોતિરાદિત્ય સિંધિયાની જાહેરાત**

નવી દિલ્હીઃ એક સમયે દેશની સૌથી મોટી ટેલીકોમ-સંદેશાવ્યવહાર સરકારી સાહસ તરીકે સ્થાન મેળવનાર ભારત સંચાર નિગમ લી. (બીએસએનએલ) એ ૧૭ વર્ષ બાદ નફાની ઘંટડી વગાડી છે. મોદી સરકારે આ એક સમયના જાયન્ટ સરકારી સાહસને માંદગીમાંથી બહાર લાવવા માટે જે ખાસ મીશન હાથ ધર્યું હતું અને રૂા.૩.૨૨ લાખ કરોડ રૂપિયા વધુ આ સાહસમાં રોકીને તેને શક્તિમાન કરવા પ્રયાસ કર્યા તે સફળ થયા છે અને ૧૭ વર્ષ બાદ પ્રથમ વખત બીએસએનએલએ તેના ડિસેમ્બર કવાટરમાં રૂા.૨૬૨ કરોડનો નફો દર્શાવ્યો છે.




કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી શ્રી જયોતિરાદીત્ય સિંધીયાએ આ એક ટર્નીંગ પોઈન્ટ ગણાવતા ઉમેર્યુ કે જે રીતે આ સરકારી સાહસમાં કર્મચારીઓની વિશાળ ફોર્જન સ્વેચ્છીક નિવૃતિ આપી, અન્ય ખર્ચમાં ઘટાડો કર્યો અને બીએસએનએલની સેવા ફરી એક વખત લોકો સ્વીકારે સક્ષમ બનાવી તેના કારણે આ જાહેર સાહસ હવે નફો કરતુ થયુ છે. બીએસએનએલ તેની સેવા ક્ષમતામાં મોટો વધારો કર્યો તેની આવક ૧૪થી૧૮% વધી છે.

જેમાં તેના સસ્તા મોબાઈલ ટેરીફને યશ જાય છે. આ ઉપરાંત તેની ફાયબર-ટુ હોમ અને તેની ઓપ્ટીકલ કેબલ સેવાને લીઝ પર આવીને કમાણી કરી છે. ઉપરાંત તેણે દેવા ઘટાડીને તથા અન્ય ખર્ચમાં કાપ મુકીને રૂા.૧૮૦૦ કરોડની રકમ બચાવી છે.

હવે ભારત સેવા નિગમ લી. તેની ફોર-જી સેવાને વિસ્તારશે. ૧ લાખ નવા ટાવર ઉભા કરવાના આયોજનમાં ૭૫૦૦૦ સ્થાપી દીધા છે અને ૬૦૦૦૦ કામ પણ કરવા લાગ્યા છે. સિંધિયાએ કહ્યું કે વર્ષના અંતે તમામ ટાવર કામ કરવા લાગશે. આમ ટેલીકોમમાં તે ભવિષ્યમાં નવી સ્પર્ધા ઉભી કરશે.

# હિટ એન્ડ રનના બે બનાવમાં બે યુવકના કરૂણ મોત



મૃતક જયેશભાઈ પટેલનો નિષ્પ્રાણ મૃતદેહ (તસવીર : પંકજ શિશાંગીયા)

**જીવરાજ પાર્કમાં રહેતા જયેશભાઈ પટેલ (ઉ.વ.૩૪) બાઈક પર જ્યોતિ સીએનસી ફેક્ટરીએ જતા હતા ત્યારે વાગુદળ બાલાજી વેફર્સ કારખાના પાસે અકસ્માત સર્જાયો**

**છાપરા નજીક કરિયાણુ લેવા નીકળેલા મૂળ બિહારના ઈન્દ્રજીત ચૌધરી (ઉં. વ. ૪૦)ને અજાણ્યા વાહને હડફેટે લેતા દમ તોડી દીધો**

રાજકોટ, તા.૧૫

છાપરા અને વાગુદળ પાસે હિટ એન્ડ રનના બનાવો સામે આવ્યા છે. જેમાં બે યુવકના મોત થયાં છે. છાપરા નજીક કરિયાણુ લેવા નીકળેલા ઈન્દ્રજીત મદનુ ચૌધરી (ઉં. વ. ૪૦)ને અજાણ્યા વાહને હડફેટે લેતા દમ તોડી દીધો હતો. જ્યારે રાજકોટમાં જીવરાજ પાર્કમાં, સ્પીડવેલ પાર્ટી પ્લોટ ખાતે રહેતા જયેશભાઇ પટેલ (ઉ.વ.૩૪) બાઈક પર જ્યોતિ સીએનસી ફેકટરીએ જતા હતા ત્યારે વાગુદળ બાલાજી વેફર્સ કારખાના પાસે અકસ્માત સર્જાયો હતો.

પ્રથમ બનાવની પ્રાપ્ત વિગત મુજબ જીવરાજપાર્કમાં જયેશભાઇ કાંતિલાલ પટેલ (ઉ.વ.૩૪) આજે સવારે નવેક વાગ્યે પોતાનું મોટરસાઇકલ લઇ ઘરેથી કાલાવડ રોડ ઉપર આવેલી જ્યોતિ સીએનસી કંપનીમાં નોકરીએ જતા હતા. ત્યારે બાલાજી વેફર્સ કારખાના સામે કોઈ અજાણ્યા વાહને બાઇકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. યુવક રોડ પર ઈજાગ્રસ્ત હાલતમાં જોવા મળતા જ્યોતિ સીએનસી કંપનીમાં જાણ થતા કંપનીના કમર્ચારીઓ દોડી ગયા હતા. બેભાન હાલતમાં જ તેમને સિવિલ હોસ્પિટલએ ખસેડવામાં આવતા દમ તોડી દીધો હતો. મેટોડા પોલીસને જાણ કરતા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતદેહ પીએમ માટે ખસેડ્યો હતો. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, મૃત્યુ પામનાર જયેશભાઇ બે ભાઈ એક બહેનમાં બીજા નંબરના હતા. બનાવથી પરિવારમાં ઘેરો કલ્પાંત સર્જાયો છે. મેટોડા પોલીસે અકસ્માત સર્જી નાસી જનાર વાહન ચાલકની શોધખોળ હાથ ધરી છે.

બીજા બનાવ અંગે પણ અજાણ્યા વાહન સામે ગુનો દાખલ થયો છે. ફરિયાદમાં બિગન ભગવાન ચૌધરી (ઉ.વ.૭૪, રહે. શાપર ગામ, અરોમા ફોર્જીંગ, રાજુ એંજીનીયરીંગ કંપનીની બાજુમાં, મુળ પટના,બિહાર)એ જણાવ્યું

(અનુસંધાન છઠ્ઠા પાને)

દુર્સ અને ટ્રાવેલ્સના શ્રેષ્ઠ વિકલ્પો મેળવો...
presents
HT EXPO
Hospitality & Travel expo 2025
FREE ENTRY
15 16 February 2025
Time : 10-00 am to 8-00 pm
Venue : Nutannagar Hall, Kalavad Road, Rajkot.
WIN i-Phone 14 In Lucky Draw
Surprise Gift For First 3000
Co-Sponsored By
Supported by
Our Proud Participants
Supported by :

**કાર રીમોટ**
ઓરીજનલ રીમોટ સેલ (પાવર) ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

**અરજન્ટ 2BHK ફલેટ વેચવાનો છે**
૧૫૦ ફુટ રીંગ રોડથી તદન નજીક (આસ્થા રેસીડેન્સીની પાછળ)
• બ્રોકર આવકાર્ય છે •
Mo. 84278 08182

**જુનુ મકાન વેચવાનું છે**
282 વારમાં 3 BHK
કાલાવડ રોડ, પુષ્કરધામ રોડ નજીક, રાજકોટ
84695 30472

**કેસર ઢાણી**
KEBAB AND SIZZLER FOOD FESTIVAL
Wednesdays • Saturdays • Sundays
7:30 pm to 10:30 pm
Near All India Radio Tower, Jamnagar Road, Rajkot.
+91 99789 55595 | +91 99090 33330

**રાવકીમાં પ્રાઈમ લોકેશન**
શેડ વેચવાનો છે ૧૭૫ વાર
બાલાજી-૨ માં ઈન્ડસ્ટ્રીયલ શેડ
16 KVA લાઈટ કનેકશન, પાણી, ઓફિસ તથા મજુરોને રહેવા માટેની રૂમો સાથે
99251 28855

**પ્રા. લી. કંપની માટે ઓફિસ ભાડેથી જોઈએ છે**
૨૫૦ થી ૩૦૦ સ્કે.ફુટ, ૪ થી ૫ સીટીંગ તથા એક બોસ ચેમ્બર, ફર્નિશ્ડ
લોકેશન : ૧૫૦ ફુટ રીંગ રોડ, નાના મવા રોડ, કાલાવડ રોડ.
98797 98895

**બ્લોક વેચવાનો છે**
૧૦૦૦ સ્કે. ફુટ જગ્યા, લીફટ છે, બીજા માળે, બાલ્કની સાથે, સમીર એપાર્ટમેન્ટ, ડો. યાજ્ઞિક રોડ,
૯૪૨૮૨ ૭૧૭૨૮

**લોન... લોન... લોન...**
પર્સનલ લોન માટે મળો
જરૂરી ડોકયુમેન્ટ આધારકાર્ડ, પાનકાર્ડ બેંક પાસબુક, વધુ માહિતી માટે સંપર્ક કરો
મો.96019 53447
મો.97246 80034

**ઓફિસ/શોપ ભાડે/વેચવાની છે**
૧૬૦ ફીટ ડૂપ્લેક્સ, ફુલ્લી ફર્નીશ્ડ વીથ એસી, શોપ નં. ૧૧૦, નક્ષત્ર-૮, સાધુ વાસવાણી રોડ, રાજકોટ.
સંપર્ક : M. 8200933080

**કોમર્શિયલ માટે બેસ્ટ લોકેશન મકાન-દુકાન સાથે વેચવાનું છે**
મવડી ચોકડીથી આગળ ઓમનગર સર્કલ, ૪૦ ફુટ રીંગ રોડ
Mo. 70168 83806

**જોઈએ છે**
કોમ્પ્યુટર ઓપરેટર
- MSOffice તથા અંગ્રેજીનું જ્ઞાન જરૂરી
– એક્ષપોર્ટ ડોકયુમેંટેશનનું નોલેજ જરૂરી
– ૧ વર્ષનો અનુભવ જરૂરી
હાઉસકિપીંગ બોય
બન્ને પોસ્ટ ફુલ ટાઈમ માટે જ છે તથા ઉંમર વર્ષ ૨૦થી ૩૫
ફોન કરીને રૂબરૂ મળોઃ બપોરે ૩થી ૬
AJI G.I.D.C., રાજકોટ
સંપર્કઃ મો.98240 43773

**કોકાકોલા કંપનીની પ્રોડકટસ માટે ડીલીવરીમેન જોઈએ છે**
(ટાટા એસ ચલાવી શકે તેવા) લાયસન્સ હોવુ જરૂરી
બાલાજી એન્ટરપ્રાઈઝ
મનહરપુર ગામ-૧, સિધ્ધી વિનાયક હોન્ડાની પાછળ, રવેચી હોટલવાળી શેરી, દ્વારકાધીશ પેટ્રોલ પંપની સામે, જામનગર રોડ, રાજકોટ.
મો.99041 64444